કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ ચુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૦ એપ્રિલ, ૨૦૨૬ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૯૪ ◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ-૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## જેનો ડર હતો એ જ થયું : સિઝ ફાયર તુંટયુ

# ઈરાન-અમેરીકા વચ્ચે નવેસરથી ડખ્ખો

તહેરાન : એક બાજુ જયાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોની તૈયારીઓ ચાલે છે અને બધુ ઠીક થવાના સંકેત મળી રહ્યા હતા ત્યાં વળી પાછો ખતરો તોળાઈ રહ્યો છે. કારણ કે એવા સમાચાર મળી રહ્યા છે કે અમેરિકાએ ઈરાનનું જહાજ રોક્યું ત્યાં ઈરાને પણ હવે વળતો પ્રહાર કરી નાખ્યો. જેના કારણે સીઝફાયર પર સંકટ આવી ગયું છે. રિપોર્ટ્સ મુજબ ઈરાની દળોએ ઓમાન સાગરમાં અમેરિકી સેનાના જહાજો પર હુમલો કર્યો

અનુસંધાન પાના નં.૪ પર

## ક્રોસ વોટીંગ થયું તો સમજો બધાય ગયા !

## ગાંધીધામમાં પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટની ચેતવણીથી કઈકના શ્વાસ અદ્ધર



વોર્ડ. નંબર ૨મા કાર્યાલય ઉદઘાટન સમયે શ્રી બ્રહ્મભટ્ટનું મોટું નિવેદન : ગુજરાત પ્રદેશ મહામંત્રી અજયભાઇ બ્રહ્મભટ્ટની ઉમેદવારોને કડક ચેતવણી : **"ચૂંટાયા પછી પ્રજા વચ્ચે રહેવું પડશે"**

**પક્ષવિરોધીઓ મુદ્દે પ્રદેશ મહામંત્રીનું સાંજ સુધીનું અલ્ટીમેટમ : શ્રી બ્રહ્મભટ્ટે ગાંધીધામમાં જિલ્લા તથા સ્થાનિક સંગઠનને આપ્યો સીધો નિર્દેશ : મહાનગરપાલીકા - તાલુકામાં જે કોઈ પણ પક્ષવિરોધી પ્રવૃતીઓ કરી રહ્યા છે તેની સામે કરો લાલઆંખ : પક્ષની વિચારધારાને અનુસરવા મનાવો, આજે સાંજ સુધીમાં ન માને તેમને કરો સસ્પેન્ડ : શું કાર્યવાહી કરવામાં આવી તેનો અહેવાલ પ્રદેશ સ્તરે અમને મોકલાવો?**

**"જો પેનલ તૂટી તો જીતેલા ઉમેદવારોને પણ કોઈ હોદ્દો નહીં મળે" : અજયભાઇ બ્રહ્મભટ્ટ**

### ૨૦૨૭ ની વિધાનસભાની સેમીફાઈનલ માનીને કામે લાગી જવા કાર્યકરોને આહ્વાન

ગાંધીધામ : ગાંધીધામ નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ભાજપ દ્વારા વોર્ડ સ્તરે ચૂંટણી કાર્યાલયોના ઉદ્ઘાટન શરૂ કરી દેવામાં આવ્યા છે. ગાંધીધામના વોર્ડ નંબર ૨ ના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાત પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે ઉમેદવારો અને કાર્યકરોને સંબોધતા અત્યંત મહત્વનું નિવેદન આપ્યું હતું.

ગાંધીધામ નગરપાલિકાના વોર્ડ નં. ૨ ના ભાજપના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટનો આક્રમક અંદાજ જોવા મળ્યો હતો. તેમણે મનપાના ઉમેદવારોને સ્પષ્ટ શબ્દોમાં શિખામણ આપી હતી કે, આ કાર્યાલય માત્ર મત માંગવા પૂરતું મર્યાદિત ન રહેવું જોઈએ. જીત્યા પછી પણ પાંચ વર્ષ સુધી જનતાની સેવા માટે આ કાર્યાલય ધમધમતું રહેવું જોઈએ.

## ભાજપના શાસનમાં કચ્છનો બેનમુન વિકાસ થયો : ફલજીભાઈ ચૌધરી

**કચ્છની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના ભાજપના પ્રભારીશ્રી ફલજીભાઈ ચૌધરીએ ગાંધીધામમાં વિવિધ કાર્યાલયોના ઉદઘાટન પ્રસંગે પ્રજાજનો સમક્ષ વ્યકત કર્યો વિશ્વાસ : નરેન્દ્રભાઈ મોદીજી, ભુપેન્દ્રભાઈ પટેલ, જગદીશ વિશ્વકર્માજીની વિકાસનીતી, સંગઠનશકિત સાથે આ ચૂંટણીમાં ભાજપ જવલંત વિજય મેળવશેની દર્શાવી ખાત્રી**



**વરસો પહેલા અમે કચ્છ આવતા તો ન્હાવા પણ પાણી નસીબ ન હોતુ થતુ, આજે સરહદી છેવાડાના વિસ્તારોમાં નર્મદાજળ લહેરાઇ રહ્યા છે, ફલજીભાઈએ ભાજપની વિકાસ ગાથા વર્ણવી અને કોંગ્રેસને લીધી બરાબરની આડેહાથ**

**કચ્છઉદય અખબારના મોભી ગંગારામભાઈ ભાનુશાલીની કચ્છ પ્રત્યેની કર્મનિષ્ઠા સરાહનીય છે, તેઓ જિલ્લાના વિકાસને લગતી રજે-રજની સચોટ માહીતીઓની ખબર રાખે છે અને લોકો સુધી પણ ઝડપથી પહોચાડે છે, અને કોઈની ભુલ થાય તો કાન આમળતા પણ તેઓ વાર નથી કરતા..! : ફલજીભાઈ ચૌધરી(પ્રભારીશ્રી, કચ્છ સ્થાનિક સ્વરાજય ચૂંટણી)**

ગાંધીધામ : ગુજરાતની સાથે કચ્છમાં પણ સ્થાનિક સ્વરાજયનો જંગ હવે તેના મતદાન ભણી આગળ ધપતો જોવાઈ રહ્યો છે ત્યારે ભાજપ દ્વારા પણ પ્રચાર-પ્રસાર પુરજોશમાં અગળ ધપાવાઈ રહયો છે. દરમ્યાન જ પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ શહેરમાં પણ ભાજપના ઉમેદવારોના વિવિધ કાર્યાલયોના ઉદઘાટાન પ્રસગે કચ્છના સ્થાનિક સ્વરાજયના પ્રભારી શ્રી ફલજીભાઈ ચૌધરીએ ભાજપના ઉમેદવારોનો અંતિમ ધ્યેય પ્રજાસેવા-લોકસેવા છે અને તેના માટે તે સદાય ખડેપગે રહેશે તેવી ખાત્રી આપી હતી.

આ તબક્કે ફલજીભાઈ ચૌધરીએ કહ્યુ હતુ કે, ભાજપના શાસનમાં કચ્છનો નેત્રદિપક વીકાસ થયો છે. થયોએ આ તબક્કે કોંગ્રેનસે આડેહાથ લઈ અને જણાવ્યુ હતુ કે, કોંગ્રેસમાં માત્ર અને માત્ર પરીવારવાદ જ રહેલો છે. ભાજપમા નાનામાં નાનો વ્યકિત પીએમ અને સીએમ બની શકે છે જયારે કોંગ્રેસ તો વારસાદગત રાજનીતી ધરાવી રહી છે. તેઓએ કહ્યુ કે કોંગ્રેસના રાજમાં વીજળ-પાણી જેવી માળાગત સુવિધા પણ કચ્છમાં ન હોતી આજે કચ્છ નર્મદાજળથી નંદનવન બની જવા પામ્યું છે. આ તબક્કે ખાસ કરીને ફલજીભાઈ ચૌધરીએ કચ્છઉદય અખબાર અને તેના મોભી શ્રી ગંગારામભાઈ ભાનુશાળીની કચ્છ પ્રત્યેની કર્મનિષ્ઠાનો ખાસ ઉલ્લેખ કરી અને કહ્યુ હતુ કે, કચ્છના વિકાસને લગતી તમામ બાબતે તેઓ રજેરજની ખબર રાખે

અનુસંધાન પાના નં.૪ પર

### ગઝવા-એ-હિન્દથી પ્રભાવિત આતંકી ઝડપાયો

## રામ મંદિર - સંસદ ભવન પર આતંકી હુમલાનું કાવતરું નિષ્ફળ

### ઝડપાયેલા મોસૈબે દિલ્હીના સંવેદનશીલ વિસ્તારોની રેકી કરી હતી, સોશિયલ મીડિયા પર કટ્ટરવાદ ફેલાવતો હતો

આઝમગઢ : દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે મહારાષ્ટ્રના થાણે, કાંદિવલી સ્થિત આઝમી ચાલ પાસેથી ૩૨ વર્ષના મોસૈબ ઉર્ફ સોનૂ કલામની ધરપકડ કરી છે. આ ધરપકડ બાદ એજન્સીઓ સતર્ક થઇ ગઇ છે. તપાસમાં સામે આવ્યું છે કે મોસૈબ દિલ્હીમાં સંવેદનશીલ વિસ્તારોમાં રેકી કરી રહ્યો હતો. રેકી કરવા ઉપરાંત સોશિયલ મીડિયા પર કટ્ટરવાદનું નેટવર્ક પણ ફેલાવી રહ્યો હતો. દિલ્હી પોલીસે મોસૈબ પાસેથી સોશિયલ મીડિયા ગ્રુપો દ્વારા ડિજિટલ સ્લીપર સેલ જોડવા, વિવિધ ગ્રુપ પર રમકડાની કારમાં બોમ્બ, અન્ય બોમ્બ કેવી રીતે બનાવવા વગેરેની ચેટ ઝડપાઇ છે. ધરપકડ કરાયેલ મોસૈબ જિહાદ ગઝવા-એ-હિન્દથી પ્રભાવીત હતો. આ સંગઠન અયોધ્યાના રામ મંદિર, નવુ સંસદ ભવન અને મુખ્ય સૈન્ય મથકો પર વિસ્ફોટ અથવા આત્મઘાતી હુમલાનું કાવતરુ ઘડી રહ્યું હતું. મુળ મહરાજગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના સિકંદપુરનો રહેવાસી મોસૈબનો પિતા ઈફતેકાર શેખ આશરે ૧૨ વર્ષ પહેલા અહીંયા પરિવાર સાથે રહેવા આવ્યા હતા. મોસૈબ ૧૫ વર્ષ પહેલા રોજગારીની શોધખોળમાં મહારાષ્ટ્ર જતો રહ્યો હતો. જ્યાં તે પરિવારના લોકોની સાથે રહીને કામ કરવા લાગ્યો હતો. બાદમાં તેના પિતા અને પરિવારના અન્ય લોકો વિદેશ જતા રહ્યા હતા. હાલ મોસૈબની પૂછપરછ કરાઇ રહી છે.

### કાશ્મીરમાં અત્યંત ભયાનક અકસ્માત: ૧૫ના મોત

નવી દીલ્હી : જમ્મુ અને કાશ્મીરના જમ્મુ વિસ્તારના રામનગરથી ઉધમપુર જતી એક પેસેન્જર બસ બેકાબૂ થઈને પહાડથી નીચે ખાબકી. એવું કહેવાય છે કે ડ્રાઈવરે અચાનક કાબૂ ગુમાવ્યો અને ત્યારબાદ બસ પલટી ગઈ અને પહાડથી નીચે પડી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયા છે.કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે જણાવ્યું કે થોડીવાર પહેલા જ મે ઉધમપુરના ડીસી શ્રી મિંગા શેરપા સાથે વાત કરી.

## અમેરિકા-ઈરાન વિવાદમાં તેલની કિંમતોમાં ૭%નો ઉછાળો : મોંઘવારી વધવાના સંકેત




અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની સીધી અસર હવે વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિ અને શાંતિ વાટાઘાટો નિષ્ફળ રહેવાના સંકેતો વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં આગ લાગી છે.રવિવારે ટ્રેડિંગ શરૂ થતાની સાથે જ તેલના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. બ્રન્ટ ક્રૂડ (: કિંમતો આશરે ૬.૫% વધીને ૯૬.૨૫ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે.WTI ક્રૂડઃ અમેરિકી કાચા તેલની કિંમતમાં પણ ૬.૪% નો વધારો થતા ભાવ ૮૭.૮૮ ડોલર પ્રતિ બેરલ થઈ ગયા છે.થોડા દિવસો પહેલા એવી અપેક્ષા હતી કે ઈસ્લામાબાદમાં યોજાનારી બીજા રાઉન્ડની વાટાઘાટોથી તણાવ ઘટશે. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની બંદરોની નાકેબંધી ચાલુ રાખવાની જાહેરાત કરતા જ સ્થિતિ વણસી છે. અમેરિકાએ ઈરાની જહાજને કબજે કર્યા બાદ અને ઈરાને અમેરિકી નેવી પર ડ્રોન હુમલા કર્યાના અહેવાલોથી બજારમાં ગભરાટ ફેલાયો છે.ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેનો આ જંગ હવે આઠમાં અઠવાડિયામાં પ્રવેશ્યો છે. આ વિવાદે દાયકાના સૌથી મોટા ઉર્જા સંકટને જન્મ આપ્યો છે. એશિયા અને યુરોપના એવા દેશો જે ખાડી દેશો પર તેલ માટે નિર્ભર છે, તેમને સપ્લાયમાં અડચણ અને વધતી કિંમતોને કારણે સૌથી વધુ આર્થિક ફટકો પડી શકે છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ



**આજકાલ તમે મારાથી પણ વધારે તે આ 'આચાર સંહિતા'થી કરો છો ...!**

## દિલ્હીના નેતાઓ વગર ગુજરાત ભાજપની કસોટી! હાઈકમાન્ડ પાંચ રાજ્યોની ચૂંટણીમાં વ્યસ્ત, પ્રદેશ નેતાઓના ખભે ભાર

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જવાબદારી ગુજરાત ભાજપના ખભે નાંખી દેવાઈ છે. ભાજપના ટોચના નેતાઓ આસામ સહિત પાંચેય રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત થયાં છે જેના કારણે દિલ્હીથી ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ચૂંટણી પ્રચાર માટે ગુજરાત આવશે નહીં. માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મતદાન માટે અમદાવાદ આવે તેવી શક્યતા છે.દેશના કેરળ, આસામ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ભાજપનું શીર્ષ નેતૃત્વ આ ચૂંટણીમાં વ્યસ્ત બન્યું છે. ટોચના બધા નેતાઓ ચૂંટણી પ્રચારમાં જોડાયાં છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની બધીય જવાબદારી ગુજરાત ભાજપના ખભે નાંખી દેવાઈ છે જેના પગલે સ્ટાર પ્રચારકો તરીકે સ્થાનિક નેતાઓ જનસભા ગજવી રહ્યા છે. હવે જ્યારે ચૂંટણીને આડે છ દિવસ બાકી રહ્યાં છે ત્યારે એકેય રાષ્ટ્રીય નેતા હજુ સુધી ગુજરાત આવ્યા નથી.

આ ઉપરાંત વિધાનસભાની સેમિફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જીતવી ભાજપ માટે જરૂરી છે જેના પગલે મંત્રીઓ, ભાજપના પ્રદેશ નેતા અને કાર્યકરોને પણ પાંચેય રાજ્યમાં પ્રચાર માટે મોકલવામાં આવ્યા નથી. અત્યારે બધાને ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી જીતાડવાના કામે લગાડી દેવાયાં છે. એટલું જ નહીં, આ વખતે તો ધારાસભ્યો, સાંસદોથી માંડીને પ્રદેશ નેતાઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જીતવાની જવાબદારી સોંપાઈ છે. એટલું જ નહીં, ગત વખત કરતા સારું પરિણામ આવે તે માટે ચૂંટણી આયોજન કરાયું છે.



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ગાંધીધામ
તા. ૨૦-૦૪-૨૦૨૬

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

**વૈશાખ સુદ-3, તા.૨૦ એપ્રિલ, સોમવાર**

# “જો જીતા વો સિકંદર”

ગુજરાતના રાજકારણમાં એક કહેવત હંમેશા પ્રસ્તુત રહી છે - “જો જીતા વો સિકંદર”. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના બ્યુગલ ફૂંકાયા બાદ જે પ્રકારના પરિણામો મતદાન પહેલા જ સામે આવ્યા છે, તે જોતા ભાજપે ફરી એકવાર પોતાની સંગઠન શક્તિ અને આક્રમક રણનીતિનો પરચો આપ્યો છે. મતદાન પેટીઓ ખૂલે તે પહેલા જ ૭૧૫ બેઠકો પર કેસરીયો લહેરાવો એ કોઈ સામાન્ય સિદ્ધિ નથી, પરંતુ એક સુનિયોજિત રણનીતિનું પરિણામ છે. આ વખતની ચૂંટણીમાં કુલ ૭૩૦ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, જે એક મોટો આંકડો છે. તેમાં સિંહફાળો (૭૧૫ બેઠકો) ભાજપના ફાળે જવો એ વિપક્ષો માટે આત્મમંથનનો વિષય છે. જ્યારે કોંગ્રેસ માત્ર ૧૨ અને અપક્ષો ૩ બેઠકો પર જ બિનહરીફ વિજય મેળવી શક્યા છે, ત્યારે સત્તાધારી પક્ષની પકડ કેટલી મજબૂત છે તે સ્પષ્ટ દેખાય છે. રાજકારણમાં વિજય મેળવવા માટે હવે માત્ર લોકસંપર્ક જ પૂરતો નથી. પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના સમયથી શરૂ થયેલી ‘ઓપરેશન લોટસ‘ જેવી વ્યૂહરચના હોય કે વિપક્ષી નેતાઓને પક્ષમાં ભેળવવાની નીતિ, ભાજપે આ વખતે તેને વધુ ધારદાર બનાવી છે. જગદીશ વિશ્વકર્મા અને તેમની ટીમે ગત વખત કરતા ત્રણ ગણી બેઠકો બિનહરીફ કરાવીને ચૂંટણીના પરિણામોની દિશા મતદાન પહેલા જ નક્કી કરી દીધી છે.

કેન્દ્રીય નેતૃત્વ દ્વારા સોંપાયેલી જવાબદારીઓને પાયાના સ્તર સુધી પહોંચાડવામાં ભાજપનું સંગઠન સફળ રહ્યું છે. વિપક્ષ જ્યારે હજુ મેદાન પકડવાની મથામણમાં છે, ત્યારે ભાજપે અડધી લડાઈ જીતી લીધી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. લોકશાહીમાં બિનહરીફ વિજય એ પક્ષની લોકપ્રિયતા અને રણનીતિની સફળતા હોઈ શકે છે, પરંતુ વિપક્ષની નબળાઈ પણ અહીં છતી થાય છે. અંતે, રાજકારણના આ ખેલમાં ભાજપે સાબિત કર્યું છે કે વિજય માટે માત્ર સભાઓ નહીં, પણ સચોટ ‘શિલ્પકલા’ જરૂરી છે.

## ગાંધીધામમાં ટ્રેન હડફેટે મૃત પામેલ યુવાનની ઓળખ માટે અપીલ કરાઈ




ગાંધીધામ - કચ્છ ઉદય : ગત ૧૫ તારીખે વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં મોડવદર ફાટકથી ગાંધીધામ જતા રેલવે પાટા પર માલગાડીની હડફેટે આવી જવાના કારણે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા યુવાનનું મોત થયું હતું. તેની લાશને રામબાગ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં સાત દિવસ માટે રાખવામાં આવી છે. પોલીસ દ્વારા લોકોને અપીલ કરાઈ છે કે, તેના વાલી - વારસોની જાણ હોય તો એ-ડિવિઝન પોલીસના નં.૬૩૫૯૬ ૨૬૮૪૦ પર જાણ કરવામાં આવે.

**ગઢશીશા વિસ્તાર ક.ક.પા. સમાજ સમૂહલગ્ન સમિતિ આયોજિત**

# અક્ષયતૃતિયાના સમૂહ લગ્નોત્સવમાં પાટીદાર સમાજના બાર નવદંપતિ સપ્તપદીની વેદીએ બંધાયા









**સમૂહલગ્ન સમિતિ દ્વારા છેલ્લા અઢાર વર્ષથી યોજાતા સમૂહલગ્નની સેવા આવકાર અને પ્રેરણાદાયી : દાતાઓની દિલેરીને વંદના**



ગઢશીશા - કચ્છઉદય:ગઢશીશા વિસ્તાર કચ્છ કડવા પાટીદાર સમાજ સમુહલગ્ન સમિતિની કાર્યપ્રણાલી અને વડીલોની સુઝબુઝ યુવા પેઢી માટે આવકાર દાયક બની રહી છે. દર વર્ષે અક્ષય તૃતીયાના શુભ અવસરે યોજાતા સમુહ લગ્નોત્સવમાં જોવા મળતો દાતોનો ઉત્સાહ અનેરો છે. સમુહલગ્ન સમિતિ દ્વારા સતત અઢારમાં સમુહલગ્નોત્સવમાં શાસ્ત્રી જયંતીભાઈ જોષીના આચાર્યપદે અને ભદેવોના વૈદિક મંત્રોચ્ચારો વચ્ચે સમાજ બાર નવદંપતિ સપ્તપદીની વેદીએ બંધાયા હતા.

ગઢશીશા પૂંજાણી હાઈસ્કૂલ પટાંગણ મધ્યે વિશાઈ શમીયાણામાં સમુહલગ્ન સમિતિના પ્રમુખ શામજીભાઈ નારણ નાકરાણીનાા અધ્યક્ષસ્થાને કરાયેલા આયોજનમાં સમિતિના વિવિધ પદાધિકારીઓ અને યુવક મંડળ તેમજ મહિલા મંડળના સંપૂર્ણ સહયોગ અને સમિતિના સભ્યોનું માર્ગદર્શન સરાહનીય રહ્યું છે.

અક્ષય તૃતીયાના શુભ અવસરે વહેલી સવારે ૭ કલાકે મંડપ મુહૂર્ત, ૮ કલાકે જાન આગમન, સવારે ૯ કલાકે સનાતન સંસ્કૃતિ મુજબ હસ્તમેળાપ વિધિવિધાન તેમજ ૧૧ વાગ્યે વડીલો અને સંતોના આશીર્વાદ વચ્ચે સમારોહ યોજાયો હતો. જેમાં દેવી ચંદુમાએ અંતરના આશીર્વાદ પાઠવતા નવદંપતિઓના જીવન સુખમય રહે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. સમિતિના ઉપપ્રમુખ હીરાભાઈ સેંઘાણીએ સૌને આવકાર્યા હતા.

આ પ્રસંગે હાજરી આપવા આવેલા સમાજ અને કચ્છનું ગૌરવ એવા કચ્છ યુનિવર્સિટીના ડો. મોહનભાઈ પટેલનું સમિતિ દ્વારા વિશિષ્ટ સન્માન કરાયં હતુ તેમજ ગઢશીશાને કોલેજ મળવા બદલ શુભેચ્છા પાઠવી હતી. ગઢશીશા શિક્ષણ વિકાસ સમિતિ રેખાબેન દવેનું પણ સન્માન કરાયું હતું. આ પ્રસંગે સમુહલગ્ન મહોત્સવમાં વિવિધ દાતાઓની દિલેરીને વધાવતા સમિતિ દ્વારા સન્માનીત કરાયા હતા. આયોજનને સફળ બનાવવા સમિતિના અધ્યક્ષ શામજીભાઈ નાકરાણી, ઉપપ્રમુખ નારણભાઈ ખીમજી ચૌહાણ, હીરાભાઈ માવજી સેંઘાણી, કેશુભાઈ ધનજી પારસીયા, મહામંત્રી જયેશભાઈ છાભૈયા, મંત્રી કલ્યાણજી પારસીયા, જયંતીલાલ વાડીયા, મહેન્દ્રભાઈ રામાણી, ખજાનચી પરસોત્તમભાઈ વિશ્રામ વાસાણી, સહખજાનચી જીવરાજભાઈ સેંઘાણી, અરવિંદભાઈ શીવદાસ ધોળુ, યુવક મુડના પ્રતિનિધિઓ ચંદુભાઈ ઉકાણી, હરેશભાઈ રંગાણી, રમેશભાઈ ચૌહાણ, કિશોરભાઈ દિવાણી, જયદીપ દીવાણી, રસિકલાલ સેંઘાણી તેમજ મહિલા મંડળના પ્રતિનિધિ કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. સંયુક્ત સંચાલન મહેન્દ્રભાઈ રામાણી અને ચંદુભાઈ ઉકાણીએ કર્યું હતું.

## બિયર સાથે કેક કાપતો વીડિયો વાયરલ થતા પોલીસે અટકાયતી પગલાં ભર્યા



ભુજ - કચ્છ ઉદય : શહેરના વાલ્મીકિનગરમાં રહેતા પારસ રમેશગર ગુંસાઈનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તે પોતાના બર્થડે નિમિત્તે કારની બોનેટ પર કેક અને બીયર રાખી બીયર પીતા પીતા કેક કાપે છે. આ વીડિયો વાયરલ થતા એલસીબીએ તેને શોધી ગુનો દાખલ કરાવ્યો હતો. તેની પાસેથી બીયરના ટીન અને લોખંડનો પાઈપ મળી આવતા પ્રોહિબિશન અને કલેક્ટરના જાહેરનામા ભંગ સંદર્ભે ગુનો દાખલ કરાવ્યો હતો. અન્ય આરોપી અજય લોહરા હાજર મળી આવ્યો નથી.

## નાના વરનોરામાં બંદૂક સાથે યુવક પકડાયો



ભુજ - કચ્છ ઉદય : તાલુકાના નાના વરનોરા ગામે બંદૂક સાથે યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે નાના વરનોરાના સૈફુન જભાર મમણને પકડી ૨ હજારની બંદૂક કબજે કરવામાં આવી હતી. તેની પાસેથી આધાર-પુરાવા મળી આવ્યા ન હતા.

## વાયોર વિસ્તારમાં કેબલ ચોરી કરનારા ત્રણ પકડાયા



ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના વાયોર પોલીસની હદમાં આવતા કોસા, કરમટા સહિતના ગામોમાંથી પવનચક્કીના વાયરની ચોરી કરવામાં આવી હતી. જે બનાવમાં એલસીબીએ તપાસ કરીને ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. જેમાં ભદ્રા વાંઢના હસણ સિદિક મોકરશી, કોસાના ઓસ્માણગની જાકબ મંધરા, સાહિલ અબ્દુલ ગજણને પકડી ૨.૧૦ લાખના ૩૦૦ કિલો વાયર કબજે કરવામાં આવ્યા હતા. આરોપીઓએ જણાવ્યું કે, તેઓએ ૨૦ દિવસ અગાઉ કોસા ગામની સીમમાં આવેલી પવનચક્કીઓમાંથી ચોરી કરી હતી. આરોપી શકુર જુણસ ગજણને પકડવાનો બાકી છે.

## ગાંધીધામથી ગુમ થયેલા કિશોરની ભાળ મળે તો પોલીસને જાણ કરવી



ગાંધીધામ - કચ્છ ઉદય : મૂળ મધ્ય પ્રદેશના હાલે ગાંધીધામના ભારતનગરમાં રહેતા ૧૫ વર્ષિય કરણ રામશંકર માહોર (કોલી) ગુમ થઈ ગયો છે. કોઈ અજાણ્યા આરોપી દ્વારા કાયદેસરના વાલીપણામાંથી તેનું અપહરણ કરવામાં આવ્યું હોવાની હકીકત સાથે એ-ડિવિઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એ-ડિવિઝન પોલીસ દ્વારા લોકોની અપીલ કરાઈ છે કે, આ સગીરની કોઈને માહિતી મળે તો પોલીસને મો. નં.૬૩૫૯૬ ૨૬૮૪૦ પર જાણ કરવી.

## સરહદ ડેરીએ ૧૨૬૪ કરોડના વ્યવહાર કરી ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો

**સરેરાશ દૈનિક મહત્તમ ૫.૨૬ લાખ લિટર સુધીનો આંકડો નોંધાયો : આઈસ્ક્રીમ ઉત્પાદન અને ઊંટડીના દૂધ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ : પશુપાલકોના વિશ્વાસથી ડેરીને મળ્યો નવો વેગ : પશુપાલન માટે જરૂરી ‘કેટલ ફીડ’ના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો**

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પશુપાલકો માટે આર્થિક આધારસ્તંભ સમાન સરહદ ડેરીએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરીને વિકાસનો નવો અધ્યાય લખ્યો છે. કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દ્વારા સંચાલિત આ ડેરીએ વાર્ષિક વ્યવહારમાં રૂપિયા ૧,૨૬૪ કરોડનો આંકડો પાર કરીને ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ગયા વર્ષની તુલનામાં થયેલો વધારો ડેરીની મજબૂત વ્યવસ્થાપન ક્ષમતા અને પશુપાલકોના અડગ વિશ્વાસને દર્શાવે છે. ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે આ સિદ્ધિ માટે તમામ પશુપાલકો, સભાસદો અને સંબંધિત તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ડેરીનો મુખ્ય ધ્યેય પશુપાલકોની આવક વધારીને તેમને આર્થિક રીતે વધુ સશક્ત બનાવવાનો છે અને આવનારા વર્ષોમાં આ દિશામાં વધુ તેજીથી કામગીરી કરવામાં આવશે. દૂધ સંપાદન ક્ષેત્રે પણ ડેરીએ ઉત્તમ પ્રદર્શન કર્યું છે. સરેરાશ દૈનિક ૪.૪૭ લાખ લિટર દૂધ સંપાદન સાથે મહત્તમ ૫.૨૬ લાખ લિટર સુધીનો આંકડો નોંધાયો છે. સાથે સાથે પશુપાલન માટે જરૂરી ‘કેટલ ફીડ’ના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે, જે પશુપાલકોની વધતી જાગૃતિ અને ઉત્પાદનક્ષમતાનો સંકેત આપે છે.

આગામી વર્ષ માટે ડેરીએ રૂપિયા ૧,૩૫૦ કરોડથી વધુના વ્યવહારનું લક્ષ્ય નક્કી કર્યું છે. આધુનિક ટેકનોલોજી અને નવી સુવિધાઓના વિસ્તરણ દ્વારા કચ્છની શ્વેત ક્રાંતિને વધુ મજબૂત બનાવવાની દિશામાં પ્રયાસો હાથ ધરાયા છે.

ઉત્પાદન ક્ષેત્રે પણ ડેરીએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ખાસ કરીને આઈસ્ક્રીમ વિભાગમાં ૮૦ ટકાથી વધુનો વૃદ્ધિદર નોંધાયો છે. ગયા વર્ષે ૨૪.૫૨ લાખ લિટર સામે આ વર્ષે ૪૪.૨૫ લાખ લિટર આઈસ્ક્રીમનું વેચાણ થયું છે. નવી વેરાયટીઓના ઉમેરાથી બજારમાં માંગમાં વધારો થયો છે. ઉંટડીના દૂધ ક્ષેત્રે પણ ડેરીએ વિશેષ સિદ્ધિ નોંધાવી છે. દૈનિક ૫,૧૫૮ લિટર દૂધ સંપાદન સાથે ઊંટપાલકોને વાર્ષિક રૂપિયા ૯.૬૦ કરોડનું ચુકવણું કરવામાં આવ્યું છે, જે પરંપરાગત પશુપાલનને નવી દિશા આપતું સાબિત થયું છે.

## ભુજમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની આસ્થાભેર ભવ્ય ઉજવણી

**હવન અને શોભાયાત્રા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા : ભક્તિમય માહોલમાં બ્રહ્મ સમાજ દ્વારા પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે નીકળેલી શોભાયાત્રાએ જમાવ્યું આકર્ષણ : મ્યુઝિકલ હાઉસીના કાર્યક્રમમાં સમાજ રત્નો ઉમટી પડ્યા**



ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજમાં ગઈકાલે રવિવારના રોજ ભગવાન પરશુરામ જન્મોત્સવની અત્યંત ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ અને બ્રહ્મ સમાજ યુવા પાંખ દ્વારા આ પવિત્ર અવસર પર વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારની વહેલી સવારથી જ સમગ્ર વાતાવરણ પરશુરામમય બની ગયું હતું અને શહેરના વિવિધ વિસ્તારોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી.

ભગવાન પરશુરામ જન્મોત્સવના મંગલ પ્રારંભ રૂપે ભુજમાં ચાર અલગ-અલગ સ્થળોએ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મીરજાપર, માધાપર, આરટીઓ પાસે આવેલી રાજગોર સમાજવાડી સ્થિત શ્રી પરશુરામ મંદિર અને ભુજ મહાદેવ ગેટ પાસે આવેલા પરશુરામ ચોક ખાતે શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞ કરવામાં આવ્યા હતા. આ તમામ હવનના કાર્યક્રમોમાં ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના મંત્રી ચિન્મય ભટ્ટ વગેરે યજમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. ધર્મપ્રચાર સમિતિ યુવા પાંખના કન્વીનર શાસ્ત્રી જયદીપ વ્યાસે વેદોક્ત મંત્રોચ્ચાર સાથે હવનની વિધિ સંપન્ન કરાવી હતી.

હવન બાદ સાંજે ભુજ શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં સુંદર રીતે સજાવેલો રથ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ રથમાં બિરાજમાન ભગવાન પરશુરામની પ્રતિમાના દર્શન કરી ભાવિકો ધન્ય થયા હતા. શોભાયાત્રામાં બાળકો અને ભાવિકો વિવિધ વેશભૂષા ધારણ કરીને જોડાયા હતા, જ્યારે મહિલા બેન્ડના સૂર અને તાલથી યાત્રામાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સામાજિક જવાબદારીના ભાગરૂપે બાળકોએ ‘વૃક્ષ બચાવો, વિશ્વ બચાવો’ના પોસ્ટરો દ્વારા પર્યાવરણ જાળવણીનો ઉમદા સંદેશ વહેતો કર્યો હતો. સમગ્ર માર્ગ પર કેશરી ધજાઓ લહેરાઈ હતી અને ભગવાન પરશુરામના નાદ સાથે ભક્તિમય માહોલ સર્જાયો હતો. આ તકે ભાવિકોએ રાસગરબાની પણ રમઝટ બોલાવી હતી.

શોભાયાત્રાના સમાપન બાદ મનોરંજનના ભાગરૂપે ભવ્ય મ્યુઝિકલ હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના અગ્રણીઓ કૌશિકભાઈ ગોર, મિતેશભાઈ ઠાકર અને વિનયભાઈ શિલુએ પોતાની સેવાઓ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર મહોત્સવનું સફળ આયોજન ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ રવીન્દ્રભાઈ ત્રિવેદી અને યુવા પાંખના પ્રમુખ અનિકભાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## આદિપુરમાં સોનાની ચેઈન ગુમ થતા પોલીસે પરત અપાવી



ગાંધીધામ - કચ્છ ઉદય : આદિપુરની ૮૦ બજારમાં એક અરજદારની સોનાની ચેઈન ગુમ થતા હેડ કોન્સ્ટેબલ કાનુભા ગઢવીએ ગુમ થયેલી ચેઈન શોધી અરજદારને પરત આપી તેરા તુજકો અર્પણ અભિયાનને સાર્થક કર્યું છે. આ કામગીરીમાં કોન્સ્ટેબલ ધવલભાઈ સોરઠિયા અને હોમગાર્ડ દિલીપભાઈ જોડાયા હતા.

## ભુજમાં વર્ષીતપના તપારાધકોનાં થયા પારણા



ભુજ - કચ્છઉદય : અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે ભુજ અચલગચ્છ જૈન સંઘ આયોજીત વર્ષીતપ પારણોત્સવ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત મહોદયસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય ઉપાધ્યાય પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબ, આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભ પાવન નિશ્રામાં ઉજવાયો હતો.

સિદ્ધાચલ ભાવયાત્રા મહાપૂજન યોજાયું હતું. ભાવિકોની ભારે ભીડ જામી હતી. સિદ્ધાચલ ભાવયાત્રા પૂજન માતૃશ્રી સરસ્વતીબેન ચમનલાલ શાહ પરિવાર (જય - ફેની - નિરવ - કિંજલ - જોલી - રાજેશ - રીટાના વર્ષીતપની અનુમોદનાર્થે) તથા ચંદનબેન નાનાલાલ દેવશીં શાહ પરિવાર (મલય, બીજલ, સોનાલી, દિપ્તીના વર્ષીતપની અનુમોદનાર્થે) દ્વારા યોજાયું હતું.

ભુજ મધ્યે ત્રિદિવસીય મહોત્સવનાં અંતે તપસ્વીઓનો ભવ્યાતિભવ્ય વરઘોડો વાણિયાવાડ ડેલાથી બેન્ડપાર્ટી અને સંગીતના સૂરો સાથે નીકળ્યો હતો. જેમાં સમસ્ત જૈન સમાજનાં આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. ડોસાભાઇ લાલચંદ જૈન મહાજનવાડી મધ્યે ઉભી કરવામાં આવેલ હસ્તીનાપુર નગરી મધ્યે તપસ્વીઓએ પોતાનાં સગાસબંધી-સ્નેહીઓ અને સમાજની વિશાળ ઉપસ્થિતમાં વર્ષીતપનાં પારણા કર્યા હતા. રાત્રે જૈન ગુર્જરવાડી મધ્યે યોજવામાં આવેલ. કાર્યક્રમમાં તપસ્વીઓનાં તપની અનુમોદના કરી તેઓનું આગેવાનોનાં હસ્તે બહુમાન કરાયું હતું.

સંગીતની રમઝટ સંગીતકાર વંદિતસુખિયા અને શાસન શાહે જમાવી હતી.

## રાજસ્થાનમાં ૩૭ થી વધુ ગુના ધરાવતા આરોપીને ગાંધીધામ પોલીસે પકડ્યો



**ગાંધીધામના ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા છ વર્ષથી આરોપી ફરાર હતો**

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેર બી-ડિવિઝન પોલીસમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના બનાવમાં છેલ્લા છ વર્ષથી આરોપી ફરાર હતો. આ આરોપી રાજસ્થાનના પીપાડ શહેરમાં હાજર હોવાની બાતમીના આધારે ગાંધીધામ બી-ડિવિઝનના પીઆઈ એસ. વી.ગોજીયાના માર્ગદર્શનમાં ટીમ રાજસ્થાન ગઈ હતી. જ્યાં ૩૭ થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત આરોપીને શોધીને ગાંધીધામ લઈ આવવામાં આવ્યો છે. આરોપી રાજસ્થાનના જોધપુર જિલ્લાના પીપાડનો રહેવાસી છે. તેનો નામ સુનિલ ઉર્ફે શ્રવણ ગુદડરામ સાંખલા છે. તેની સામે રાજસ્થાનના પીપડ, બીલાડા, મુંડવા, સિવાળા, મહામંદિર જોધપુર, કોટવાલી જાલોર, બાલેસર, પ્રતાપનગર, ચોપાસની હાઉસિંગ બોર્ડ, બાલોત્રા, લૌહરિયા બાંસવાળા, શાસ્ત્રીનગર, બાસમી, સરદારપુરા, ડગિયાવાસ, કોટલી ધોલપુર, મહામંદિર સહિતના પોલીસ સ્ટેશનોમાં ડ્રગ્સ, ચોરી, દારૂ, મારામારી સહિતના અનેક ગુના નોંધાયેલા છે. આરોપી કુખ્યાત છે. ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને ગાંધીધામની ઘરફોડ ચોરીમાં તે સંડોવાયેલો હતો. એસપી સાગર બાગમાર દ્વારા લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે સુચના આપવામાં આવી છે ત્યારે બી-ડિવિઝન પોલીસે રાજસ્થાન જઈને કુખ્યાત આરોપીને પકડી મહત્ત્વપૂર્ણ કામગીરી કરી છે. આ કામગીરીમાં પીએસઆઈ એલ. એલ. વાઢિયા સાથે ડી સ્ટાફ જોડાયો હતો.

## સંસ્કૃતની પ્રાજ્ઞ પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ ઢોરી કન્યા પ્રાથમિક શાળાના આચાર્ય



ભુજ - કચ્છ ઉદય : બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા માહે ફેબ્રુઆરી ૨૦૨૬માં લેવાયેલી સંસ્કૃતની પ્રાજ્ઞ પરીક્ષામાં કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાને ડો.ખુશ્બુબેન નવિનચંદ્ર સરવૈયા (આચાર્ય શ્રી ઢોરી કન્યા પ્રાથમિક શાળા) ઉતીર્ણ થવા બદલ સંચાલક વિભાકભાઈ અંતાણી, સલાહકાર ડો.સત્યપ્રસાદ દાસજી સ્વામી તેમજ ઢોરી ગામના સરપંચ તેમજ જ્ઞાતિના પ્રમુખે પણ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. ડો.ખુશ્બુબેન સરવૈયા વિશારદ પરીક્ષામાં પણ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવીને કચ્છ જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.ડો.ખુશ્બુબેન નું ટૂંક સમયમાં વિશેષ બહુમાન સાથે સંસ્કૃત ની પદવી એનાયત કરવામાં આવશે. તેમજ તેઓ ઢોરી કન્યા પ્રાથમિક શાળામાં પણ સંસ્કૃતનું કેન્દ્ર ચલાવે છે જેમાં પ્રબોધ, પ્રારંભ, પ્રવેશની પરીક્ષામાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બેસાડીને સંસ્કૃતનો પ્રચાર કરી રહ્યા છે અને મોટું યોગદાન આપી રહ્યા છે.એવું આશિષ વૈદ્યે જણાવ્યું હતું.વિશેષમાં તેમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ



# કચ્છ જિલ્લા પંચાયતની સામખિયાળી બેઠક પર જામ્યો હાઈવોલ્ટેજ રાજકીય સંગ્રામ

**ભાજપે પ્રમુખપદના સંભવિત દાવેદાર તરીકે આયાતી ઉમેદવારને મેદાને ઉતારતા સ્થાનિકોમાં ગણગણાટ : પ્રતિષ્ઠાભરી બેઠક પર વિજય મેળવવા ગાંધીધામ અને રાપરના ધારાસભ્યોએ મોરચો સંભાળ્યો : આંતરિક નારાજગી ભાજપ માટે પડકારરૂપ બને તેવી શક્યતા**

ભચાઉ : કચ્છ જિલ્લાના રાજકીય ફલક પર અત્યારે ભચાઉ તાલુકાની સામખિયાળી જિલ્લા પંચાયત બેઠક ચર્ચાના કેન્દ્રસ્થાને રહી છે. રાજકીય પંડિતો અને વિશ્લેષકો માટે આ બેઠક એક કુતૂહલનો વિષય બની છે, કારણ કે આ બેઠક સાથે જિલ્લા પંચાયતના સર્વોચ્ચ પદ એટલે કે પ્રમુખપદના સમીકરણો જોડાયેલા છે. ઉલ્લેખનીય છે કે, ગત ટર્મમાં આ બેઠક પરથી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જનકસિંહ જાડેજા વિજેતા થયા હતા, જેના કારણે આ બેઠક હરહંમેશ સત્તાના કેન્દ્રમાં રહી છે. જોકે, આ વખતે રોટેશન મુજબ બેઠક અનામત થતા અને પક્ષ દ્વારા લેવાયેલા ચોંકાવનારા નિર્ણયને પગલે અહીંની રાજકીય સ્થિતિ અત્યંત રસાકસીભરી અને રસપ્રદ બની ગઈ છે.

વર્તમાન ટર્મમાં કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખનું પદ આદિજાતિ મહિલા માટે અનામત રાખવામાં આવ્યું છે. કચ્છ જિલ્લાની ભૌગોલિક અને વસ્તીવિષયક સ્થિતિ જોતા આ રોટેશન મુજબ માત્ર ભીમાસર-ચકાસર બેઠક જ ઉપલબ્ધ છે, પરંતુ આ બેઠક પરંપરાગત રીતે કોંગ્રેસનો ગઢ ગણાય છે. કોંગ્રેસના શાસનવાળી બેઠક પરથી પ્રમુખપદના ઉમેદવારની જીત નિશ્ચિત ન જણાતા જોખમ ટાળવા માટે ભારતીય જનતા પાર્ટીએ વ્યૂહાત્મક રણનીતિ અપનાવી છે. ભાજપે જિલ્લા પંચાયતના ભાવિ પ્રમુખ તરીકે પોરબંદરના વતની જયશ્રીબેન ચાવડાને સામખિયાળી બેઠક પરથી ટિકિટ આપી મેદાને ઉતાર્યા છે. આ નિર્ણય પાછળ પક્ષનો ઉદ્દેશ્ય સુરક્ષિત બેઠક પરથી પ્રમુખપદના દાવેદારને વિજયી બનાવવાનો છે, પરંતુ આ રણનીતિ સામે સ્થાનિક સ્તરે આંતરિક વિરોધના વંટોળ પણ જોવા મળી રહ્યા છે.

સામખિયાળી વિસ્તારમાં વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો વહાવનારા નિષ્ઠાવાન અને લાયક મહિલા કાર્યકર્તાઓને પડતા મૂકીને 'આયાતી' ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવતા સ્થાનિક સંગઠનમાં ભારે નારાજગી વ્યાપેલી જોવા મળે છે. પક્ષના પાયાના કાર્યકરોમાં એવી ચર્ચા છે કે બહારના ઉમેદવારને કારણે સ્થાનિક નેતૃત્વની અવગણના થઈ છે, જેને પગલે કેટલાક સક્રિય કાર્યકર્તાઓ હાલ ચૂંટણી પ્રચારથી અલિપ્ત રહીને નિષ્ક્રિય બની ગયા હોવાનું જણાય છે. આ આંતરિક અસંતોષ આગામી પરિણામો પર કેવી અસર પાડશે તે જોવું રહ્યું, કારણ કે આયાતી ઉમેદવાર સામેનો રોષ મતદારોના મિજાજને પણ બદલી શકે છે.આ સંજોગોમાં સામખિયાળી બેઠક ભાજપ માટે નાકનો સવાલ બની ગઈ છે. પ્રમુખપદના સંભવિત ઉમેદવાર હોવાથી ભાજપ કોઈપણ ભોગે આ બેઠક ગુમાવવા માંગતું નથી. આ બેઠક પર વિજય ધ્વજ લહેરાવવા માટે ગાંધીધામ અને રાપરના ધારાસભ્યોએ જાતે મેદાનમાં ઉતરીને એડીચોટીનું જોર લગાવ્યું છે. જિલ્લા સંગઠનના ઉચ્ચ હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાત-દિવસ એક કરીને મતદારોને રીઝવવાના પ્રયાસો કરી રહ્યા છે. સ્થાનિક નારાજગીને ખાળવા માટે સંગઠન દ્વારા ડેમેજ કંટ્રોલની પ્રક્રિયા પણ તેજ કરવામાં આવી છે. હાલમાં તો સમગ્ર કચ્છની નજર ભીમાસર-ચકાસર અને ખાસ કરીને સામખિયાળી બેઠક પર ટકેલી છે, કારણ કે આ બેઠકના પરિણામો જ નક્કી કરશે કે કચ્છ જિલ્લા પંચાયતનું સુકાન કોના હાથમાં જશે.

## તીવ્ર ગરમી સાઇલેન્ટ કિલર બની, દર ચારમાંથી ત્રણ વ્યક્તિ પર જીવનું જોખમ !

નવી દિલ્હીઃ અચાનક જ અનેક રાજ્યોમાં તાપમાનનો પારો વધી ગયો છે, કેટલાક રાજ્યોમાં તો તાપમાન ૪૫ ડિગ્રીને પાર જતુ રહ્યું છે. જ્યારે મોટાભાગના રાજ્યોમાં સરેરાશ તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહ્યું હતું. એવામાં વધી રહેલુ તાપમાન લોકો માટે જીવલેણ પણ બની રહ્યું છે, રિપોર્ટ મુજબ દર ચારમાંથી ત્રણ ભારતીય પર ભયંકર ગરમીનો પ્રકોપ છે, દર વર્ષે અનેક લોકો મોતને ભેટી રહ્યા છે. ગરમી હવે સાઈલેન્ટ કિલર બની રહી છે, દર ચારમાંથી ત્રણ લોકો પર જીવનું જોખમ હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે.

# ઉમેદવારો સાવધાનઃ ચૂંટણી ખર્ચ પર નજર રાખવા ખાસ નિરીક્ષકો નિયુક્ત

**અનુભવી રાજ્યવેરા અધિકારીઓને જવાબદારી સોંપાઈ : નાણાકીય લેણદેણ પર વોચ, રજીસ્ટર અને વાઉચરની કડક તપાસ થશે, નિયત સમયમર્યાદામાં ખર્ચના હિસાબો રજૂ કરવા આદેશ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય અને પેટા ચૂંટણીઓમાં ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ પર નજર રાખવા માટે રાજકોટ, જામનગર, જૂનાગઢ સહિતના સૌરાષ્ટ્રના દરેક જિલ્લાઓમાં ખાસ ખર્ચ નિરીક્ષકોની નિયુક્તિ કરવામાં આવી છે. જે તમામ અધિકારીઓ રાજ્યવેરા કમિશનર કચેરીના અનુભવી અધિકારીઓ છે. દરેક ઉમેદવારો સમયમર્યાદામાં પોતાના ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરે એ તેઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે. રાજકોટ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટે અમદાવાદથી સહાયક રાજ્યવેરા કમિશનર અમૃત પરમારને ખર્ચ નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તેવી જ રીતે જામનગર મહાનગરપાલિકા અને સિક્કા નગરપાલિકા માટે જૂનાગઢ કચેરીના સહાયક કમિશનર સંકેત બોઘરાની નિમણૂક કરવામાં આવી છે. આ અધિકારીઓ ઉમેદવારોના ખર્ચના રજીસ્ટર અને વાઉચરની નિયમોનુસાર તપાસ કરશે. અમરેલી જિલ્લાની તમામ તાલુકા પંચાયતો અને છ નગરપાલિકાઓ માટે ભાવનગરથી સહાયક કમિશનર કિશનલાલ ચાવડાની નિમણૂક કરવામાં આવી છે. તેમને જ ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ-પાટણ, ઉના અને સુત્રાપાડા જેવી નગરપાલિકાઓ પર દેખરેખ રાખવાની પણ જવાબદારી સોંપાઈ છે.મોરબીમાં મહાનગરપાલિકા અને અન્ય નગરપાલિકાઓ માટે અમદાવાદથી સહાયક રાજ્યવેરા કમિશનર મોની ઉપાધ્યાયને તૈનાત કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લા માટે રાજકોટ કચેરીના અધિકારી કલ્પેન હિરપરા તથા દેવભૂમિ દ્વારકા અને પોરબંદર મહાનગરપાલિકા અને જિલ્લાની પેટા ચૂંટણીઓ માટે અમદાવાદથી વેરા કમિશનર ભુપતભાઈ ડાંગરની નિમણૂક થઈ છે. દ્વારકાની સલાયા અને જૂનાગઢની બાંટવા નગરપાલિકામાં પેટા ચૂંટણીઓ યોજાવાની હોવાથી ત્યાં વિશેષ તકેદારી રાખવામાં આવશે. આ નિરીક્ષકો ચૂંટણી દરમિયાન ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ખર્ચ પર ચાંપતી નજર રાખશે.

# ભારત-અમેરિકા વચ્ચે વોશિંગટનમાં ત્રણ દિવસીય વેપાર વાટાઘાટ શરૂ

**બંને દેશો વચ્ચે વાર્ષિક વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાનું લક્ષ્ય**

નવીદિલ્હી :ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગેની વાટાઘાટોને નવી ગતિ મળી છે. આ કરારના પ્રથમ તબક્કાની વાતચીત માટે ભારતીય પ્રતિનિધિમંડળ આજે અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં પહોંચ્યુ છે. ત્રણ દિવસીય બેઠકમાં અગાઉ ફેબ્રુઆરીમાં સ્થાપિત થયેલા અંતરિમ કરારના માળખાને ફરીથી અનુરૂપ બનાવવા પર ભાર મૂકવામાં આવશે, કારણ કે અમેરિકાની તરફથી નવી ટેરિફ નીતિમાં ફેરફાર થયા છે.

વાણિજ્ય વિભાગના અધિક સચિવ દર્પણ જૈન આ બેઠકમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમની સાથે કસ્ટમ્સ વિભાગ અને વિદેશ મંત્રાલયના અધિકારીઓ સહિત કુલ આશરે ૧૨ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ હાજર રહેશે. આ વાટાઘાટો વર્ચ્યુઅલ મીટિંગ પછી લગભગ ૩-૪ મહિના પછી પ્રથમ વખત વ્યક્તિગત રૂપે થઈ રહી છે.ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વાતચીત પછી બંને દેશોએ અંતરિમ વેપાર કરારનું માળખું જાહેર કર્યું હતું. તેમાં અમેરિકાએ ભારતીય વસ્તુઓ પરના ટેરિફને ૨૫% થી ઘટાડીને ૧૮% કર્યા હતા. આ કરારમાં ભારત અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવા અને અમેરિકાથી વધુ પ્રમાણમાં ઊર્જા, વિમાન, ટેક્નોલોજી અને અન્ય વસ્તુઓ ખરીદવાની તૈયારી દર્શાવી હતી. લાંબા ગાળાના લક્ષ્ય તરીકે બંને દેશો વચ્ચે વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાની વાત પણ ચર્ચાઈ હતી.

## ઈરાનના પડકાર વચ્ચે ભારતનાં 'દેશ ગરિમા' જહાજે હોર્મુઝ પાર કર્યું, બેએ રસ્તા બદલ્યા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈરાનના હોર્મુઝ જળમાર્ગ પર ચાલી રહેલા સંકટ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ ક્રૂડ ઓઈલ ભરીને ભારત તરફ આવી રહેલા ભારતીય જહાજ 'દેશ ગરિમા'એ સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી લીધું છે. જહાજે ૧૮ એપ્રિલે હોર્મુઝ પાર કરી લીધું છે અને તે ૨૨ એપ્રિલના રોજ મુંબઈ પહોંચવાની આશા છે. આ જહાજ પર કુલ ૩૧ ભારતીય નાવિકો સવાર છે. આ પહેલા હોર્મુઝમાં ભારે ગોળીબાર થતાં બે ભારતીય જહાજો પરત ફર્યા હતા.

માર્ચની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં શિપિંગ કંપની 'ભારતીય નૌવહન નિગમ'ના કુલ ૧૦ જહાજોએ હોર્મુઝ સફળતાપૂર્વક પાર કરી લીધું છે. આ પહેલા છેલ્લા ૨૪ કલાકમાં હોર્મુઝમાંથી પસાર ખતી વખતે ક્રૂડ ઓઈલ ભરેલા 'સમનાર હેરાડ' અને 'બલ્ક કેરિયર' જહાજ પર ગોળીબાર થયો હોવાની માહિતી સામે આવી હતી, જેના કારણે બંને જહાજો પર્સિયન ગલ્ફમાં પરત ફર્યા છે. જોકે, આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

# ખેડા આરોગ્ય વિભાગમાં બદલી કૌભાંડ? કર્મચારીનો વીડિયો વાયરલ થતા બબાલ

માતરઃ ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની બદલીના નામે મોટું ઉઘરાણું થતું હોવાના આક્ષેપો સાથે ભારે ખળભળાટ મચી ગયો છે. માતર તાલુકાના પાલ્લા ગામના ચીફ હેલ્થ ઓફિસર તેજસ પટેલે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ કરીને ગંભીર આરોપ લગાવ્યા છે કે, જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કર્મચારીઓને જાણીજોઈને હેરાન કરવા માટે ખોટી રીતે બદલીઓ કરવામાં આવે છે. આ વીડિયો સામે આવ્યા બાદ જિલ્લાના વહીવટી તંત્ર અને આરોગ્ય આલમમાં ગરમાવો આવી ગયો છે, જોકે જિલ્લા આરોગ્ય અધિકારીએ આ તમામ આક્ષેપોનું સ્પષ્ટપણે ખંડન કર્યું છે.

વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે એક મહિલા નર્સનો પણ ચોંકાવનારો વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયોમાં મહિલા હેલ્થ વર્કરે ખુલ્લેઆમ જણાવ્યું હતું કે બદલીઓ રોકવા માટે ૩૦ થી ૫૦ હજાર રૂપિયા સુધીનો વહીવટ કરવો પડે છે. મહિલા કર્મચારીએ વીડિયોમાં દાવો કર્યો છે કે તેને અને હિતેશભાઈ નામના કર્મચારીને બદલી રોકવા માટે રૂ. ૩૦-૩૦ હજાર આપવાની ફરજ પડી હતી. એટલું જ નહીં, તેને એવી પણ સૂચના આપવામાં આવી હતી કે જો સીધા ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર પાસે જશો તો ૫૦,૦૦૦ રૂપિયા ખર્ચવા પડશે, પણ અત્યારે સેટલમેન્ટ કરશો તો ૩૦,૦૦૦ માં કામ પતી જશે.

## રાજ્યમાં 'વર્કિંગ પ્રોફેશનલ કોર્સ'નો હેતુ સિદ્ધ ન થયો, મોટાભાગની કોલેજોની બેઠકો ખાલી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રાજ્યના શ્રમિક અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ નોકરીની સાથે પોતાનું શૈક્ષણિક સ્તર સુધારી શકે તેવા ઉમદા હેતુથી શરૂ કરાયેલા 'વર્કિંગ પ્રોફેશનલ કોર્સ' હાલમાં નિષ્ફળતાના આરે હોય તેમ જણાય છે. એક તરફ સરકાર કૌશલ્ય વર્ધનની વાતો કરે છે, ત્યારે બીજી તરફ રાજ્યની માત્ર સાત સરકારી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે. હાલની સ્થિતિ એવી છે કે જ્યાં ઉદ્યોગો છે ત્યાં કોલેજો નથી અને જ્યાં કોલેજોમાં આ કોર્સ ચાલે છે ત્યાં પૂરતા વિદ્યાર્થીઓ નથી. પરિણામે, રાજ્યની સરકારી કોલેજોમાં આ મહત્ત્વાકાંક્ષી કોર્સની મોટાભાગની બેઠકો ખાલી પડી રહી છે.

ધો.૧૦ પાસ થયા પછી કોઇ જગ્યાએ નોકરી કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ માટે વર્કિંગ પ્રોફેશનલ અંતર્ગત સીધા ડિપ્લોમા બીજા વર્ષમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. સૂત્રો કહે છે કે, આ પ્રકારના કોર્સનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ નોકરીની સાથે અભ્યાસ કરી શકે તેવો છે. વિદ્યાર્થીઓ નોકરી કરતાં હોય તેના ૭૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી કોલેજમાં આ પ્રકારના કોર્સ ચાલતાં હોય તો પ્રવેશ લઇ શકાય છે.

## ઈરાને હજુ સુધી ખામેનેઈની દફનવિધિ નથી કરી, સામે આવ્યું ચોંકાવનારું કારણ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈનું ઈઝરાયલ-અમેરિકાના સંયુક્ત હુમલામાં મોત થયું હતું, પરંતુ તેમના શરીરને ઈરાન તરફથી અત્યાર સુધી અંતિમ વિદાય આપવામાં આવી નથી. ઘણા અઠવાડિયા વીતી ગયા હોવા છતાં ઈરાની અધિકારીઓએ તેમની અંતિમવિધિ અંગે નિર્ણય લીધો નથી.ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મોતના ઘણા અઠવાડિયા પછી પણ તેમને સુપુર્દ-એ-ખાક કરવા અંગે નિર્ણય લઈ શકાયો નથી. ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ મુજબ અધિકારીઓ આ માટે સુરક્ષા કારણો અને લોજિસ્ટિક પડકારોનો હવાલો આપી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે ઈરાની અધિકારીઓ મોટા જાહેર કાર્યક્રમ સાથે જોડાયેલા જોખમોનું આંકલન કરી રહ્યા છે, તેની સાથે સંભવિત ઈઝરાયલ હુમલાના ભય અને જનસભા દરમિયાન અશાંતિની શક્યતાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ફાઉન્ડેશન ફોર ડિફેન્સ ઓફ ડેમોક્રસીઝના બેહનમ તાલેબ્લુએ જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં સરકાર આ પ્રક્રિયાને આગળ વધારવામાં ખચકાઈ રહી છે.

# સોમનાથ પર્વ માટે શિક્ષકોને 'કન્ડક્ટર' બનાવાતા રોષ ફાટી નીકળ્યો

**પરીક્ષા, મૂલ્યાંકન અને ચૂંટણીલક્ષી જવાબદારીઓ વચ્ચે શિક્ષકોને અન્ય કામગીરી સોંપાતા વિરોધ - શિક્ષકોને બસ વ્યવસ્થા ઉપરાંત શ્રદ્ધાળુઓને લાવવા-લઈ જવાની કામગીરી સોંપાઈ**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રાજ્યમાં શિક્ષકોને સોંપવામાં આવેલી કામગીરીને લઈને ફરી એકવાર વિવાદ સર્જાયો છે. સોમનાથ ખાતે 'સ્વાભિમાન પર્વ' માટે શિક્ષકોને બસ સંચાલક (કન્ડક્ટર) જેવી કામગીરી સોંપવામાં આવતા આક્રોશ ફેલાયો છે. આ પર્વમાં અન્ય રાજ્યોમાંથી આવનારા શ્રદ્ધાળુઓને રેલવે સ્ટેશને લેવા જવાથી લઈને બસમાં બેસાડી તેમના નિવાસસ્થાન સુધી પહોંચાડવા સહિતની કામગીરી માટે શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. આ વ્યવસ્થામાં શિક્ષકોને 'રૂટ સુપરવાઈઝર'ની જવાબદારી સોંપવામાં આવી છે. શૈક્ષિક સંઘે આ આદેશ સામે વિરોધ નોંધાવી તેને તાત્કાલિક રદ કરવા માગ કરી છે. એકતરફ શાળાઓમાં પરીક્ષા ચાલી રહી છે, બીજી તરફ બોર્ડની ઉત્તરવહીઓના મૂલ્યાંકનની કામગીરી ચાલુ છે અને ત્રીજી તરફ ચૂંટણીલક્ષી કામગીરી વચ્ચે આ નવી જવાબદારી સોંપાતા રોષ જોવા મળી રહ્યો છે.

સોમનાથ મંદિર ખાતે ઉજવાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ' દરમિયાન રાજ્ય સરકારના નિર્ણયે શિક્ષણ જગતમાં ગંભીર ચર્ચા જગાવી છે. ભારતના સંસ્કૃતિ અને પ્રવાસન વિભાગના આયોજન હેઠળ ૧૯ એપ્રિલથી ઉત્તર પ્રદેશ, દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને હરિયાણા સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ તીર્થ ખાતે પહોંચવાના છે. આ યાત્રાળુઓ માટે પ્રભાસ તીર્થ ક્ષેત્રના વિવિધ સ્થળોએ પ્રવાસની સુવિધા પૂરી પાડવા વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ આ વ્યવસ્થામાં શિક્ષકોને રૂટ સુપરવાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવતા વિવાદ ઊભો થયો છે.

શિક્ષકોને બસમાં યાત્રાળુઓને બેસાડવાથી લઈને તેમના ઉતારા સુધી સુરક્ષિત પહોંચાડવા, મુસાફરોની સંખ્યાની ગણતરી કરવી અને પાણી સહિતની અન્ય વ્યવસ્થાઓ જાળવવાની ફરજો સોંપાઈ છે. સામાન્ય રીતે આ ફરજો પ્રવાસન વિભાગના સ્ટાફની ગણાય છે, તેમ છતાં શિક્ષકોને આ કામગીરી સોંપાતા શિક્ષણ ક્ષેત્રમાં ભારે અસંતોષ ફેલાયો છે. શૈક્ષિક સંઘના પ્રમુખ મિતેશ ભટ્ટે આ મુદ્દે કડક વાંધો ઊઠાવતા જણાવ્યું હતું કે, "શિક્ષકોને આવી કામગીરી સોંપવી સંપૂર્ણપણે અયોગ્ય છે. ભૂતકાળમાં સરકારે ખાતરી આપી હતી કે શિક્ષકોને બિનશૈક્ષણિક કાર્ય માત્ર શિક્ષણ સચિવની મંજૂરી અને રાષ્ટ્રહિતની તાત્કાલિક જરૂરિયાત હોય ત્યારે જ સોંપવામાં આવશે. હાલની સ્થિતિમાં આ બંનેમાંથી કોઈ પણ માપદંડ પૂર્ણ થતા નથી."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અત્યારે એક તરફ શાળાઓમાં પરીક્ષાઓ ચાલી રહી છે, જ્યારે બીજી તરફ ચૂંટણી સંબંધિત કામગીરી પણ શરૂ થઈ છે. આવા સંજોગોમાં શિક્ષકોને રેલ્વે સ્ટેશન પર જઈને યાત્રાળુઓને લેવા અને વ્યવસ્થાપન કરવાનું કહેવું શિક્ષણ પ્રણાલી માટે નુકસાનકારક છે. "આ નિર્ણયથી વિદ્યાર્થીઓના મૂલ્યાંકન અને શિક્ષણની ગુણવત્તા પર સીધી અસર પડશે," તેવી તેમણે ચેતવણી આપી હતી. શૈક્ષિક સંઘે આ આદેશ સત્વરે રદ કરવાની માગ સાથે શિક્ષણમંત્રીને રજૂઆત કરી છે. એક તરફ રાજ્ય સરકાર સોમનાથ પર્વને ભવ્ય બનાવવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ શિક્ષકો પર વધતી બિનશૈક્ષણિક જવાબદારીઓને કારણે શિક્ષણ જગતમાં અસંતોષ પ્રવર્તી રહ્યો છે.

# ડિજિટલ વસ્તી ગણતરીમાં ગંભીર ભૂલ, પોર્ટલ પર અરૂણાચલના બદલે ચીનનું નામ દેખાતા વિવાદ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતમાં પ્રથમ વખત યોજાનારી ડિજિટલ જનગણનાની તૈયારીઓ વચ્ચે એક મોટી ટેકનિકલ ખામીને કારણે વિવાદ ઉભો થયો છે. જનગણના માટેના સેલ્ફ-એન્યુમેરેશન પોર્ટલ પર અરુણાચલ પ્રદેશના 'પાસીઘાટ' શહેરને ચીનના 'મેડોગ' શહેર તરીકે દર્શાવવામાં આવ્યું હતું. આ ગંભીર ભૂલને દેશની સાર્વભૌમત્વ સાથે જોડીને સોશિયલ મીડિયા પર લોકોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે.

આ ઘટના ત્યારે સામે આવી જ્યારે વાયુસેનાના નિવૃત્ત અધિકારી મોહોંતો પાંગિંગ પાઓએ સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી શેર કરી છે. તેમણે જણાવ્યું કે, પોર્ટલ પર પાસીઘાટનું લોકેશન ખોટું દેખાતું હોવાથી તેઓ પોતાની વિગતો ભરી શક્યા ન હતા. એકતરફ અરુણાચલ પ્રદેશ પર ચીન અવારનવાર પોતાનો દાવો કરતું રહે છે, તો બીજીતરફ ભારતના સરકારી પોર્ટલ પર આવી ગંભીર બેદરકારીને લોકોએ 'વર્ચ્યુઅલ રીતે જમીન છોડવા' જેવી ગણાવી રહ્યા છે. આ ભૂલના કારણે યુઝર્સો સોશિયલ મીડિયા પર રોષ ઠાલવી રહ્યા છે.

કેન્દ્ર સરકારના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનરની કચેરીએ આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. અધિકારીઓએ સ્પષ્ટતા કરી કે આ મેપ સેવા પૂરી પાડતી કંપનીની ટેકનિકલ ભૂલ હતી, જેને ગણતરીના કલાકોમાં સુધારી લેવામાં આવી છે. સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે, ભવિષ્યમાં આવી ટેકનિકલ ક્ષતિઓ ન થાય તે માટે સિસ્ટમ અને મેપ સેવાઓની દેખરેખ વધુ મજબૂત કરવામાં આવશે. ભારત સરકારે ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે, અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન હિસ્સો છે અને તેની ઓળખ સાથે જોડાયેલી કોઈ પણ ચૂક ચલાવી લેવામાં આવશે નહીં.

## પહેલા પાનાથી... ભાજપના શાસનમાં

રાખે છે અને ઝડપથી લોકો સુધી પહોચાડી રહ્યા છે , એટલુ માત્ર જ નહી પણ જયા ભુલ કોઈની થતી હોય તો ત્યાં કાન ખેંચવાનું પણ તેઓ ભુલતા નથી. અંતમાં શ્રી ફલજીભાઈ ચૌધરીએ કહ્યુ હતુ કે, ભાજપ કાર્યકર્તાની પાર્ટી છે અને તે ચૂંટણી લડનારા ઉમેદવારો વિજય થયા બાદ પણ પ્રજાની વચ્ચે જ રહી અને વધુ એકવખત પુરવાર કરી દેખાડશે.

શ્રી ચૌધરીએ જણાવ્યુ હતુ કે, નરેન્દ્રભાઈ મોદી, ભુપેન્દ્રભાઈ પટેલ, જગદીશ વિશ્વકર્મા સહિતનાઓની વિકાસનીતી, પ્રજાસેવા માટેના ઐતિહાસીક નિર્ણયો, સંગઠન શકિતથી આ ચૂંટણીમાં ભાજપ જવલંત વિજય પ્રાપ્ત કરશે. તેઓએ વધુમાં ભાજપના ઉમેદવારોને પણ વિજય થયા બાદ પણ આગામી પાંચ વર્ષ પ્રજાની વચ્ચે જ રહેવાનો કોલ આપ્યો હતો.તેઓએ કહ્યુ હતુ કે, ભાજપ સત્તા માટે નહી સેવા માટે પદ મેળવે છે, લોકસેવા-અંત્યોદય ભાજપના ઉમેદવારનો અંતિમ બીજ મંત્ર બની રહેતો હોય છે.

## પહેલા પાનાથી...

### ઈરાન-અમેરીકા

હોવાનું સામે આવ્યુ છે. જો કે ઈરાની અધિકારીઓએ આ ઘટનાક્રમની સત્તાવાર પુષ્ટિ કરી નથી.અત્રે જણાવવાનું કે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં બીજા તબક્કાની વાતચીત માટે બંને દેશો જ્યાં તૈયારીઓ કરી રહ્યા છે ત્યાં દરિયામાં ઘમાસાણ મચ્યું છે. યુદ્ધવિરામ પૂરો થવાને પણ ગણતરીના કલાકો બાકી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ઓમાન સાગરમાં ઈરાન તરફથી અમેરિકી સેનાના કેટલાક જહાજો પર ડ્રોન એટેક થયો હોવાના સમાચાર છે. હજુ તો એક દિવસ પહેલા જ અમેરિકાએ ઈરાનનું જહાજ પકડ્યું હતું અને તેના ઈરાને હવે જવાબી કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. અમેરિકી જહાજોને કેટલું નુકસાન થયું એ હજુ સ્પષ્ટ થયું નથી. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ લગાવ્યો તો અમેરિકાએ પણ ઈરાની બંદરોથી આવતા જહાજો પર નાકાબંધી કરીને હોર્મુઝમાં બ્લોકેડ કરી નાખ્યો. રવિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાની જહાજ વિરુદ્ધ અમેરિકી નેવીએ કાર્યવાહી કરી અને કબજામાં લીધુ છે. તેમણે કહ્યું હતું કે, આજે એક ૯૦૦ ફૂટ લાંબા અને એક વિમાન વાહક જહાજ જેટલા ભારે તૂસકા નામના ઈરાની માલવાહક જહાજે અમારી નેવીની નાકાબંધી તોડવાની કોશિશ કરી જે તેમના માટે સારી રહી નહીં. તેમણે લખ્યું કે અમેરિકી સેનાના ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર યુએસએસ સ્પ્રુઆંસે ઓમાનની ખાડીમાં તૂસકાને રોક્યું અને તેને થોભી જવા માટે યોગ્ય ચેતવણી આપી. ઈરાની ક્રૂ સભ્યોએ સાંભળવાની ના પાડી અને આથી અમારી નેવીના જહાજે તેમના એન્જિન રૂમમાં કાણું પાડીને તેમને ત્યાં જ રોકી લીધા.તેમણે એમ પણ જણાવ્યું કે હાલ અમેરિકી મરીને જહાજને પોતાના કબજામાં લીધુ છે. ગેરકાયદેસર ગતિવિધિઓના પાછલા ઈતિહાસના કારણે તૂસકા પર અમેરિકી ટ્રેઝરીના પ્રતિબંધ લાગેલા છે. જહાજ સંપૂર્ણ રીતે અમારા કબજામાં છે અને અમે જોઈએ છીએ કે આગળ શું થાય છે.આ અગાઉ ટ્રમ્પે ઈરાન પર યુદ્ધવિરામ તોડવાના આરોપ લગાવ્યા હતા. તેમણે ભારતીય સમય મુજબ રવિવારે જણાવ્યું હતું કે ઈરાને કાલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફાયરિંગ કર્યું જે અમારા યુદ્ધવિરામની સમજૂતિનો ભંગ છે. તેમણે અનેક ગોળીઓ એક ફ્રેન્ચ જહાજ અને યુકેના એક માહવાહક જહાજ પર છોડી. જે સારું નહતું. મારા પ્રતિનિધિ ઈસ્લામાબાદ પાકિસ્તાન જઈ રહ્યા છે. તેમણે ઈરાનના તમામ પાવર પ્લાન્ટ્સ સહિત અનેક જગ્યાઓ પર હુમલાની ધમકી પણ આપી હતી. આ સાથે જ કહ્યું હતું કે ઈરાનની આ હત્યારી મશીનરીને ખતમ કરવાનો સમય આવી ગયો છે.

## ગુજરાતમાં દારૂબંધી છતાં ચૂંટણી ટાણે ડાંગમાં 'ડ્રાય ડે' જાહેર! મેજિસ્ટ્રેટના આદેશથી લોકોમાં આશ્ચર્ય

ગાંધીનગર : ગુજરાત દારૂબંધી વચ્ચે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી તા. ૨૪ ના સાંજથી તા. ૨૬ ના સાંજ સુધી અને તા. ૨૮ ને મંગળવારના દિવસને ડ્રાય ડે જાહેર કરતું જાહેરનામુ જિલ્લા મેજિસ્ટ્રેટ બહાર પાડતા આશ્ચર્ય ફેલાયું છે.ગુજરાતમાં દારૂબંધી ક્યારથી હટી ગઈ તે અંગે પણ લોકો ચર્ચા કરવા લાગ્યા છે. ડાંગ જિલ્લામાં ૨૪ ના સાંજથી ૨૬ સાંજ સુધી અને ૨૮ના રોજ દારૂના વેચાણ-પીરસવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ચૂંટણી પંચની સૂચના મુજબ, ચૂંટણી દરમિયાન મતદારો નિર્ભય પણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેને અનુલક્ષીને ડાંગ જિલ્લા મેજિસ્ટ્રેટ શાલિની દુહાને, મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો જાહેર કર્યા છે. જેમાં તા. ૨૬ને રવિવારે મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા. ૨૪ના સાંજના ૦૬-૦૦ કલાકથી તા. ૨૬ના સાંજના ૬-૦૦ કલાક (જો તા. ૨૭ના પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઈ) તેમજ મતગણતરી દિવસ તા. ૨૮ના રોજ મતગણતરી પુર્ણ ન થાય ત્યાં સુધી દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમજ આ સમયગાળાને 'ડ્રાય ડે' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

## અમદાવાદમાં સંબંધોની અગ્નિપરીક્ષા! દર વર્ષે ૫૫૦ બાળકોના ડીએનએ ટેસ્ટ

અમદાવાદ : જેને પોતાનું બાળક સમજી ઉછેર્યું, વર્ષો પછી ખબર પડે કે તે તો બીજા કોઈનું બાળક હતું! અગાઉ ફક્ત ટીવી સિરિયલમાં જોવા મળતા આવા કિસ્સા હવે આપણી આસપાસ પણ બનવા માંડ્યા છે. બાળક ખરેખર કોનું છે? તેવી શંકા ઉદભવતા અમદાવાદમાં દર વર્ષે ૫૫૦ જેટલા બાળકોના ડીએનએ ટેસ્ટ કરાવાઈ રહ્યા છે. આજકાલ લોકો વચ્ચે અવિશ્વાસ વધતા પહેલાં એકબીજાના સમ ખવડાવીને લેવાતી સંબંધોની પરીક્ષા હવે વૈજ્ઞાનિક પુરાવા માંગી રહી છે. અત્યાર સુધી મોટા ભાગે ડીએનએ (ડીઓક્સીરાઇ બોન્યુક્લિક એસિડ) ટેસ્ટ માત્ર તબીબી દ્રષ્ટિકોણથી કરાવાતા હતા. પરંતુ આજકાલ દંપતીઓ વચ્ચે 'પીસ ઓફ માઈન્ડ' ડીએનએ ટેસ્ટનો નવો ચિલો શરૂ થયો છે. પત્ની પર શંકા જતા પતિ દ્વારા બાળકના અસલી પિતા કોણ છે? તે જાણવા માટે ડીએનએ ટેસ્ટ કરાવાય છે.ખાસ કરીને બાળકને થેલેસેમિયા, ડાઉન સિન્ડ્રોમ, વગેરે બીમારી તથા ખોડખાપણ હોય તો પણ પિતાને બાળક પોતાનું નથી તેવી શંકા જતા ડીએનએ ટેસ્ટ કરાવે છે. તેમજ છૂટાછેડા સમયે ભરણપોષણ મુદ્દે પણ આ ટેસ્ટ કરાવાય છે. આવા કિસ્સા મુખ્યત્વે ૩૦થી ૪૦ વર્ષના દંપતીઓમાં જોવા મળે છે.

# અંબાલાલની આગાહીએ રાજકારણીઓની ચિંતા વધારી!

**મતદાનના દિવસે ગરમીનો પારો ૪૧થી ૪૨ ડિગ્રી રહી શકે : મોટાભાગના મતદારો સવારે ૧૦ પહેલા જ મતદાન કરે તે માટે પ્રયાસો**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના કારણે રાજકીય ગરમાવો છે, તો બીજી તરફ કુદરતી ગરમીએ પણ પ્રકોપ બનાવવાની શરૂઆત કરી દીધી છે. ૨૬ એપ્રિલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન યોજાવાનું છે. ત્યારે અંબાલાલ પટેલે ગરમીને લઈ કરેલી આગાહીએ રાજકીય પક્ષોની ચિંતા વધારી છે. ૨૬મીએ રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ગરમીનો પારો ૪૧થી ૪૨ઝ આસપાસ રહેવાની સંભાવના છે. ત્યારે રાજકીય પક્ષોએ સવારે ૧૦ પહેલા અને બપોરે સાડા ચાર વાગ્યા પછી વધુમાં વધુ મતદાન થાય તે માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

હવામાન આગાહીકાર અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, ૨૧થી ૨૩ એપ્રિલ દરમિયાન પ્રી-મોન્સૂન એક્ટિવિટીથી ગરમીમાં થોડી રાહત મળી શકે છે, પરંતુ મતદાનના દિવસે ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. રાજ્યના વિવિધ ઝોનમાં મધ્ય ગુજરાતમાં ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન રહેવાની શક્યતા છે, જ્યારે ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં પણ ૪૨ ડિગ્રી આસપાસ ગરમી રહેશે. સૌરાષ્ટ્રમાં ૩૮થી ૪૨ ડિગ્રી, કચ્છમાં ૪૦ ડિગ્રી અને દક્ષિણ ગુજરાતમાં ૩૮થી ૪૦ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણેય પક્ષોએ મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે અલગ-અલગ રણનીતિ અપનાવી છે. ભાજપ દ્વારા મતદારોને વહેલી સવારે અથવા સાંજે મતદાન કરવા અપીલ કરવામાં આવી છે. તેમજ મતદાન મથકો પર છત્રી, ઠંડુ પાણી અને 'ઇજી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચનાઓ આપવામાં આવી છે. કોંગ્રેસ પક્ષ મતદારોમાં ઉત્સાહ અને આક્રોશને મતપેટી સુધી પહોંચાડવા માટે પરિવહન, પાણી અને છાશ જેવી સુવિધાઓ સાથે સિનિયર સિટિઝન માટે ખાસ વ્યવસ્થા કરી રહ્યો છે.આમ આદમી પાર્ટી પણ ગરમી વચ્ચે મતદાનને લોકશાહીનો ઉત્સવ ગણાવીને લોકોને પ્રોત્સાહિત કરી રહી છે. ખાસ કરીને વડીલો અને બીમાર મતદારો માટે સવારે અથવા સાંજે મતદાન કરવા અપીલ સાથે પાણી જેવી સુવિધાઓ પૂરી પાડવાની તૈયારી દર્શાવવામાં આવી છે. પાર્ટીનું માનવું છે કે ગરમી થોડા સમય માટે હોય છે, પરંતુ મતનો પ્રભાવ પાંચ વર્ષ સુધી રહેવાનો છે.

## યે પબ્લીક હે..સબ જાનતી હે..પબ્લીક હે..!

# ગાંધીધામના વોર્ડ નં.૮ના બારાતુ સીંગીયા નેતાની બકરી ડબ્બાને પુછડી બહાર : ચૂંટણી પહેલા હાર

**ભાજપને માટે સારા અને ઉજળા ચિત્ર સમાન ગાંધીધામ મહાનગરપાલીકામાં આ બારાતુ સીંગીયા નેતા થકી સમગ્ર વોર્ડમાં મોટા ગાબડા પડવાની સામે આવી ગઈ દહેશત : વોર્ડ ૮માં એક ઉમેદવાર હારેલો, એક બારાતુ સીંગીયો નેતા ૧૫૦ એકર જમીન યુપીની મુકીને આઠમાં વોર્ડની સેવા કરવા દોડી આવ્યો, એક પેરાસુટ હોવાથી આંતરીક રીતે મતદારોમાં ભારોભાર આક્રોશની છે સ્થિતી સેકટર ૧-૨-૩-૪ના મતદારોના મતો લેવા તો ભાજપ માટે બની ગયા છે લોઢાનાચણા ચાવવા સમાન સ્થીતીવાળા : સામેપક્ષે કોંગ્રેસમાં ઉજળીયાત ચહેરો, સુવર્ણ વર્ગમાથી પ્રતિનિધિત્વ, વ્યવસાયે વકીલ-શહેરના રાજકારણમાં પ્રજાનો બુલંદ અવાજ બનતા રહેલા પીઢ-યુવા ચહેરાઓને મળી રહ્યો છે ભારોભાર આવકાર**

**આ બારાતુ સીંગીયો નેતા નેતી સાથેના સારા-સજ્જન-પ્રતિષ્ઠીત-લોકસેવક સમાન અન્ય ઉમેદવારનો પણ લેશે ભોગ : જાગો અને સમજો કોણ કેટલા ઉપયોગી છે, અઢીવર્ષ ચેરમેન બન્યા પછી તેને પોતથાના મતવિસ્તારનું કેવું અને કેટલું ભલું કર્યુ છે?**

**સામે પક્ષે કોંગ્રેસના ઉમેદવારનો ત્રણ પેઢીનો પ્રજા સાથે નાતો ધરાવી રહ્યા છે : જોષી પરીવારની સેવાભાવનાને સમગ્ર વોર્ડવિસ્તારમાથી મળી રહયો છે ઉમળકાભેર આગોતરો આવકાર**

**પોતાને ખાનદાની તથા નિષ્પક્ષ ગણાવતા બારાતું સીંગીયા નેતાના એફિડેવીટ-સોગંદનામાની તપાસની મતદારો કરી રહ્યા છે માંગ : જો તેની ક્રોસ તપાસ કરવામા આવશે તો આ બારાતુ સીંગીયો નેતા ગેરલાયક ઠરવાની સેવાય છે ભીતી :**

**૧૫૦ એકર જમીન જો તેના નામે યુપીમાં બોલે છે તો શું આ બારાતુ સીંગીયા નેતાએ સોગંદનામામા આ ૧૫૦ એકર જમીન દેખાડી છે ખરી?**

**આ વોર્ડમાં સ્થાનિકે મતોની મોટી સંખ્યા ધરાવનારા સમુદાયની ટીકિટ કપાઈ છે, એટલે ઘર ફુટે ઘર જાયવાળો રોષ પણ આ બારતુ સીગીયા નેતા પર જ ફુટશે : પક્ષમાં વરસોથી સનિષ્ઠતા સાથે સમર્થન આપનારા સ્થાનિક વર્ગ અને સમુદાયને અવગણી બારાતુ સીંગીયા નેતા જેવાઓને મેદાનમાં ઉતારતા ખુલીને કદાચ કોઈબહાર નથી આવતા પરંતુ મતદાન વખતે ચોકકસથી ભજવશે મોટી ભુમિકા**

ગાંધીધામ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો જંગ મંડાઈ ગયો છે. ભાજપ દ્વારા ઠેર ઠેર બિનહરીફ બેઠકો કરી અને સમરસતા તથા એકતરફ જીતના વીશ્વાસ ઉભા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. કચ્છમાં પણ પ્રથમ જ વખત ગાંધીધામ મહાનગરપાલીકામાં ચૂંટણી યોજાઈ રહી છે અને આ મહાનગરપાલીકાના ૧૩ વોર્ડની ૫૨ બેઠકો પર ચૂંટણી જંગ મંડાયો છે જેમાં ભાજપના ધારાસભ્ય, અને જિલ્લા કક્ષાની ટીમ સહિતનાઓની વિકાસ કાર્યશૈલી થકી સારૂ અને ઉજળું ચિત્ર ઉભુ થતુ જોવા મળી રહ્યુ છે. આ મહાનગરપાલીકામાં સર્વત્ર ભગવો લહેરાય તેવી સંભાવનાઓની સોનાની થાડીમાં લોઢાનો મેખ સમાન સ્થિતી વોર્ડ ૮ના બારાતુ સીંગીયા નેતા થકી ઉભી થવા પામી ગઈ હોવાનું રાજકીય તજજ્ઞો જોઈ રહ્યા છે. ગાંધીધામના વોર્ડન.૮ના બારાતુ સીંગીયા નેતાની બકરી આમ તો હવે ચૂંટણી પહેલા જ ડબ્બામાંઆવી ગયેલી જોવા મળી આવી રહી છે.

રાજકીય તજજ્ઞોમા થતી ચર્ચાઓની જો વાત કરીએ તો વોર્ડ ન. ૮માં આ બારાતુ ઉમેદવારને માટે ચૂંટણી પહેલા જ હારનું ચીત્ર સામે આવવા પામી ગયું છે. ફુટી ગયેલા લવીંગીયા સમાન આ બારાતુ નેતા મતની ભીખ માંગવા તો ઈસ્ત્રી ટાઈટ ઝભ્ભા લેગા ચડાવી, ગોગલ્લ પહેરી, અત્તર-બત્તરી છાંટીને નીકળી પડયા હતા પરંતુ અહીના સપનાગનરના જાગૃત રહેવાસીઓએ તેને એવો અરીસો દેખાડી દીધો કે ચપ્પલ ઉતારીને તેને ભાગવાની નાબેત આવી હોવાની ઘટના સમગ્ર સંકુલમાં હોટટોપીક બની ગઈ છે. ખુદ આ બારાતુ સીંગીયા નેતાની સામે આંતરીક રીતે કેટલો જનાક્રોશ ભભુકી રહ્યો છે તે જોઈ ચુકયો હોવાથી હવે તેની હાલત બકરી ડબ્બામાં અને પુછડી બહારની જ થવા પમી ગઈ હોવાનું દર્શાય છે. સપનાનગરમાં તેની જે હાલત થઈ છે તે જ અવસ્થાઓ અન્ય વિસ્તારોમાં પણ કરવા લોકો તૈયાર જ બેઠા છે. ભ્રષ્ટાચાર, ગેરરીતીઓ, મારૂ શું મારૂશું સિવાય આ બારાતુ સીંગીયા નેતાએ બીજું કંઈ જ કર્યુ જ નથી. વોર્ડમાં કયારે અગાઉ ડોકાયો જ નથી અને વરસાદી મેંઢકની જેમ ચૂંટણીઓ ટાણે ટિકિટો લઈ ફરી ફરીને મલાઈ ઓળવવા નીકળી પડયો છે. જાણકારો કહી રહ્યા છે કે, જો આ બારાતુ સીંગીયા નેતા ખુલ્લીને સોશ્યલ મીડીયા પર કહેતો ફરી રહ્યો છે કે, મારી યુપીમાં ૧૫૦ એકર જમીન છે, હું કંપનીમાં પાંચ લાખનો પગાર ધરાવતો હતો તે છોડીને આવ્યો છુ, તો શુ તેને એફીડેવીટમાં પોતાની સંપત્તીઓની સાચો ચિત્તાર આપ્યો છે ખરો? જોવાની ચકસવાની જરૂર છે. જો માહીતીઓ આ બારાતુ સીંગીયા નેતાએ છુપાવી હોય તો તેની સામે પગલા લેવાય એટલે તે ગેરલાયક ઠરી શકે તેમ પણ કહેવાઈ રહ્યુ છે. મતદારો જે રીતે આ બારાતુ સીંગીયા નેતાને જાકારો આપી રહ્યા છે, જોડાનો હાર પહેરાવી સન્માન કરવા આતુર છે, તે જોતા હવે ચૂંટણી પહેલા જ પોતાની હાર આ બારાતુ સીંગીયો નેતા ભાળી ચુકયો હોવાનુ દર્શાય છે. એકતરફ ફુટી ગયેલો લવીંગીયા સમાન આ બારાતુ સીંગીયો નેતા છે જયારે સામે પક્ષ કોંગ્રેસમાથી પ્રજાજનોમાં સારી છબી ધરાવતા યુવા-પીઢ અને હમેશા પ્રજાના પડખે રહેતા, પ્રજાના સવાલોને રાજકોટ મ્યુ.કમિશ્નર તથા સરકાર તબક્કે સતત ગજવતા રહેતા જાગૃત ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. તે વચ્ચે આ બારાતુ સીંગીયા નેતા થકી એમ પણ કહેવાય છે કે તેના અન્ય સાથે ઉભેલાઓને પણ મતોમાં નુકસાની વેઠવાનો વારો આવી શકે તેમ છે. આ બારારતુ સીંગીયાના જ ચૂંટણી મતદાન પહેલા જ પરસેવો-પરસેવો થઈ જવા પામ્યો છે, તેના કપાળે હારની કરચલીઓ અત્યારેથી જ પડેલી જોવાઈ રહી છે. બીજીતરફ આખીય નગરપાલીકા ભાજપ માટે સારૂ ચિત્ર હોવા ઉપરંત આ બારાતુ સીંગીયા નેતા થકી નુકસાની વેઠવાનો વારો આવતો હોવાનુ જાણેલા પક્ષના રણનીતીકારોનો ગુસ્સો પણ હવે બારાતુ સીંગીયા નેતા તરફ ફુટતો હોવાનુ જોવાઈ રહ્યું છે.

પ્રજા જાગૃત છે, આઠમાં વોર્ડના લોકો હવે સમજી ચુકયા છે, મૌનને અત્યારે હથીયાર બનાવી અને મતદાન વખતે બારાતુ સીંગીયા નેતા જેવાઓને તેનું સ્થાન દેખાડવાનુ મન બનાવી ચુકી હોવાનો વર્તારો દર્શાય છે.

# કચ્છમાં ખાનગી શાળાઓની ગેરરીતિઓ સામે ટીએફઆર એનજીઓ મેદાને

**ધોરણ-૧માં ઈન્ટરવ્યુ અને ગેરકાયદેસર ફી વસૂલાત સામે કડક કાર્યવાહીની માંગ : આરટીઈ એક્ટ અને એફ.આર.સી.ના નિયમોનું ઉલ્લંઘન કરનાર શાળાઓ સામે લાલ આંખ: વાલીઓને જાગૃત થઈ ગેરકાયદેસર માંગણીઓ સામે ફરિયાદ કરવા અપીલ**

ભુજ - કચ્છઉદય : કચ્છમાં ખાનગી શાળાઓ દ્વારા આચરવામાં આવતી વિવિધ ગેરરીતિઓ અને શિક્ષણ જગતના નિયમોના ભંગ સામે ટીએફઆર એનજીઓ દ્વારા સક્રિય ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ભારતમાં કેન્દ્રીય વિદ્યાલય સંગઠન ખાતે સ્કૂલ બેગ પોલિસીના અમલીકરણમાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યા બાદ હવે આ સંસ્થાએ કચ્છમાં શાળાઓ દ્વારા લેવામાં આવતા ગેરકાયદેસર ઈન્ટરવ્યુ, નિયમ વિરુદ્ધની ફી અને પ્લેસ્કૂલના નિયમોના ભંગ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. ખાસ કરીને ધોરણ-૧ માં પ્રવેશ માટે લેવામાં આવતા ઈન્ટરવ્યુ અને ટેસ્ટ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની કલમ ૧૩ મુજબ સંપૂર્ણપણે પ્રતિબંધિત હોવા છતાં અનેક શાળાઓ આ કાયદાનું ઉલ્લંઘન કરી રહી છે. નિયમ મુજબ પ્રથમ વખત ગેરકાયદેસર ઈન્ટરવ્યુ લેવા બદલ ૨૫,૦૦૦ રૂપિયા અને પુનરાવર્તન બદલ ૫૦,૦૦૦ રૂપિયા કે તેથી વધુના દંડની જોગવાઈ હોવા છતાં શાળાઓ દ્વારા વિવિધ પ્રકારની સિલેક્શન પ્રોસિજર અનુસરવામાં આવી રહી છે જે કાયદેસર રીતે ગુનો બને છે. શાળાઓમાં ફીની પારદર્શિતા મુદ્દે પણ ગંભીર સવાલો ઉભા થયા છે કારણ કે ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ રેગ્યુલેશન ઓફ ફીઝ એક્ટ ૨૦૧૭ મુજબ દરેક શાળાએ એફ.આર.સી. દ્વારા મંજૂર થયેલ ફીનું લિસ્ટ નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવું ફરજિયાત છે. એડમિશન કે રજીસ્ટ્રેશનના નામે કોઈપણ વધારાની ફી અથવા કેપિટેશન ફી વસૂલવી ગેરકાયદેસર છે. વાલીઓને પણ કાયદાકીય રક્ષણ મળેલું છે જેમાં તેઓ ફીનું લિસ્ટ જોવાનો, તેની નકલ માંગવાનો અને બિનમંજૂર ફી ચૂકવવાનો ઈનકાર કરવાનો અધિકાર ધરાવે છે. જો કોઈ શાળા ફી લિસ્ટ બતાવવાનો ઈનકાર કરે તો તે કાયદાનો સીધો ભંગ ગણાય છે. નખત્રાણા તાલુકાની વાત કરવામાં આવે તો ત્યાં ડીપીઈઓ દ્વારા જાહેર કરાયેલ યાદી મુજબ માત્ર તેર જેટલી શાળાઓ જ એફઆરસી મંજૂર ધરાવે છે જ્યારે તેનાથી વધુ શાળાઓ કાર્યરત હોવાની માહિતી સામે આવતા તેમની માન્યતા સામે પ્રશ્નાર્થો સર્જાયા છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અને ગુજરાત પ્રી-પ્રાયમરી એજ્યુકેશન પોલિસી ૨૦૨૩ અંતર્ગત પ્લેસ્કૂલ માટે પણ કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. પ્લેસ્કૂલ ચલાવવા માટે ડીઈઓ અથવા ડીપીઈઓ પાસે નોંધણી કરાવવી તેમજ ફાયર સેફ્ટી, બિલ્ડીંગ સેફ્ટી અને હેલ્થ સર્ટિફિકેટ જેવા મહત્વના દસ્તાવેજો હોવા અનિવાર્ય છે. ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકને પ્રવેશ ન આપવો અને રમતગમત આધારિત શિક્ષણ આપવું તેવો સ્પષ્ટ નિયમ છે. કચ્છ જિલ્લામાં હાલ કુલ ૪૨૭ ખાનગી શાળાઓ નોંધાયેલ છે અને આ તમામ આરટીઈ હેઠળ આવે છે. આમ છતાં ઘણી જગ્યાએ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું હોવાની વિગતો પ્રકાશમાં આવી છે ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની આ મામલે કાનૂની જવાબદારી બને છે કે તેઓ આ ગેરરીતિઓ તપાસી કડક પગલાં ભરે. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો જવાબદાર અધિકારીઓ સામે પણ વહીવટી તપાસ થઈ શકે છે. ટીએફઆર એનજીઓ દ્વારા કચ્છના વાલીઓને જાહેર અપીલ કરવામાં આવી છે કે જો કોઈ શાળા પ્રવેશ માટે ઈન્ટરવ્યુ લે, રજીસ્ટ્રેશન ફી માંગે અથવા ફીનું માળખું બતાવવાનો ઈનકાર કરે તો તેના પુરાવા જેવા કે રસીદ, ઓડિયો કે નોટિસ સાચવી રાખવા અને તુરંત સક્ષમ સત્તાધિકારીઓને ફરિયાદ કરવી. સંસ્થાએ આ અંગે સહાયતા માટે વોટ્સએપ નંબર ૯૪૨૬૬ ૪૮૬૯૬ પણ જાહેર કર્યો છે જેથી શિક્ષણના વ્યાપારીકરણ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવી શકાય.

# ભુજના ઉપલીપાળ રોડ પર મહિલાની છેડતીનો પ્રયાસ, પોલીસ એક્શનમાં

**રિક્ષામાં આવેલા ત્રણ શખ્સોએ મહિલાનો પીછો કર્યો : એ-ડિવિઝન પોલીસે કેમેરાના ફૂટેજ તપાસ્યાઃ લુખ્ખા તત્વો સામે કડક પગલાં ભરવા સ્થાનિકોની માંગ**

### સ્થાનિકોમાં ફફડાટ: લુખ્ખા તત્વોનો ત્રાસ વધ્યો

સ્થાનિક જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં અનેક મંદિરો આવેલા હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ બહેનોની અવરજવર રહે છે. સાંજ પડતાની સાથે જ અહીં અવાવરું જેવી સ્થિતિ સર્જાય છે, જેનો લાભ લઈને આવારા તત્વો ફૂલ સ્પીડમાં બાઈક ચલાવી મહિલાઓ સાથે અમાનુષી વર્તન કરતા હોવાની ફરિયાદો ઉઠી છે. અગાઉ પણ અહીં ચેઈન સ્નેચિંગ જેવી ઘટનાઓ બની ચૂકી છે. સામાજિક બદનામીના ડરે ઘણી મહિલાઓ ફરિયાદ કરવા આગળ આવતી નથી, જેનો ફાયદો ગુનેગારો ઉઠાવી રહ્યા છે.

ભુજ : શહેરના પોશ અને ધાર્મિક મહત્વ ધરાવતા ઉપલીપાળ રોડ પર બે દિવસ પૂર્વે સાંજના સમયે એક મહિલા સાથે દુર્વ્યવહારની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ બાબતે સોશિયલ મીડિયામાં એક મેસેજ વાયરલ થયો છે, જેમાં જણાવાયું છે કે રાત્રિના સાડા આઠ વાગ્યાના અરસામાં જૂના સ્વામિનારાયણ મંદિર તરફ જતા માર્ગ પર એક મહિલા પસાર થઈ રહ્યા હતા, ત્યારે રિક્ષામાં આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને પકડી ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે, મહિલાના પતિ ત્યાં આવી પહોંચતા અને બૂમાબૂમ થતા આરોપીઓ નાસી છૂટ્યા હતા. આ ઘટના અંગે અરજદાર દ્વારા એ ડિવિઝન પોલીસ મથકે રજૂઆત કરાતા પોલીસે મામલાને ગંભીરતાથી લીધો છે. આ બાબતે પી.આઈ. એમ.આર. નકુમ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે, મહિલાની રજૂઆત બાદ તાત્કાલિક પોલીસ ટીમને ઘટનાસ્થળે મોકલી આસપાસના મંદિરો અને જાહેર માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરા તપાસવામાં આવ્યા છે. જોકે, હજી સુધી કોઈ શંકાસ્પદ ગતિવિધિ ફૂટેજમાં કેદ થઈ નથી, પરંતુ પોલીસ આ દિશામાં ઊંડાણપૂર્વકની વધુ તપાસ કરી રહી છે.

### વિસ્તારમાં પોલીસ ચોકી અને શહેરમાં પેટ્રોલિંગની માંગ

રહેવાસીઓએ આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કાયમી પોલીસ ચોકી ઉભી કરવાની અથવા સાંજના સમયે સઘન પેટ્રોલિંગ કરવાની માંગણી કરી છે. ખાસ કરીને હમીરસર કિનારો, ખેંગાર પાર્ક, મંગલમ ચાર રસ્તા રોડ, રીલાયન્સ સર્કલ, હોસ્પિટલ રોડ, બસ સ્ટેશન જેવા વિસ્તારોમાં પણ લુખ્ખા તત્વોનો જમાવડો રહેતો હોવાથી સમગ્ર શહેરમાં પોલીસ ડ્રાઈવ ચલાવી આવા તત્વોને કાયદાનું ભાન કરાવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. અગાઉ એ ડિવિઝનમાં પીઆઈ હાર્દિક ત્રિવેદી હતા ત્યારે સઘન ચેકીંગના કારણે લુખ્ખા તત્વો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા ફરી તેવી કાર્યવાહીની માંગ ઉઠી છે હાલમાં ભુજ શહેરના ડીવાયએસપીની જવાબદારી નિડર અને તટસ્થ મહિલા અધિકારી પાસે છે ત્યારે મહીલાઓ માટે શહેરમાં સુરક્ષીત વાતાવરણ ઉભું થાય તેવી કામગીરી કરવામાં આવે તેવી લાગણી પણ શહેરીજનો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આ મામલાને ખૂબ ગંભીરતાથી લેવામાં આવ્યો હોવાનું પણ ઉમેર્યું હતું.


## જાહેર નોટિસ

આથી હું મોહનલાલ માંગીલાલ જોહિન્દ, રહે. કિડાણા સોસાયટી, તા. ગાંધીધામ-કચ્છ વાળા આ જાહેર નોટીસથી જાહેર કરું છું કે, અમારી દિકરી ડીમ્પલ મોહનલાલ જોહિન્દ. અમારા પરિવારને કોઈપણ જાણ કર્યા વગર પોતાની મરજીથી રણજીત ચેતનલાલ ગોડોન્સા સાથે તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ લગ્ન કરી લીધેલ છે અમારી દીકરી ડીમ્પલ અમારા કહ્યામાં નથી અને અમારે તેની સાથે હવે કોઈ સબંધ રહેતો નથી. જેથી અમારી દીકરી સાથે કોઈએ કોઈપણ પ્રકારનો વ્યવહાર જેમ કે, રૂપિયા, ચીજ-વસ્તુ, દર-દાગીના, કપડા-લતા વિગેરેનો કરવો નહીં. તથા મારી મિલકત માંથી પણ કોઈ પર પ્રકાર નો હક્ક ભવિષ્યમાં પણ રહેતો નથી. હવે અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. અમો કોઈપણ રીતે જવાબદાર રહીશું નહી જેની આ જાહેર નોટીસથી સર્વે લાગતા-વળગતા તમામને જણાવવામાં આવે છે.

સ્થળ :- કિડાણા-ગાંધીધામ-કચ્છ
તારીખઃ- ૨૦/૦૪/૨૦૨૬
અમારી મારફતેઃ-
(કે.એસ.પરિહાર) એડવોકેટ ગાંધીધામ-કચ્છ.
મો. ૮૩૪૭૩૫૨૩૩૭

મોહનલાલ માંગીલાલ જોહિન્દ
(જાહેર કરનાર)

NEWS PAPER


## છેલ્લા પાનાનું ચાલુ..

**કચ્છમાં ચૂંટણીના**

રહી પ્રજાના કામો કરવા જ પડશે કચેરીના નોટિસ બોર્ડ પર હાજર અને ગેરહાજર સ્ટાફની વિગતો મૂકવામાં આવે તો જ લોકોને ફાયદો થઈ શકશે. ચૂંટણી લોકશાહીનો ઉત્સવ છે, પણ તે સામાન્ય જનતા માટે મુસીબત ન બનવો જોઈએ. જે અધિકારીઓ ખરેખર મેદાનમાં પરસેવો પાડી રહ્યા છે તેમને સલામ છે, પણ જેઓ માત્ર ચૂંટણીના ઓઠે જવાબદારીથી ભાગી રહ્યા છે, તેમના પર કડક તવાઈ આવવી જોઈએ.

**ભુજ આરટીમાં અંધેર નગરી**

હવે સમય આવી ગયો છે કે ભુજ આરટીઓ કચેરીમાં પૂરતા પ્રમાણમાં ઈન્સ્પેક્ટરોની નિમણૂક કરવામાં આવે અને જે રીતે એપોઈન્ટમેન્ટ કેન્સલ કરવામાં આવી છે, તેવા અરજદારોને પ્રાથમિકતા આપીને વહેલી તકે તેમના ટેસ્ટ પૂર્ણ કરવામાં આવે. જો તંત્ર પોતાની કાર્યપદ્ધતિમાં આમૂલ પરિવર્તન નહીં લાવે, તો લાયસન્સ માટેની આ હાડમારી ભવિષ્યમાં વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. જનતાના રોષને પારખીને તંત્રએ પોતાની લાપરવાહી ખંખેરી નાખવી જોઈએ અને ‘ચૂંટણીનું બહાનું’ ધરીને હાથ ઊંચા કરી લેવાની વૃત્તિ ત્યાગવી જોઈએ. ડિજિટલ સુવિધાઓનો ઉપયોગ અરજદારોની સુવિધા માટે થવો જોઈએ, નહીં કે તેમને રઝળાવવા માટે. જો આ પરિસ્થિતિ નહીં સુધરે તો સ્લોટમાં કરેલો વધારો માત્ર કાગળ પરના આંકડા સમાન બની રહેશે અને ભુજ આરટીઓનું વહીવટી તંત્ર હંમેશા પ્રશ્નોના ઘેરામાં રહેશે. અરજદારોની માંગ છે કે તેમને મળેલા અન્યાયનો તુરંત ઉકેલ લાવવામાં આવે અને ભવિષ્યમાં આવી અણઘડ પરિસ્થિતિ ન સર્જાય તેની ખાતરી આપવામાં આવે.

## દેવપુર મંડન ગોડીજી પાર્શ્વનાથદાદાના દરબારે

# ધ્વજા મહોત્સવ એવમ્ ત્રિહાન્હિકા મહોત્સવનો પ્રારંભ









ગઢશીશા - કચ્છ ઉદય : દેવપુરનગરે ગોડીજી પાર્શ્વનાથદાદાની છત્રછાયામાં દેરાસરજીના ૧૪૪ મી ધ્વજા નિમિત્તે દેવપુર જૈન મહાજન અને દેવપુર મુંબઈ મહાજન અને લાભાર્થી પરિવારોના સહયોગે આજથી ત્રિ-દિવસીય ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવણીનો ગુરૂભગવંતોના માંગલિકથી પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે આજે સવારે મહોત્સવમાં ભાગ લેવા સંઘ સ્વરૂપે પધારેલા ૬૦૦ જેટલા ભાવિકોનું નગરના પ્રવેશદ્વાર વાજતે ગાજતે ભવ્ય સામૈયું કરાયું હતું.

**મહોત્સવને અનુલક્ષી ૬૦૦ જેટલા મુંબઈગરાઓનું થયેલું આગમન : દેવપુર મહાજન તથા લાભાર્થી પરિવારો દ્વારા કરાયું ભવ્ય સામૈયું : સવારે વ્યાખ્યાન અને બપોરે અઢાર અભિષેક પૂજન ભણાવાયું**


સવારે ૯ કલાકે નિશ્રાદાતા પૂ. સાધ્વી ભગવંત જયપદમ ગુણાશ્રીજી મ.સા.એ માંગલિક ફરમાવી દેવપુર મહાજનના આયોજનને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. જૈન વિધિકાર ડો. હર્ષ દેઢિયા દ્વારા વિધિ વિધાન સહ બપોરે ૧૨:૩૯ મિનિટે અભિજીત મુહૂર્તે ઉપાશ્રય પાસેના વિશાળ સભા મંડપ મધ્યે અઢાર અભિષેક પૂજન ભણાવાયું હતું. પ્રમુખ અને ટ્રસ્ટી ગણે પાંચ દિવસ સુધીની સાર્ધમિક ભક્તિ અને ત્રિ-દિવસીય મહોત્સવનો લાભ લેવા ભાવિકોને અનુરોધ કર્યો હતો. મુંબઈ મહાજનના પ્રમુખ ભાઈલાલભાઈ વોરા, મંત્રી મયૂર વિસરીયા, દેવપુર જૈન વર્ધમાન આયંબિલના પ્રમુખ જયંતીભાઈ વિસરીયાની આગેવાનીમાં પધારેલા ૬૦૦ જેટલા ભાવિકોમાં અનેરાવ ઉત્સાહ જોવા મળ્યો હતો. દેવપુર મહાજનના પ્રમુખ નવીનભાઈ ગાલા, ટ્રસ્ટી રામજીભાઈ મોતા સહિતના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. ધ્વજાના લાભાર્થી ધનજીભાઈ ટોકરશી ગાલા સહિતના લાભાર્થીઓ દ્વારા ધર્મલાભ લેવા સૌને નિમંત્રણ પાઠવાયું હતું.

# ગાંધીધામમાં બે પરિવારો ઝઘડો થતા સામ સામે મારામારી : ૧૪ લોકો સામે ગુનો

ગાંધીધામ - કચ્છ ઉદય : એક તરફ હાલમાં ચૂંટણી છે. પોલીસ દ્વારા એવા દાવા કરવામાં આવે છે કે, કાયદો - વ્યવસ્થા જાળવવા માટે અમે કોમ્બીંગ, પેટ્રોલિંગ, ચેકિંગ કરીએ છીએ પરંતુ જિલ્લામાં હત્યા, ખૂની હુમલા, મારામારી સહિતની ઘટનાઓ અટકી નથી. આવી ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. જેથી પોલીસના દાવાઓ પોકળ સાબિત થયા છે ત્યારે પૂર્વ કચ્છમાં અલગ અલગ ચાર ઘટનાઓ સામે આવી હતી. શહેરના ખોડિયાનગરમાં થયેલી મારામારી બાબતે ફરિયાદી લાલુભાઈ લક્ષ્મણભાઈ દેવીપુજકે એ-ડિવિઝન પોલીસમાં જણાવ્યું કે, અગાઉ થયેલી બોલાચાલીના મનદુઃખે ફરિયાદીના ભાઈ અને તેમની પત્ની આવતા હતા ત્યારે આરોપીઓએ ઝઘડો કર્યો હતો. જેમાં ભાવેશ સોમાભાઈ દેવીપુજક, ગણપત સોમાભાઈ દેવીપુજક, જગમાલ સોમાભાઈ દેવીપુજક, પ્રવીણ સોમાભાઈ દેવીપુજક, મુકેશ ભાવેશભાઈ દેવીપુકજ, ગીરધર સોમાભાઈ દેવીપુજક, ગીરધરનો છોકરો આ તમામ જણાએ ભેગા મળી ફરિયાદીના ભાઈ રવીને માર મરાયો હતો. છોડાવવા માટે વચ્ચે પડેલા સુરેશ લક્ષ્મણ, જયંતીભાઈ લક્ષ્મણભાઈ, અનિલભાઈ લાલુભાઈને માર મરાયો હતો. આરોપીઓએ લોખંડની ટામી, ધારિયા વડે હુમલો કરતા ગંભીર ઈજાઓ થઈ હતી. સામે પક્ષે જલુબેન ભાવેશભાઈ દેવીપુજકે ફરિયાદમાં જણાવ્યું કે, મૂળજી દેવજી દેવીપુજક, જેસંગ મૂળજી દેવીપુજક, જયંતી લક્ષ્મણ દેવીપુજક, સુરેશ લક્ષ્મણ દેવીપુજક, અનિલ લાલુભાઈ દેવીપુજક, લાલુભાઈ લક્ષ્મણભાઈ દેવીપુજક, રવી લક્ષ્મણ દેવીપુજકે ભેગા મળી ઝઘડો કર્યો હતો. જેમાં લોખંડની ટામી, તલવાર તેમજ ધારદાર હથિયાર વડે હુમલો કરતા ફરિયાદીના દીયર ગણપતભાઈ સોમાભાઈ, પ્રવીણ સોમાભાઈ, જગમાલભાઈ સોમાભાઈ, વર્ષાબેન, જ્યોતિબેન, સંગીતાબેન, વિશાલભાઈને સામાન્ય ઈજાઓ થવા સાથે રીક્ષામાં પથ્થરમારાથી કાચ તુટ્યા હતા. જેથી ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે સામ સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે. દરમિયાન ગાંધીધામમાં રેલવે કોલોની વિસ્તારમાં બે પક્ષો વચ્ચે સામ સામે ડખ્ખો થયો હતો. જેમાં માફી મંગાવવા મુદ્દે મારામારી સાથે બાથરૂમ સાફ કરવાનું કેમીકલ ફેકવાનો પ્રયાસ થયો હતો. જે મામલે એ-ડિવિઝન પોલીસે સામ સામે ફરિયાદ નોંધી હતી. આ તરફ ભચાઉ તાલુકાના શિવલખાથી વસટવા જતા ચાર રસ્તા પર પાણીના ટાંકા પાસે મારામારી થઈ હતી. અદાણી કંપનીમાં કામ રાખવા બાબતે ઝઘડો થયો હતો. ફરિયાદી જીતુભા શિવુભા જાડેજાએ આ મામલે વનરાજસિંહ વેલુભા જાડેજા, બાલુભા વેલુભા જાડેજા, ઉમેદસિંહ વેલુભા જાડેજા, મયૂરસિંહ વેલુભા જાડેજા સામે લાકડિયા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

જયારે ભચાઉ તાલુકાના જુના કકરવા નિલપર પાટીયા પાસે યુવાનને માર મારી અપહરણ કરવામાં આવ્યું હતું. ફરિયાદી મૂળ ભચાઉના હાલે મોખા ચોકડી પાસે મુન્દ્રામાં રહેતા રમેશનાથ બાબુનાથ વાદીના જણાવ્યા પ્રમાણે તેઓ બાઈક લઈને આવતા હતા ત્યારે આરોપી ભચાઉના ખોળાનાથ નાગનાથ વાદી, દેવનાથ નાગનાથ વાદી, ભરવનાથ નાગનાથ વાદી, નાગનાથ સાહેબનાથ વાદીએ રસ્તામાં ગાડી અને બાઈક લઈને ઊભા હતા. ફરિયાદીને ઊભા રખાવી માર મારવામાં આવ્યો હતો. આરોપી બીછાનાથ સાહેબનાથ અને ચચાનાથ સાહેબનાથ કાળા કલરની થાર ગાડીમાં આવ્યા અને લાકડાના ધોકા વડે માર મારી ફરીયાદીને ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડી હતી. આરોપીઓ યુવાનને બાઈક પર બેસાડી લઈ ગયા હતા. ભચાઉ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

# સમાઘોઘાના પૂર્વ સરપંચ વિજયસિંહ જાડેજાના પિતાનું નિધન



મુંદરા - કચ્છઉદય : તાલુકાના સમાઘોઘા જૂથ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ વિજયસિંહ જાડેજાના પિતા અજીતસિંહ ખેંગારજી જાડેજા (ઉ.વ. ૭૫)નું ટૂંકી માંદગી બાદ ગઈકાલે નિધન થયું છે. સ્વ. અજીતસિંહ ખેંગારજી જાડેજા શાંત, સરળ અને ધર્મપ્રેમી હતા. તેઓના નિધનથી પરિવાર તેમજ આસપાસના ગામોના મિત્ર વર્તુળમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું છે. તેમની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. સ્વ.ના માનમાં કચ્છ જિલ્લા સર્વ સેવા સંઘના પ્રમુખ જીગરભાઈ છેડા, ગિરીશભાઈ છેડા, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, મુંદરા તાલુકા ભાજપના પ્રમુખ શક્તિસિંહ જાડેજા, શહેર પ્રમુખ અરવિંદભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ વાલજીભાઈ ટાપરિયા, વિશ્રામભાઈ ગઢવી, કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન છાયાબેન ગઢવી, મુ.ન.પાલિકાના પ્રમુખ રચનાબેન જોષી, કારોબારી ચેરમેન ભોજરાજભાઈ ગઢવી, ધર્મેન્દ્રસિંહ ઝાલા, ભુજપુર ગ્રામ પંચાયતના ઉ.સરપંચ માણેકભાઈ ગઢવી, પ્રણવ જોષી, ડાયાલાલ આહિર, મહેશભાઈ જાડેજા, રવાભાઈ આહિર, જયપાલસિંહ જાડેજા, જુવાનસિંહ ભાટી, ડી.એમ. ગઢવી, ચેતનભાઈ ચાવડા, ચકુભા જાડેજા, તા. પં. પૂર્વ પ્રમુખ મહિપતસિંહ જાડેજા, શક્તિસિંહ જાડેજા, કે.એમ. જાડેજા, નટુભા ચૌહાણ તથા મિત્ર વર્તુળ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# ગાંધીધામમાં પેરાડાઇઝ ફાઉન્ડેશનની શપથ ગ્રહણ અને નવી કાર્યકારી સમિતિની સત્તાવાર જાહેરાત




ગાંધીધામ ખાતે પેરાડાઈઝ ફાઉન્ડેશન દ્વારા ૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ભવ્ય શપથ ગ્રહણનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના સભ્યોની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટેની નવી કાર્યકારી સમિતિની સત્તાવાર જાહેરાત કરવામાં આવી.


આ પ્રસંગે નવી સમિતિના સભ્યોએ સંસ્થાના મૂલ્યો અને સેવાકાર્યોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધતાની શપથ લીધી. નવી ટીમ દ્વારા સંસ્થાના વિકાસ અને સમાજસેવાના કાર્યોને વધુ વિસ્તૃત બનાવવાનો દ્દઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો.

નવી કાર્યકારી સમિતિમાં પ્રમુખ તરીકે હેતલ સોલંકી, ઉપપ્રમુખ તરીકે ડૉ. હરીશ માલી અને અમૃતા દાસગુપ્તા, સચિવ તરીકે વિક્રમ દુલગચ, સંયુક્ત સચિવ તરીકે પ્રિતી મોમાયા અને રાજેશ વાઘેલા તથા ખજાનચી તરીકે સ્મિત ઠક્કર અને કારોબારી સભ્ય તરીકે ડો.કિશન કટુઆ,જુલી સોની,સીમા સેઠી,હિરલ સોલંકી, શિવરાજસિંહ જાડેજા,વિશાલ ઠક્કર, ડો.લીના રાજાણી,દામિની સોની,જેન્સી જહોન,સુનિતા મહેરા અને મીરા પરમાર ની નિમણૂક કરવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન સંસ્થાના સ્થાપક સન્ની બુચિયા અને પિયુષ શ્રીવાસ્તવ દ્વારા સંસ્થાની સફર અને ભવિષ્યની યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ભૂતપૂર્વ પ્રમુખ ઈશાની ગોસ્વામી અને જયશ્રી કેવલાણી દ્વારા નવી ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ઉત્સાહભર્યા માહોલમાં યોજાયેલા આ કાર્યક્રમનો અંત આભારવિધિ સાથે કરવામાં આવ્યો.કાર્યક્રમનું સંચાલન સ્મિત ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

# કુશળ અનુભવી રાજનેતા કચ્છના સપૂત દિનેશભાઈ ત્રિવેદીની બાંગ્લાદેશના રાજદ્વારી તરીકે નિમણૂક



**કચ્છ સાથે ત્રણ પેઢીઓથી અનેક સેવા પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા દિનેશભાઈ ત્રિવેદીમાં રહેલી વિશિષ્ટ શક્તિઓ અને અનુભવને જોઈને વડાપ્રધાન દ્વારા તેમની બાંગ્લાદેશના નવા પ્રધાનમંત્રી સાથે સંબંધો સુધારવા માટે ખાસ નિમણૂક કરાઈ : બિદડા સર્વોદય ટ્રસ્ટમાં સેવા પ્રવૃત્તિઓમાં તેમનું વર્ષોથી મુખ્ય પ્રદાન રહ્યું : બે વાર કેન્દ્રીયમંત્રી રહેલા કચ્છી સબૂત દિનેશભાઈ સતત પાંચ વાર સંસદ સભ્ય બનતા આવ્યા છે : હાલ તેઓ ભારતીય જનતા પાર્ટીના મહત્વના રાષ્ટ્રીય નેતા તરીકેનું સ્થાન ધરાવે છે**

ભુજ - કચ્છઉદય : બાંગ્લાદેશમાં ભારતના આગામી રાજદ્વારી તરીકે ખૂબ જ અનુભવી અને વિદેશથી સંબંધો માટે અત્યંત નિષ્ણાત મનાતા મૂળ કચ્છના અને જેનો કચ્છની સેવા પ્રવૃત્તિઓ સાથે લાંબા સમયથી સંબંધ રહ્યો છે તેવા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દિનેશ ત્રિવેદીની નિમણૂક થતાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ફરીથી તંદુરસ્ત સંબંધો ફરીથી સ્થાપિત થશે. પડોશ બાંગ્લાદેશમાં તાજેતરની ઘટનાઓ પછી શ્રી ત્રિવેદી રાજદ્વારી પ્રણય વર્માનું સ્થાન લેશે, જેઓ ભારતીય રાજદૂત તરીકે બ્રસેલ્સ નિમવામાં આવ્યા છે.

કચ્છના ગૌરવ સમાન દિનેશભાઈ ત્રિવેદીની રાજદ્વારી તરીકેની થયેલી નિમણૂક માટે સમગ્ર કચ્છી અને ગુજરાતી સમાજ બહુ જ ગૌરવ અનુભવી રહ્યો છે. બાંગ્લાદેશના નવા પ્રધાનમંત્રી તારિક રહેમાન સાથેના સંબંધોને ફરીથી સ્થાપિત કરવા માટે બાંગ્લાદેશમાં હાઈકમિશનર તરીકે દિનેશભાઈની નિમણૂક ખૂબ જ મહત્વપૂર્ણ ગણાય છે. દિનેશભાઈને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ક્ષેત્રમાં બહોળો અનુભવ છે. દિનેશભાઈનો કચ્છ સાથે બિદડાના સેવાભાવી અગ્રણીઓ બચુભાઈ રાંભિયા વગેરે સાથેનો ત્રણ પેઢીઓથી જૂનો સંબંધ છે અને વ્યક્તિગત રીતે છેલ્લા ૩૫ વર્ષથી તેઓ બિદડા સાથે સંકળાયેલા છે. તેઓ બિદડા સર્વોદય ટ્રસ્ટના માટે તેમનું ઘણું જ મુખ્યપ્રદાન છે. કચ્છના સપૂત દિનેશભાઈ ત્રિવેદી પાંચ વખત સાંસદ રહી ચૂક્યા છે. દિનેશભાઈ ત્રિવેદી પહેલા સામ્યવાદી પક્ષ સાથે જોડાયેલા હતા અને ૨૦૦૯થી ૨૦૧૨ દરમિયાન આરોગ્ય મંત્રી અને આપણા ૨૦૧૨થી ૨૦૧૩ દરમિયાન દેશના રેલ્વેમંત્રી પણ રહી ચૂક્યા છે. હવે તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયા છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમનામાં રહેલી વિશેષ શક્તિઓને ઓળખી અને તેમની આ નિમણૂક કરી હોવાનું મનાય છે. તેમની બાંગ્લાદેશના હાઈ કમિશનર તરીકે પસંદગી થવાથી દેશને એક અનુભવી અને સક્ષમ મહાનુભાવ આંતરરાષ્ટ્રીય સંબંધો ક્ષેત્રે મળ્યા છે. તેનાથી સ્થાનિક કચ્છ અને દુનિયાભરમાં રહેતા કચ્છીઓમાં ખૂબ જ આનંદની લાગણી ફેલાઈ છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | | | | 9 | |
| | | 5 | 8 | | | | | 2 |
| | 9 | | | 6 | | | | |
| 7 | 6 | | 3 | | | | | 8 |
| | | 9 | | | | 4 | | |
| 5 | | | | | 4 | | 1 | 3 |
| | | | | 8 | | | 3 | |
| 9 | | | | | 7 | 2 | | |
| | 8 | | | | 2 | 6 | 7 | 5 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 4 | 9 | 2 | 5 | 1 | 6 | 3 |
| 6 | 1 | 3 | 4 | 8 | 7 | 9 | 5 | 2 |
| 2 | 5 | 9 | 1 | 3 | 6 | 8 | 4 | 7 |
| 9 | 3 | 5 | 8 | 4 | 2 | 7 | 1 | 6 |
| 8 | 4 | 7 | 6 | 9 | 1 | 3 | 2 | 5 |
| 1 | 2 | 6 | 7 | 5 | 3 | 4 | 8 | 9 |
| 4 | 7 | 2 | 5 | 1 | 9 | 6 | 3 | 8 |
| 5 | 6 | 8 | 3 | 7 | 4 | 2 | 9 | 1 |
| 3 | 9 | 1 | 2 | 6 | 8 | 5 | 7 | 4 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : કચ્છ ગુર્જર ક્ષત્રિય પ્રેમકુંવરબેન રાઠોડ (ઉ.વ.૯૬) તે સ્વ. મોતીલાલ વાલમજી રાઠોડના પત્ની, સ્વ. દેવજીભાઈ કુંવરજીભાઈ પરમાર (મૂળ કુકમા)ના પુત્રી, હેમરાજભાઈ, ભારતભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. રવીન્દ્રભાઈ, અશોકભાઈ, નીલમબેન ટાંકના માતા, જયોતિબેન, કિરણબેન, મોનિકાબેન, જયશ્રીબેન, રાધિકાબેન, વ્રજલાલ રતિલાલ ટાંકના સાસુ, મેહુલ, દિપેન, મૌલિક, તીર્થ, સંકેત, ચૈતન્ય, સ્વ. ઉર્વિના દાદી, વિભુતિ, હરીતના નાની, કવિતા, હીરલ, આરતી, ભક્તિ, યશ્વીના દાદી સાસુ, ધન્ય, જત્ય, અદ્વૈત, મૃણાલિની, માન્યા, ધ્વનિત, જૈવિકના પરદાદી, સમર્થના પરનાની, લક્ષ્મણભાઈ પરમાર, ભાનુભાઈ, અમૃતલાલ, રસીલાબેન ચૌહાણના બહેન તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪ના સોમવારે સાંજે ૫થી ૬ વાગ્યે સમસ્ત ગુર્જર લોહાર સમાજવાડી, પ્લોટ નંબર ૧૨૬, સેક્ટર-૮, ઓસ્લો રોડ, ગાંધીધામ ખાતે.

**ભુજ** : મૂળ કીડિયાનગરના જયંતીભાઈ મોહનભાઈ દરજી (ઉ.વ. ૫૭) તે ગં.સ્વ. ગોદાવરીબેન મોહનભાઈના પુત્ર, ગં.સ્વ. ચંદ્રિકાબેનના પતિ, હિરેનભાઈ, જયભાઈના પિતા, દિપાલીના સસરા, ધીરૂભાઈ મોહનભાઈ દરજી, ગીતાબેન, નીરૂબેન, સરોજબેન, ગં.સ્વ. રેખાબેનના ભાઈ, મંજુલાબેનના દિયર, જાગૃતિબેન તથા કલ્પેશભાઈના કાકા, ઉર્મિલાબેનના કાકાજી, રણછોડભાઈ, દીપકભાઈ (સાણંદ)ના પિતરાઈ ભાઈ, રાજુભાઈના કાકા, ભાણજીભાઈ (રાપર)ના ભત્રીજા, વિઠ્ઠલભાઈ, બળદેવભાઈ, ચમનભાઈ (આડેસર)ના ભાણેજ, મગનભાઈ ભવનભાઈ લીંબડ (તલોદ)ના જમાઈ, પૃથ્વી, ખુશી, વિશ્વા, કીર્તનના દાદા તા. ૧૦-૪ના અવસાન પામ્યા છે. સામાજિક લૌકિકક્રિયા અને મોરિયા તા. ૨૦-૪ના સોમવારે ભાનુશાલી સમાજવાડી, જેષ્ઠાનગર, ભુજ ખાતે.

**ભુજ** : કિરણભાઈ ગોર (જોષી) (ઉ.વ. ૬૭) તે સ્વ. ડોલરબાળા વલ્લભરામ નરભેરામ ગોરના પુત્ર, સ્વ. કંચનબેન તથા રતનબેનના પતિ, અપેક્ષા સચિન ગોર, નિધિ પિનાકીન ગોર, માધવ, આરતી મોતા, જેમિન માલાણીના પિતા, ક્રિષ્નાના સસરા, કિશોરભાઈ, રાજેન્દ્રભાઈ, નયનાબેન હરિલાલ માકાણી, સ્વ. ઉષાબેન કિશોરભાઈ બાવાના ભાઈ, સ્વ. ભારતીબેનના દિયર, દર્શનાબેનના જેઠ, સ્વ. વેલબાઈ લક્ષ્મીદાસ અજાણીના જમાઈ, સ્વ. નારાણજી, હીરાલાલ, સ્વ. ગવરીશંકર, સ્વ. ખરાશંકર, અરવિંદભાઈ, ભરતભાઈ, વસંતભાઈ, જયાબેન રતિલાલ નાકરના બનેવી, રતિલાલ ગવરીશંકર નાકરના સાઢુભાઈ, સ્વ. પ્રકાશ, સ્વ. જિજ્ઞેશ, ડો. જીત, મનીષાબેન મેહુલકુમાર ઉગાણી, ખુશાલી પાવનના કાકા, સંદિપ, વૈશાલી, જયદીપ, નેહા હર્ષદ, નૃપા, સ્વ. દર્પના મામા, આરવ, નિર્વા, મેહર, રીવાંશના નાના તા. ૧૭-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪-૨૦૨૬ના સોમવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ આર. ટી.ઓ. સમાજવાડી, ભુજ ખાતે.

**ભુજ** : રાજગોર કિરણભાઈ વલ્લભરામ જોશી (ઉ.વ. ૬૭) તે સ્વ. ડોલરબાળાબેન વલ્લભરામ નરભેરામ જોશીના પુત્ર, સ્વ. કંચનબેન તથા રતનબેનના પતિ, સ્વ. વેલબાઈ લક્ષ્મીદાસ મોનજી અજાણીના જમાઈ, ગં.સ્વ. ભાગ્યવંતીબેન નારાણજી, સાવિત્રીબેન હીરાલાલ, સ્વ. વિજયાબેન ગૌરીશંકર, સ્વ. નિમુબેન ખરાશંકર, ઈન્દિરાબેન અરવિંદ, ભાવનાબેન ભરત, મીનાબેન વસંતના નણંદોયા તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૪ના સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ આરટીઓ રિલો. સાઈટ, મુક્તાબેન ઉમિયાશંકર રાજગોર સમાજવાડી ખાતે.

**ભુજ** : મૂળ થાણાના મુકેશ નારાણજી પલણ (ઉ.વ. ૬૫) તે સ્વ. કાંતાબેન નારાણજીના પુત્ર, સ્વ. ડિનેશ, સ્વ. કિશોરના નાના ભાઈ, ધવલકુમાર ડિનેશભાઈના કાકા, સ્વ. સુશીલાબેન મૂળજી ઠક્કર, સ્વ. પ્રેમિલાબેન પ્રેમજીના ભાણેજ તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪ના સોમવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ચાગબાઈ સુંદરજી સેજપાલ સત્સંગ હોલ, બિલેશ્વર મહાદેવ મંદિર, ભુજ ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે).

**માધાપર (તા. ભુજ)** : મૂળ ભુજપુરના મ.ક.સ.સુ. જ્ઞાતિ દરજી કાંતાબેન પરમાર (ઉ.વ. ૮૨) તે સ્વ.મોહનલાલ રામજી પરમારના પત્ની, સ્વ. શિવજી રામજી (મુંદરા), સ્વ. વાલજી રામજી (મોટા આસંબિયા), સ્વ. બચીબેન અને સ્વ. પાર્વતીબેનના ભાભી, ગં.સ્વ.મધુબેન રશ્મિકાંત ચાવડા (માંડવી), આશાબેન (જશુબેન) પ્રભુલાલ પરમાર (માધાપર), સ્વ. કલ્પનાબેન મોહનલાલ પરમાર (ગઢશીશા), ગં. સ્વ. કૌશલ્યાબેન પ્રલાદભાઈ મોઢ (કપાયા), રેખાબેન નરેશભાઈ મકવાણા (ડોમ્બિવલી હાલે માધાપર), સોનલબેન અશોકભાઈ પરમાર (માધાપર), પ્રીતિબેન ભાઈલાલભાઈ ડાભી (માધાપર), સ્વ. મીનાબેન કમલેશભાઈ પરમાર (મુંબઈ), દીપાલીબેન નરેશભાઈ નાઢા (ગાંધીધામ)ના માતા, પ્રવીણભાઈ, સ્વ. ધનસુખભાઈ, કિશોરભાઈ, હિંમતભાઈના મોટી મા, સ્વ.વેલુબાઈ શામજીભાઈ પરમાર (ફરાદી)ના પુત્રી, કુસુમ અને ચંદ્રિકાના મોટા સાસુ, સ્વ. હેમરાજ શામજી (ફરાદી), સ્વ. રાધાબેન કાનજી પરમાર (વડાલા), સ્વ. લક્ષ્મીબેન દામજી પરમાર (નવીનાળ), સ્વ. લીલાવંતીબેન લક્ષ્મીચંદ પરમાર (ડેપા)ના બહેન, રક્ષા, મિતલભાઈ, દીપા, હિના, જયશ્રી, પદ્મિની, ભરત, કોમલ, રશ્મિ, ધર્મેન્દ્ર, હિતેશ, જયેશ, અશોક, ડિમ્પલ, રાખી, હેમંત, દીપ, કિશન, શ્વેતા, રાહુલ, રૂચિત, પ્રાચી, ભૂમિ, યાજ્ઞિક, શ્રેયાંશ, નાયરાના નાની તા.૧૮-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૨૦-૪ના સોમવારે સાંજે ૪થી ૫, સોરઠિયા સમાજવાડી, ગાયત્રી મંદિરની બાજુમાં, માધાપર ખાતે.

**ધ્રબ (તા. મુંદરા)** : તુર્ક સાયમાબાનુ આરીફ (ઉ.વ. ૨૫) તે આરીફ કાસમ લાલનાના પત્ની, કાસમ અદ્રેમાન લાલનાના પુત્રવધૂ, સાલેમામદ અદ્રેમાન લાલનાના ભત્રીજાવધૂ, મ. રઝાક મામદ પટેલના પુત્રી, મ. સાજીદ તથા મોહયુદ્દીનના બહેન તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૧-૪ના મંગળવારે સવારે ૯:૩૦થી ૧૦:૩૦ તુર્ક જમાતખાના, ધ્રબ ખાતે.

**માંડવી** : મુક્તાબેન કાનજી મામતોરા (કાલીવાલા) (ઉ.વ.૯૪) તે સ્વ. કેસરબેન ભગવાનજી મામતોરાના પુત્રવધૂ, સ્વ. જેઠાલાલ, સ્વ. દેવકૃષ્ણ, સ્વ. કમળાબેન, સ્વ. વિજયાબેન, સ્વ. રાધાબેનના ભાભી, દિનેશ, ડો. પંકજ, ચંદ્રસિંહ, લહેરી, લવેશ, ભૂપેશ, રમેશ, વનિતા, રસિક ટાટારિયા, લતા હીરાલાલ કપૂર, કુમુદ કાંતિલાલ ગોરાતેલાના માતા, મિનાક્ષી, રશ્મી, દક્ષા, કૃષ્ણા, દર્શના, અલ્પા અને સેજલના સાસુ, સ્વ. મુલબાઈ લક્ષ્મીશંકર મોથારાઈના પુત્રી, સ્વ. ડાહ્યાલાલ, ભગવતીપ્રસાદ, ઉપેન્દ્ર તથા મૃદુલા રતિલાલ સોનેજીના બહેન, સતીશ, હરીશ, પ્રફુલ્લ, પરેશ, અતુલ, જયશ્રીના કાકી તા. ૧૬-૪ના ગુરૂવારે ન્યુયોર્ક ખાતે અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૦-૪ના ૪:૩૦થી ૫ રંગચુલી માંડવી ખાતે.

**નખત્રાણા** : મૂળ મોટા અંગિયાના સોની રતિલાલભાઈ હંસરાજભાઈ કટ્ટા (વેપારી અગ્રણી) (ઉ.વ. ૯૦) તે સોની લક્ષ્મીબેન હંસરાજભાઈ વેલજીભાઈના પુત્ર, સ્વ. શાન્તાબેનના પતિ, સ્વ. ખ્યામા ખીમજીભાઈ બગ્ગા (ખોંભડી)ના જમાઈ, સ્વ. વિશનજી હંસરાજ (નાના અંગિયા), જ્યોતિબાળાબેન વિશનજીભાઈ બુદ્ધભટ્ટી (ભુજ), દયાબેન (લક્ષ્મીબેન) જેઠાલાલ સોની (મુંબઈ), સ્વ. હિમતલાલ, ભોગીલાલ, ધીરજલાલના ભાઈ, સ્વ. અરાવિંદભાઈ, જયેશભાઈ, નિતીનભાઈ, જયાબેન રમેશભાઈ બગ્ગા (નખત્રાણા), ભગવતીબેન ભગવાજી સાકરિયા (દરશડી), વિજયાબેન લીલાધરભાઈ પોમલ (કેરાવાળા હાલે નખત્રાણા)ના પિતા, વીરૂબેનના દિયર, સ્વ. હેમલતાબેન, પુષ્પાબેન, રસીલાબેનના જેઠ, કલ્પનાબેન, રેખાબેનના સસરા, મેરી પારસકુમાર ભૂત (જામનગર), ચાર્ટીના રોહિતકુમાર મેવચા (જામનગર), સેફ્રીન, જૈમિની વૈભવકુમાર બુદ્ધભટ્ટી (ભુજ), એલ્સા મોહિતકુમાર બારમેડા (અંજાર), ધર્મીન, અભિષેક, નિક્કી, દેવ, શ્રીયા રેનીશ પરમાર (મોથાળા), વેદ, તીર્થ, ધૈયા, હેનીલ, જેનીશા, સીયાના દાદા, જાનવીના દાદાજી, માયરા, હિયાના, હયાંશના પરનાના, રીના પ્રદિપ બુદ્ધભટ્ટી (નખત્રાણા), બ્રેગીન, પરેશ, પ્રકાશ, મેબ્રીન, રિંકુલ, હાર્દિક, દક્ષા આનંદ બગ્ગા (ભુજ), જયદીપના નાનાબાપા, તરલાબેન જયેશકુમાર હેડાઉ (ભુજ), દીપક, કૌશિક, ભૂપેન્દ્ર, ડોલીબેન પ્રજ્ઞેશકુમાર હેડાઉ (ભુજ), મલય, બંકીમ, હનીના મોટાબાપા તા. ૧૭-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪-૨૦૨૬ના સોમવારે સાંજે ૫થી ૬ સાંઈ જલારામ મંદિર, આનંદ નગર, નખત્રાણા ખાતે.


**મોસુણા (તા. નખત્રાણા)** : રબારી હસુબેન ભીમાભાઈ (ઉ.વ. ૬૬) તે ભીમા સાંગાના પત્ની, રાણાભાઈ, ધાલાભાઈ, વંકાભાઈ, દેવીબેન, કાઉબેનના માતા, લાખા સાંગાના ભાભી, સોનીબેનના જેઠાણી, વલુબેન તથા કરણના દાદી તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન મોસુણા ખાતે.

# શેઠ શ્રી પાલુભાઈ સામતભાઈ સિંધવ પરિવારની સેવાભાવનાની અંજાર નગરપાલિકામાં ઐતિહાસીક સિદ્ધી

**પચીસ વર્ષ સુધી પિતા -પુત્રએ અને હવે પાંચ વર્ષ માટે દીકરી કાઉન્સિલર પદ સંભાળશે.**

**પિતા ૨૦૧૦ માં અને પુત્રી શ્રીમતિ તારાબેન પ્રકાશભાઈ રોંશિયા ૨૦૨૬માં બિનહરીફ વિજેતા થયા**





અંજાર : સને.૧૯૮૨ થી ભારતીય જનતા પક્ષ સાથે જોડાયેલા સક્રિય કાર્યકર એવા અંજાર નગરપાલિકામાં સને ૨૦૦૦થી ૨૦૨૦ સુધી સતત ચાર ટર્મ, ૨૦ વર્ષ સુધી કાઉન્સીલર તરીકે તેમજ પુર્વ કારોબારી ચેરમેન તથા પુર્વ પ્રમુખશ્રી તરીકે સેવા આપનાર સ્વ. શ્રી સિંધવ સામજીભાઈ પાલુશેઠ વર્ષ ૨૦૧૦ ની અંજાર નગરપાલિકાની ચૂંટણીમાં બિનહરીફ વિજેતા થયા હતા. તેમના જ દીકરી શ્રીમતિ તારાબેન પ્રકાશભાઈ રોશિયા અંજાર નગર પાલિકાની સામાન્ય ચુંટણી ૨૦૨૬ માં વોર્ડ નંબર ૩ માં ભારતીય જનતા પાર્ટી તરફ થી ઉમેદવારી કરેલ અને બિનહરીફ વિજેતા થતા એક જ પરિવારના બાપ દીકરી અંજાર નગર પાલિકામાં બિનહરીફ વિજેતા થવાનો ઐતિહાસિક પ્રથમ દૃષ્ટાંત બનતા તેમને રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના માનનીય મંત્રીશ્રી ત્રીકમભાઈ છાંગાસાહેબ એ તેઓશ્રીના કાર્યાલય મધ્યે સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા. શ્રીમતિ તારાબેન બેચલર ઓફ કોમર્સમાં સ્નાતક થયેલા છે તેઓના સસરા સ્વ. શ્રી દેવેનભાઈ મુરજીભાઈ રોંશિયા આકાશવાણી ભુજમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવેલ, તેઓની પુત્રી મેડિકલ કોલેજમાં ડોક્ટર તેમજ પુત્ર કોલેજમાં બી. કોમ. અભ્યાસ કરે છે. શિક્ષિત મહિલા બિનહરીફ વિજેતા થતાં કચ્છ જીલ્લાના માનનીય સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, જીલ્લા ભાજપના માનનીય પ્રમુખશ્રી દેવજીભાઈ વરચંદ, ગાંધીધામ વિધાનસભાના માનનીય ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન કિશોરભાઈ મહેશ્વરી, શહેર ભાજપ પ્રમુખશ્રી હિતેનભાઈ વ્યાસ, ભારતીય જનતા પાર્ટીના સીનીયર આગેવાન શ્રી રામજીભાઈ કે. ધેડા, જીલ્લા ભાજપના કોષાધ્યક્ષ શ્રી સુરેશભાઈ ટાંક, સહપ્રભારી શ્રી ડેનીભાઈ શાહ અને વસંતભાઈ કોડરાણી, શહેર મહામંત્રી શ્રી ક્રિપાલસિંહ રાણા, અશ્વિનભાઈ સોરઠીયા તેમજ પાર્ટીના સર્વે પદાધિકારીશ્રીઓ તથા સમસ્ત મહેશ્વરી સમાજ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.આ અંગે પોતાનો પ્રતિભાવ આપતા શ્રીમતિ તારાબેન પ્રકાશભાઈ રોશિયાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા વીસ વર્ષ સુધી મારા પિતાજીને તેમજ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી મારા નાના ભાઈ મયુરભાઈ સિંધવને તથા હાલમાં મને તક આપી અમારા પરિવાર પર ના અતૂટ વિશ્વાસ થી અપાયેલી જવાબદારી અને શહેરીજનોની સુખાકારી માટે હું હંમેશા કટિબંધ રહીશ તેવી ખાત્રી આપી હતી.

## કચ્છ નોંધ

**રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર**

● કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર, ભુજ ખાતે સોમથી શનિ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ ડૉ. ફાલ્ગુનીબેન મહેતા (દંતરોગ નિષ્ણાત) અને સાંજે ૪ થી ૭ ડૉ. અંકિતા ગોર (દંતરોગ નિષ્ણાત) પોતાની સેવા રાહત દરે આપશે. દાંતની તમામ પ્રકારની સારવાર રાહત દરે કરી આપવામાં આવશે. સોમથી શનિ રાત્રે ૯ થી ૧૦ ડૉ. અશોકભાઈ ત્રિવેદી (હોમિયોપેથીક) પોતાની સેવા રાહત દરે આપશે. ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તાર માટે વિનામૂલ્યે મોક્ષવાહિની સેવા મેળવવા સંપર્ક કરવો.

## રત્નકણિકા

**મનુષ્ય નિત્ય જેવા પ્રયત્નો કરે, જેવા વિચાર કરે, જેવું આચરણ કરે, તેવો તે થઇ જાય છે.- યોગવશિષ્ઠ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૩/૪ ચોથનો ક્ષય, વિનાયક ચતુર્થી, શ્રી બદરી-કેદાર યાત્રા તા.૨૦ એપ્રિલ ૨૦૨૬, સોમવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૨, રોહિણી નક્ષત્ર, સૌભાગ્ય યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

# આપનું અઠવાડીયું કેવું જશે..?

**કનકચંદ્ર સી. વ્યાસ**

મેષ : આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.

વૃષભ : આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

મિથુન : આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

કર્ક : આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

સિંહ : આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

કન્યા : આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

તુલા : આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

ધન : આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

મકર : આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

કુંભ : આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

મીન : આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

# કચ્છની જનતાને ભાજપ પર અતૂટ વિશ્વાસ : કેશુભાઈ પટેલ







**ભુજ તાલુકાના સુખપર ખાતે જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલયનું ભવ્ય ઉદ્‌ઘાટન સંપન્ન : ભુજના ધારાસભ્યએ ભાજપના શાસનમાં થયેલા વિકાસકાર્યોની વાત સાથે ઉમેદવારોની જંગી બહુમતીથી જીતનો વ્યક્ત કર્યો વિશ્વાસ**

**સુખપર જિ.પં. બેઠકના ઉમેદવાર હરિશભાઈ ભંડેરી અને સુખપર-૧ તા.પં. બેઠકના ઉમેદવાર લક્ષ્મીબેન ખેતાણીને મળતો પ્રચંડ જનપ્રતિસાદ**

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના સુખપર ગામે શનિવારના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી - ૨૦૨૬ના અનુસંધાને ભારતીય જનતા પાર્ટીના જિલ્લા અને તાલુકા પંચાયત બેઠક માટેના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ ગયું હતું.

સુખપરના શિવાજી ચોક ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૩૩-સુખપર જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર હરીશ નાનજી ભંડેરી અને ૨૮-સુખપર-૧ તાલુકા પંચાયત બેઠકના ઉમેદવાર લક્ષ્મીબેન રામજી ખેતાણીના પ્રચારાર્થે કાર્યાલયને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં પક્ષના હોદ્દેદારો, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉદ્ઘાટન પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને વરેલી રહી છે. તેમણે કાર્યકરોને સંબોધતા કહ્યું કે કચ્છ જિલ્લામાં ભાજપના શાસનમાં વિકાસની નવી ઊંચાઈઓ સર કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકારે છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડી છે, જેના કારણે આજે જનતાનો અતૂટ વિશ્વાસ ભાજપ પર જોવા મળી રહ્યો છે. કેશુભાઈ પટેલે ઉમેર્યું હતું કે જે રીતે ભૂતકાળમાં કચ્છમાં રોડ-રસ્તા, પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે, તે જોતા આગામી ચૂંટણીમાં પણ ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે. વધુમાં ધારાસભ્યએ ભાજપની વિચારધારા પર ભાર મુકતા જણાવ્યું કે પક્ષના ઉમેદવારો જનતાની સેવા માટે સદાય તત્પર છે. તેમણે હરીશભાઈ ભંડેરી અને લક્ષ્મીબેન ખેતાણીને વિજેતા બનાવવા માટે મતદારોને આહવાન કર્યું હતું અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ બંને ઉમેદવારો સુખપર વિસ્તારના પ્રશ્નોને વાચા આપી વિકાસની ગતિને વધુ તેજ બનાવશે.

સુખપર જિલ્લા પંચાયત બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હરીશભાઈ ભંડેરી એ જણાવ્યું હતું કે, વિકાસ એ અવિરત ચાલતી પ્રક્રિયા છે.

ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનની સરકારમાં આ વિસ્તારમાં અનેકવિધ વિકાસકામો થયા છે. જે સુવિધાઓની ત્રુટી છે તે પણ આવનાર દિવસોમાં સૌને સાથે રાખીને પૂર્ણ કરવામાં આવશે. સુખપર વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી તરફથી માહોલ જોવા મળી રહ્યો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન મતદારોનું વચન પ્રતિસાદ મળી રહ્યું છે જેના કારણે કાર્યકર્તાઓના ઉત્સાહમાં પણ વધારો થયો છે ત્યારે આ ચૂંટણીમાં સુપર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બંને બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો જંગી લીડ સાથે વિજય થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત અગ્રણીઓએ પણ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા અને કાર્યકરોમાં નવો જોશ પૂર્યો હતો.

આ કાર્યક્રમમાં ભુજ તાલુકા ઈન્ચાર્જ પ્રવીણભાઈ પિંડોરીયા, વિનોદભાઈ વરસાણી, મનજીભાઈ ખેતાણી, શાંતાબેન વિનોદ વરસાણી, અમરબેન મનજી, મનજી ગોરસીયા, દેવશીભાઈ રાબડીયા, માવજીભાઈ રાબડીયા, કુંવરજી ભીમજી ખેતાણી, શામજીભાઈ વાગડિયા, શિવજીભાઈ રત્ના પાઘરા, વાઘજીભાઈ વેકરીયા, કાનજીભાઈ મૂળજીભાઈ મેપાણી, શામજીભાઈ વાઘજીયાણી, જાદવજીભાઈ રામજીભાઈ પાઘરા, ધનજીભાઈ ભુવા, લાલજીભાઈ હરજી રાબડીયા, રવજીભાઈ કરસન વરસાણી, નાનજીભાઈ ગોરસીયા, અરજણભાઈ પિંડોરીયા સહિત સુપર અને આસપાસના ગામના વિવિધ સમાજના આગેવાનો, ભુજ તાલુકા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભુજના વોર્ડ નં.૯માં કેસરીયો માહોલ છવાયો




**ભાજપના ચારેય ઉમેદવારો કૃષ્ણબા અજયસિંહ જાડેજા, પ્રકાશ રામજી મહેશ્વરી, રૂપલ હિતેશ ચાવડા અને શીતલભાઈ ચંદ્રકાંતભાઈ શાહના સમર્થનમાં ઉમટેલી જનમેદનીએ ભવ્ય વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને મતદારોએ ઉમેદવારોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું**



ભુજ -કચ્છઉદય : ભુજ શહેરના વોર્ડ નંબર ૯ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત લોકસંપર્ક કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. આગામી ચૂંટણીઓના અનુસંધાને યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના પાયાના કાર્યકરો અને સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ભાનુશાલી નગર અને તેની આસપાસના વિસ્તારોમાં એક વિરાટ જનસંપર્ક રેલી જેવું વાતાવરણ જોવા મળ્યું હતું. આ લોકસંપર્ક કાર્યક્રમમાં વોર્ડ નંબર ૯ ના ભાજપના ચારેય સનિષ્ઠ ઉમેદવારો જેમાં કૃષ્ણબા અજયસિંહ જાડેજા, પ્રકાશ રામજી મહેશ્વરી, રૂપલ હિતેશ ચાવડા અને શીતલભાઈ ચંદ્રકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ ચારેય ઉમેદવારોએ પોતાના વિસ્તારના મતદારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમના પ્રશ્નો તેમજ સૂચનોને ગંભીરતાપૂર્વક સાંભળ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન ભાનુશાલી નગરના રહીશો અને આસપાસના વિસ્તારના મતદારોએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ફૂલહાર અને કુમકુમ તિલક કરીને ભાવભીનું આવકાર આપ્યો હતો. વિસ્તારના વડીલો અને માતા-બહેનોએ ઉમેદવારોને આશીર્વાદ આપી આગામી સમયમાં કમળ ખીલવવા માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી. લોકસંપર્ક દરમિયાન ઠેર-ઠેર ઉમેદવારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું જેનાથી સમગ્ર વાતાવરણ કેસરીયા રંગે રંગાયેલું જણાતું હતું. ઉમેદવારોએ મતદારોને સંબોધતા જણાવ્યું હતું કે સરકારની જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવી એ જ અમારો મુખ્ય ધ્યેય છે અને આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે અમે કટિબદ્ધ છીએ. આ કાર્યક્રમમાં ભાજપના સ્થાનિક સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. લોકસંપર્ક દરમિયાન ઉમેદવારોએ ઘરે-ઘરે જઈને મતદારોને મળીને પક્ષની વિચારધારા અને અત્યાર સુધી થયેલા વિકાસ કાર્યોની વિગતો આપી હતી. મતદારોમાં જોવા મળેલા ભારે ઉત્સાહને જોતા એવું લાગી રહ્યું હતું કે વોર્ડ નંબર ૯ માં ભાજપનો વિજય નિશ્ચિત છે. કાર્યક્રમના અંતે સ્થાનિક આગેવાનોએ તમામ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો અને લોકશાહીના આ પર્વમાં સહભાગી થઈને ભારતીય જનતા પાર્ટીને વિજયી બનાવવા અપીલ કરી હતી. આ સફળ લોકસંપર્ક કાર્યક્રમથી ભાજપના કાર્યકરોમાં નવો જોમ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

# ટી.બી. મુક્ત ભારત અભિયાન ૨.૦ હેઠળ ગઢશીશામાં ફ્રી એક્ષ-રે કેમ્પ યોજાયા





ગઢશીશા - કચ્છઉદય : જિલ્લા પંચાયત કચ્છ આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેશ ભંડેરી, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. મનોજ દવે તથા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પાસવાનના માર્ગદર્શન હેઠળ, સીએચસી ગઢશીશાના અધિક્ષક ડૉ. પ્રસાદના સહયોગથી ગઢશીશા ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત ફ્રી એક્ષ-રે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં પરમ પૂજ્ય માતાજી ચંદુમા અંબેધામની વિશેષ ઉપસ્થિતિ અને પ્રેરણા રહી હતી તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. હાર્દિક, તાલુકા હેલ્થ સુપરવાઈઝર અશ્વિનભાઈ ગઢવી અને મોટી ભાડાઈના સુપરવાઈઝર સંજય માકાણીની ઉપસ્થિતિમાં તેમજ તાલુકા ટીબીની ટીમ એસટીએસ વિજયભાઈ, ટીબીએચવી કેવલભાઈ, સીએચઓ ઉત્કર્ષ પરીખ, પ્રેયસી કારા, હર્ષ બરંડા, એમપીએચડબલ્યુ અરજણ પીઠીયા ટેક્નિશિયન તુષારભાઈ વગેરે દ્વારા કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. તેમજ આશા બહેનો દ્વારા મહત્વપૂર્ણ પ્રચાર અને કામગીરી કરવામાં આવી હતી.

આ કેમ્પનું આયોજન સવારે સીએચસી ગઢશીશા ખાતે તેમજ સાંજે અંબેધામ ગઢશીશા ખાતે કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન કુલ ૧૫૧ જેટલા લોકોના ફ્રી એક્ષ-રે કરવામાં આવ્યા હતા. અંતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભાડઈ ટીમ અને આરોગ્ય વિભાગ માંડવી દ્વારા વધુમાં વધુ લોકો આ પ્રકારના કેમ્પનો લાભ લે તેમજ ખાસ કરીને અભિયાન દરમ્યાન નક્કી કરાયેલ જોખમી ગ્રુપના લોકોએ પોતાનો એક્ષ-રે અવશ્ય કરાવવો જોઈએ એવો અનુરોધ કરવામાં આવ્યો હતો, જેથી ટી.બી. રોગનું વહેલું નિદાન અને સમયસર સારવાર શક્ય બને.

# નલિયા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકો પર કમળ સોળે કળાએ ખીલશે : ધારાસભ્ય પી.એમ.જાડેજા


જખૌ


સુડધ્રો



કોઠારા


લાલા



નલિયા



પ્રજાઉ



વાડાપદ્ધર

**જિ.પં. નલિયાના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાના નલીયા મધ્યસ્થ પ્રચાર કાર્યાલય ઉદ્‌ઘાટન સાથે ધારાસભ્ય દ્વારા કરાયો લોકસંપર્ક : ભાનાડા, જખૌ, કોઠારા, નલીયા-૧, નલીયા-૨ અને સુથરીના તા.પં.ના ઉમેદવારો પ્રચારમાં રહ્યા સાથે**

નલિયા : નલિયા જીલ્લા પંચાયત અને તેની અંદરની ૬ તાલુકા પંચાયત બેઠકો પર કમળ સોળે કળાએ ખીલશે તેવું નલીયા ખાતે જી.પં.નલીયાના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાના પ્રચાર કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ સંબોધનમાં જણાવ્યું હતું.

નલીયા મધ્યે શ્યામની કૃષ્ણવર્મા ભવન ખાતે જીલ્લા પંચાતયના નલીયા બેઠકના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાના મધ્યસ્થ પ્રચાર કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા ધારાસભ્ય પી. એમ.જાડેજાએ જણાવ્યું હતું કે આ વખતે ભાજપ દ્વારા ૫ લઘુમતી ઉમેદવારોને ટીકીટ આપવામાં આવી છે. સરકાર દ્વારા અબડાસામાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વીના તમામ સમાજો માટે વિકાસના કાર્યો કરાઈ રહ્યા હોઈ લઘુમતી સમાજના અગ્રણીઓ ભાજપમાં જોડાયા છે અને તેમની માંગણી મુજબ ભાજપે ૫ જેટલા લઘુમતીને અબડાસા તાલુકા પંચાયતની ટીકીટ આપી છે.સરકાર દ્વારા નલીયા ખાતે કોલેજ, નલીયાના રોડ-રસ્તા, પાણી યોજના, કોઠારામાં આઈ. ટી.આઈ., નર્મદાના નીર અબડાસાને પહોંચાડવાના નક્કર કાર્ય સહિતના કામો, ગરીબ કલ્યાણની અનેક યોજનાઓ સહિતના કાર્યો કર્યા છે.તેમના દ્વારા સતત સરકારશ્રીના અબડાસાના વિકાસ કાર્યો માટે રજુઆત કરાય છે અને સરકાર અબજોની ગ્રાંટ ફાળવી રહી હોઈ અબડાના નાગરીકો વિકાસને જોઈ આ વખતે મત આપશે.

તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા, જીલ્લા ભાજપ મંત્રી પરેશભાઈ ભાનુશાલી, માજી તા.પં.પ્રમુખ મુળરાજભાઈ ગઢવીએ તેમના સંબોધનમાં ભાજપની સંગઠન શક્તિ સામે કોંગ્રેસ અબડાસામાં તીતર-બીતર હોવાનું જણાવી ભાજપના વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નલીયા જીલ્લા પંચાયત ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ ભાજપનો દરેક કાર્યકર્તા તનતોડ મહેનત કરી રહ્યો છે અને પાર્ટી એકજુટ બની પ્રચાર કરી રહી છે.સાંસદથી લઈ સરપંચ સુધી ભાજપના કાર્યકાળમાં પ્રજા વિકાસના કામો અને પ્રશ્નો ઉકેલવા થઈ રહેલા કામો જોઈ રહી હોઈ આ વખતે તાલુકામાં તમામ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકો ભાજપ જીતશે તેવું જણાવ્યું હતું. સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી ગોપાલભાઈ ગઢવીએ અને આભારવિધી મહામંત્રી વિનયભાઈ રાવલે કરી હતી.શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજનના દિનેશ રામજી ચાંદ્રા, નલીયા સરપંચ રામજીભાઈ કોલી, અખિલ કચ્છ કોલી સેનાના વિજયભાઈ કોલી, નલીયા બેઠકના ઈન્ચાર્જ વિક્રમસિંહ જાડેજા, મોથાળા બેઠકના ઈન્ચાર્જ નરેન્દ્રસિંહ જાડેજા, મોકાજી હમીરજી સોઢા, તાલુકા યુવા ભાજપ પ્રમુખ હર્ષરાજસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા - આરીખાણા, અરવિંદભાઈ શાહ, ચકુભા જાડેજા, મુસાભાઈ મંધરા, ગોપાલસિંહ કે.જાડેજા, કાસમભાઈ, અલીભાઈ કોરેજા, જેન્તીભાઈ ચૌહાણ, કીરીટસિંહ જાડેજા, જેઠાલાલ ભાનુશાલી સહિત વિવિધ સમાજોના અગ્રણીઓ અને ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

નલીયા કાર્યાલય ઉદ્‌ઘાટન અગાઉ ધારાસભ્ય દ્વારા નલીયા જી.પં. અને તેની હેઠળની તાલુકા પંચાયત બેઠકો ભાનાડાના ઉમેદવાર રીટાબા તખુભા જાડેજા, જખૌ બેઠકના ઉમેદવાર રીટાબેન તરૂણગર ગોસ્વામી, કોઠારા બેઠકના ઉમેદવાર વિનોદભાઈ મનજી દરજી, નલીયા-૧ બેઠકના નંદીનીબેન વાલજીભાઈ સોલંકી, નલીયા-૨ બેઠકના ઉમેદવાર શહેનાઝબેન ઈરફાન મોકરશી તથા સુથરી બેઠકના ઉમેદવાર તૌશીફ મામદ સંઘાર સાથે વ્યાપક લોકસંપર્ક કરાયો હતો.પ્રવાસ દરમ્યાન ધારાસભ્યની કામગીરી અને સતત પ્રજાના વચ્ચે રહી તેમના પ્રશ્નો ઉકેલવા લેવાઈ રહેલી જહેમતને લઈ ગામે-ગામ આવકાર અપાયો હતો.સ્થાનિક અગ્રણીઓ લાખાજી અબડા, મુસા ચલાંગા, હાજી જુમા વાઘેર, મુબારક કેર, સીધીક ગજણ, હાજી સધીક વાઘેર, સુરૂભા જાડેજા, નોંઘણજી અબડા, જગદીશ જોષી, હરેશ ભાનુશાલી, કાસર દરાડ સહિત તમામ ગામોના અગ્રણીઓએ ઉપસ્થિત રહી ધારાસભ્યને વિજયનો વિશ્વાસ અપાવ્યો હતો.

# જાયન્ટ્સ ગ્રુપ ભુજ દ્વારા મનોદિવ્યાંગોને ભોજન કરાવાયું




**વિનોદભાઈ ચૌહાણના માતુશ્રીની પુણ્યતિથિ નિમિત્તે કરાયું આયોજન**

ભુજ-કચ્છઉદય : જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ દ્વારા તાજેતરમાં ફેડ-૩બીના એજ્યુકેશન ઓફિસર વિનોદભાઈ ચૌહાણના માતુશ્રી સ્વ. મુક્તાબેન લીલાધર ચૌહાણની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે પૌત્રી ઝીલ ચૌહાણ દ્વારા રામદેવ આશ્રમ-પાલારા મધ્યે મનોદિવ્યાંગોને ભોજન પ્રસાદ આપવામાં આવેલ હતો.

જાયન્ટ્સ ગ્રુપ દ્વારા આયોજિત આ કાર્યક્રમ વેળાએ ગ્રુપ પ્રમુખ અભિલાષ મહેતા, મંત્રી બિપિન ભાઈ ઠક્કર, ખજાનચી હરિલાલ યાદવ, આરોગ્ય ચેરમેન વિનોદભાઈ ગોર, તરૂણભાઈ કોંઢીયા, અબ્દુલ અઝીઝ ખોજા, વિનોદરાય માંડવિયા, ફેડ-૩બીના એજ્યુકેશન ઓફિસર વિનોદભાઈ ચૌહાણ, રીટાબેન ચૌહાણ, યુ.ડી જયસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ જિલ્લા ભાજપ મીડિયા સેલના સહ-કન્વીનરો અને કારોબારી સભ્યોની નિમણૂક કરાઈ

ભુજ - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટી કચ્છ જિલ્લા અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા સંગઠનલક્ષી મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા ભાજપ અધ્યક્ષ સાથે જરૂરી ચર્ચા-વિચારણા અને પરામર્શ કર્યા બાદ આજરોજ જિલ્લા ભાજપ મીડિયા સેલના સહ-કન્વીનરશ્રીઓ તથા કારોબારી સભ્યોની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આ નિમણૂકોમાં સહ-ઈન્ચાર્જ તરીકે ભુજ શહેરના ચેતનભાઈ કતીરા, સંજયભાઈ મહેશ્વરી અને સુનીલભાઈ માંકડની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત કારોબારી સભ્યો તરીકે ભુજ તાલુકાના દિપકભાઈ ડાંગર, ભુજ શહેરના અનવરભાઈ નોડે, ભચાઉ તાલુકાના ગીરજાશંકર જોશી, મુંદરા શહેરના રાહુલભાઈ જાની, ગાંધીધામ શહેરના મિતભાઈ હોતચંદ ચૌધરી, ભચાઉ શહેરના વિરજીભાઈ દાફડા, ભુજ શહેરના અંકિતભાઈ ગઢવી અને નખત્રાણા શહેરના ઓમભાઈ રાજદેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પક્ષના સંનિષ્ઠ કાર્યકરોની આ નિમણૂકથી આગામી સમયમાં મીડિયા સેલની કામગીરી વધુ વેગવંતી બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે તેવું જિલ્લા ભાજપના મીડિયા સેલ ઇન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

**કચ્છ લાઈફ કેર હોસ્પિટલ - ભુજ**

100% CASHLESS MEDICLAIM AVAILABLE
INSURANCE AND TPA LIST

INSURANCE COMPANY
• STAR HEALTH • BAJAJ ALLIANZ • ICICI • ADITYA BIRLA
• RELIANCE • CARE • HDFC ERGO • UNIVERSAL SOMPO
• GO DIGI • CHOLA MS • TATA AIG

TPA
• FHPL • HEALTH INDIA • VIDAL • ERICSON • PARAMOUNT
• VOLO HEALTH • MEDI ASSIST

KLC Kutch Life Care A MULTI-SPECIALITY HOSPITAL & TRAUMA CENTRE
सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।
સ્થળ : કચ્છ લાઈફ કેર હોસ્પિટલ સનરાઈસ ટાવર, યશ બેંકની બાજુમાં, ભુજ-કચ્છ.
નામ લખાવવા માટે: 95372 22108

# ભાનુશાલી સમાજની ધાર્મિકતા, પરોપકાર, એકતા અને સમાજ પ્રત્યેની ભાવનાની પ્રશંસા કરતા હર્ષ સંઘવી




**કાર્યક્રમમાં વલસાડ પધારેલા નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીનું ભાનુશાલી સમાજના અગ્રણીઓ દ્વારા અભિવાદન કરાયું : શતાબ્દી આયોજનથી અભિભૂત થયેલા શ્રી સંઘવીએ ભવિષ્યમાં ઓધવભુવન વલસાડની મુલાકાત લેવાનું વચન આપ્યું : ભાનુશાલી સમાજની સેવા, દાન, આયોજન અને એકતા અન્ય સમાજ માટે પણ ખૂબ જ પ્રેરણાદાયક હોવાનું જણાવતા હર્ષ સંઘવી**

વલસાડ - કચ્છઉદય : અહીં એક કાર્યક્રમ પ્રસંગે પધારેલા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ભાનુશાલી સમાજ દ્વારા ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ પ્રસંગે માર્ચ મહિનામાં યોજાયેલા ભવ્ય ધાર્મિક, સાંસ્કૃતિક આયોજનની ભારોભાર પ્રશંસા વ્યક્ત કરી અને વચન આપ્યું હતું કે, તેઓ આવનારા દિવસોમાં ઓધવભવનની ચોક્કસ મુલાકાત લેશે. ભાનુશાલી સમાજની એકતા, ભક્તિ અને સંસ્કૃતિના પવિત્ર કાર્ય તથા ઉદાર ભાવે કરાતી સમાજના દરેક વર્ગની સેવા અને સાંસ્કૃતિક આયોજનો તથા સંત પૂજ્ય હરિદાસજી મહારાજની અદભુત પ્રેરણા અને તેમના તપ અને ભાનુશાલી શ્રેષ્ઠીઓનો સમાજને ઉદારભાવે મળી રહેલો લાગણીસભર સહયોગ સૌ માટે પ્રેરણાદાયક રહ્યો છે એવું તેમણે તેમની ભાનુશાલી સમાજની પ્રશંસા વ્યક્ત કરતાં જણાવ્યું હતું.સદગુરુ ભગવાન વાલરામજી પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તેમજ ઓધવભવન લોકાર્પણ પ્રસંગે માર્ચ મહિનામાં યોજાયેલા કાર્યક્રમમાં શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ, વલસાડ દ્વારા ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને કાર્યક્રમમાં પધારવા માટે સૌજન્ય આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. સંજોગોવશાત કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓને કારણે તેઓ મુખ્ય કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહી શક્યા ન હતા, પરંતુ આ પછી ગયા અઠવાડિયે વલસાડ ખાતે યોજાયેલા અન્ય કાર્યક્રમમાં તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ અવસરે તેમનુ સ્નેહભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ વલસાડના ટ્રસ્ટી રાજેશભાઈ દામા તથા મહામંત્રી જીતુભાઈ શેઠિયા દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી તેમજ કચ્છી પરંપરા મુજબ શાલ ઓઢાડીને તેમનું હાર્દિક સન્માન કરવામાં આવ્યુ હતું અને ભાનુશાલી સમાજ દ્વારા થઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓથી વિશે અવગત કરાયા હતા.

# ઉખેડા ગામના એટ્રોસિટી કેસમાં ચારેય આરોપીઓનો નિર્દોષ છુટકારો

ભુજ : કચ્છઉદય - ભુજની ૮મી એડિશનલ સેશન્સ અને સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટ ના જજ શ્રી તુષાર એન. ખંધડીયા દ્વારા નખત્રાણા તાલુકાના ઉખેડા ગામના એટ્રોસિટી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં ચારેય આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો મહત્વપૂર્ણ હુકમ કરવામાં આવ્યો છે

આ કેસની વિગત મુજબ, નખત્રાણાના ઉખેડા ગ્રામ પંચાયતની વર્ષ ૨૦૨૨ માં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન નાનજી કાંયા ગોહિલે ગૌચર જમીનમાં દબાણ અંગે આરોપીઓ વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગની અરજી કરી હતી. આ બાબતનું મનદુઃખ રાખીને ગત તા. ૧/૮/૨૦૨૨ ના રોજ આરોપીઓ કાન્તીલાલ નારાણભાઈ સાંખલા, હરેશ કાન્તીલાલ સાંખલા, ચાંદુભા રામુભા સોઢા અને મનજીત તેજપાલ સાંખલા (તમામ રહે. ઉખેડા) દ્વારા ફરિયાદીને જાતિ અપમાનિત કરી, ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો બનાવ તારીખ: ૬/૧૦/૨૦૨૨ ના બનતા નખત્રાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જે આધારે પોલીસે એટ્રોસિટી તેમજ આઈ.પી.સી. ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ભુજ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું.

આ કેસ ભુજના ૮મા એડિશનલ સેશન્સ જજ અને સ્પેશ્યલ એટ્રોસીટી જજ ટી.એન. ખંધડીયાની કોર્ટમાં સ્પેશ્યલ એટ્રોસિટી કેસ તરીકે ચાલી ગયો હતો. આ કામમાં આરોપીઓ તરફથી ભુજ ના સીનીયર વકીલ દર્શક કે. બુચ અને મલ્હાર બુચ હાજર રહી કેસ ચલાવેલ હતો . બચાવ પક્ષની દલીલો અને કોર્ટ સમક્ષ રજૂ થયેલા પુરાવાઓની ચકાસણી દરમિયાન એ બાબત સામે આવી હતી કે બનાવ વખતે હાજર રહેલા સ્વતંત્ર સાક્ષીઓએ ફરિયાદીની હકીકતોને કોઈ સમર્થન આપ્યું ન હતુંવધુમાં, બનાવ તારીખ અને ફરિયાદ નોંધાવ્યા વચ્ચે મોટો વિલંબ થયો હતો, જેનું કોઈ સંતોષકારક કારણ આપી શકાયું ન હતું તેમજ પોલીસ તપાસમાં દબાણ અંગેના કોઈ રેકોર્ડ કે દસ્તાવેજો પણ કબજે લેવાયા ન હતા. તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કર્યા બાદ નામદાર અદાલતે નોંધ્યું કે ફરિયાદીની ફરિયાદ અને જુબાનીમાં મોટો વિરોધાભાસ છે અને કેસ શંકાસ્પદ જણાય છે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીઓને આપવો પડે, જેથી અદાલતે ફરિયાદ પક્ષનો કેસ વાજબી શંકાથી પર પુરવાર ન થતો હોવાનું નોંધીને ચારેય આરોપીઓને તેમની સામેના તમામ ગુનાઓમાંથી નિર્દોષ મુક્ત કરવાનો આખરી હુકમ ફરમાવ્યો છે.

# રવાપરમાં ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ

**કૃષ્ણજન્મ, સંતવાણી અને રામદેવપીર આખ્યાન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોની શ્રેણી યોજાશે**

રવાપર - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના રવાપર ગામે પોથીયાત્રા સાથે શ્રીમદ્ ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. કથાકાર શાસ્ત્રી કશ્યપભાઈ એસ. જોશી દ્વારા મોટા-ભાડિયાવાળા મંગલાચરણ સાથે કથાનું શુભારંભ કરાયું હતું. સવારે કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ચોકથી નીકળેલી શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ સ્વામિનારાયણ સમાજવાડી ખાતે આવેલા કથા સ્થળે પહોંચી હતી.

આ ધાર્મિક કાર્યક્રમમાં નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષ સોનલ લાલજી મહારાજ તથા કોટેશ્વર જાગીરના મહંત દિનેશગિરિ ગુરુ ગંગાગિરિના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન સ્વ. સોની શાંતીલાલ સાકરિયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

સાત દિવસીય આ કથામાં વિવિધ ધાર્મિક પ્રસંગોની રજૂઆત કરવામાં આવશે. જેમાં કૃષ્ણજન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, ગોવર્ધન પૂજા જેવા ભક્તિમય પ્રસંગો સાથે રાત્રિના સમયમાં આરાધીવાણી, કાન ગોપી રાસલીલા, સંતવાણી તથા ભજન કાર્યક્રમો યોજાશે. નારાયણ ઠાકર (અમદાવાદ), રાજેશ ગઢવી (મોરજર) સહિતના કલાકારો ભજન-સંતવાણી રજૂ કરશે. પ્રવીણદાન ગઢવી એન્ડ ટીમ દ્વારા રાસ-ગરબા તથા મમાયમોરા રામા મંડળ દ્વારા રામદેવપીરનું જીવનચરિત્ર આધારિત આખ્યાન રજૂ કરવામાં આવશે.

આ અવસરે ગામના સરપંચ પરેશભાઈ રૂપારેલ, નખત્રાણા તથા દયાપર સોની સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શ્રોતાઓએ કથા શ્રવણનો લાભ લીધો હતો. યજમાન પરિવારના અશ્વિનભાઈ શાંતિલાલ સોની, દિલીપભાઈ એસ. સોની તથા રવાપર ગણેશ મંડળના સભ્યો સાથે વિવિધ સમાજો જેમ કે સોની, દરજી, બ્રહ્મ, લોહાણા, સુથાર, ગોસ્વામી, રાજપુત, ગઢવી, રબારી, ભાનુશાલી, વણીક અને પાટીદાર સમાજના આગેવાનો દ્વારા આયોજનમાં સહયોગ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર રવાપર ગામમાં આ ધાર્મિક કથાને લઈને ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# માધાપરમાં મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ

**વૃદ્ધાશ્રમથી લઈને પશુ-પક્ષી સુધી માનવતા અને જીવદયા માટે વિશાળ અભિયાન હાથ ધરાયું**

ભુજ - કચ્છ ઉદય : ભુજ તાલુકાના માધાપર ખાતે સમસ્ત જૈન સમાજ દ્વારા મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે વિશાળ જીવદયા અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત શાંતિનિકેતન વૃદ્ધાશ્રમમાં વડીલોને નાસ્તો વિતરણ કરવામાં આવ્યો હતો, તેમજ કન્યાકુંજ આશ્રમ અને વિકલાંગ વિદ્યાવિહારના બાળકો તથા કન્યાઓને પણ નાસ્તો આપવામાં આવ્યો હતો.

આ સેવા અભિયાનમાં જૈન સમાજની યુવા પાંખ, વુમન વિંગ્સ અને જૈન જાગૃતિ સેન્ટરના સહયોગથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. તેમાં ચકલીઓ માટે પાણીના કુંડા, પક્ષીઓ માટે ચણ તથા માછલીઓ માટે લોટ વિતરણ જેવી જીવદયા આધારિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

જીવદયા અભિયાન હેઠળ શ્વાનો માટે દર મહિને ૧૫૦ લિટર દૂધ અને પક્ષીઓ માટે ૧૫૦ કિલો ચણ સતત ૧૨ મહિના સુધી ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ લેવાયો છે, જેમાં દાતાઓનો પણ સક્રિય સહયોગ મળી રહ્યો છે. ઉનાળાની તીવ્ર ગરમીને ધ્યાનમાં રાખીને ગાય અને અન્ય પશુ-પક્ષીઓને પીવાના પાણીની સુવિધા માટે ૨૫૦ કુંડીઓનું વિતરણ કરવામાં આવ્યું છે તથા જરૂર પડ્યે વધુ ૨૫૦ કુંડીઓ વિતરણ કરવાની યોજના પણ છે. જીવદયા કમિટીના જિનેશભાઈ શેઠે જણાવ્યું હતું કે આ પ્રકારની પ્રવૃત્તિઓ માનવતા સાથે સાથે જીવસૃષ્ટિ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ આયોજનમાં પ્રમુખ હિતેશભાઈ ખંડોર, મહામંત્રી તથા સંજયભાઈ સહિત કારોબારી સભ્યોનું માર્ગદર્શન મળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જિનેશ શેઠની ટીમના જિગર ખંડોર, ચિરાગ મહેતા, કિશોર ભાભેરા, ચિંતન મહેતા, જિગર શેઠ, ફેનિલ શાહ, સચિન મહેતા, પ્રથમ મહેતા, નીરવ મહેતા, સોહમ મહેતા તથા નીરવ શાંતિલાલ મહેતા સહિતના સભ્યોએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

# જીંજાય ગ્રામ પંચાયત દ્વારા જાગૃતિ માટે ભીંતચિત્ર બનાવ્યા






નખત્રાણા - કચ્છઉદય : જીંજાય ગામમાં ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જનજાગૃતિ માટે એક અનોખું અને પ્રશંસનીય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગામની જાહેર દીવાલો પર આકર્ષક અને અર્થસભર ભીંતચિત્રો દોરી ગામજનોમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભીંતચિત્રોમાં "વૃક્ષ વાવો, જીવન બચાવો", "જાહેરમાં કચરો ન નાખો", "કચરો કચરાપેટીમાં નાખો" જેવા સંદેશો ખૂબ જ સર્જનાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા છે. સાથે પાણીનો બગાડ ન થાય તે માટે પણ ચિત્રો દ્વારા સમજાવવામાં આવ્યું છે કે પાણી જીવન માટે કેટલું મહત્વનું છે અને તેની બચત કેવી રીતે કરી શકાય.

સામાજિક આગેવાન અને માજી સરપંચ તુલસીભાઈ પટેલે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી આ પહેલ અત્યંત સરાહનીય છે. આવી પ્રવૃત્તિઓથી લોકોમાં સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે છે અને ગામના સર્વાંગી વિકાસમાં પણ સહાયરૂપ બને છે. જીંજાય ગામમાં શરૂ કરાયેલું આ જાગૃતિ અભિયાન માત્ર ગામ માટે જ નહીં પરંતુ સમગ્ર તાલુકા અને અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બની રહ્યું છે. સ્વચ્છતા, પાણી સંરક્ષણ અને હરિયાળી તરફ લેવામાં આવેલા આ પગલાં ભવિષ્યમાં સકારાત્મક પરિવર્તન લાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મથલ ગામે ડો. બાબા સાહેબની ૧૩૫મી જન્મ જયંતિના રેલી યોજાઈ



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના મથલ ખાતે બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતીની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ભવ્ય રેલી યોજાઈ હતી. આ રેલીમાં ગામના સરપંચ, પંચાયતના સભ્યો, સામાજિક આગેવાનો, ભાઈઓ બહેનો અને ખાસ કરીને યુવા વર્ગ મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં બાબા સાહેબના સોંગ વગાડવામાં આવ્યા હતા સાથે સાથે બાબા સાહેબ આપેલા સૂત્રો શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો સાથે સાથે જય ભીમના નારા લગાવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ડૉ. બાબા સાહેબની જીવન શૈલી વિશે તેમજ પંચશીલ માર્ગપરના અનુશરણ અંગે વક્તવ્ય અપાયું હતું. આ કાર્યક્રમનું આયોજન મેઘવંશી સમાજના નારાણભાઈ સીજુ, અશોકભાઈ સીજુ, અતુલભાઈ ભદ્રુ, લાલજીભાઈ વાઘેલા અને મથલ યુવા ગ્રુપના બિપિન ખોખર, સુરેશ ભદ્રુ, દિનેશ ખોખર, હીરજી ભદ્રુ, હિંમત વાઘેલા, નરશી ભદ્રુ, દિનેશ ખેંગાર દ્વારા કરવામાં આવ્યું હતું તેવું સામાજિક કાર્યકર્તા અને નખત્રાણા તાલુકા ભીમ આર્મીના મહામંત્રી હીરજી જે.ભદ્રુ અને તાલુકા પ્રમુખ દિનેશ ખોખરની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.

# રિલાયન્સ ફાઉન્ડેશન અને ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયના સી-ડેક દ્વારા ઇ-સેફહરનો પ્રારંભ



**ગ્રામીણ ભારતમાં ૧૦ લાખ સાયબર સખીઓ તૈયાર કરવા માટે સાયબર સુરક્ષા જાગૃતિ તાલીમ કાર્યક્રમ : સી-ડેક, હૈદરાબાદ અને રિલાયન્સ ફાઉન્ડેશન સંયુક્ત રીતે ગ્રામીણ ભારતમાં 'સાયબર સખીઓ'ને સાયબર સુરક્ષા જાગૃતિ તાલીમ આપી સશક્ત બનાવશે**

ભુજ - કચ્છઉદય : રિલાયન્સ ફાઉન્ડેશન અને ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય હેઠળની વૈજ્ઞાનિક સંસ્થા સી-ડેક, હૈદરાબાદ દ્વારા ઈ-સેફહર લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ એક સાયબર સુરક્ષા જાગૃતિ માટેનો તાલીમ કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય ગ્રામીણ ભારતની ૧૦ લાખ મહિલાઓને ડિજિટલ ઈકોસિસ્ટમમાં સુરક્ષિત અને આત્મવિશ્વાસ સાથે સહભાગી થવા માટે સક્ષમ બનાવવાનો છે. ઈ-સેફહરનો ઉદ્દેશ્ય છેવાડાના વિસ્તારો સુધી સાયબર સુરક્ષા જાગૃતિ પહોંચાડવાનો છે - ખાસ કરીને ગ્રામીણ ભારતની એ મહિલાઓ માટે જેઓ નાણાકીય વ્યવહારો, આજીવિકા અને આવશ્યક સેવાઓ માટે વધુ ને વધુ ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહી છે.

ભારત સરકારના સેક્રેટરી એસ. ક્રિષ્નનએ જણાવ્યું હતું કે, "ભારત સરકાર એક 'સાયબર સુરક્ષિત ભારત' બનાવવા માટે દેશના ખૂણે ખૂણે પહોંચવાની ક્ષમતા, સહયોગ અને સ્થિતિસ્થાપકતા પર ભાર મૂકી રહી છે, એવા યુગમાં ઈ-સેફહર એક રોમાંચક તક છે. આ કાર્યક્રમ દ્વારા અમે મેટીના ઈન્ફોર્મેશન સિક્યુરિટી એજ્યુકેશન એન્ડ અવેરનેસ કાર્યક્રમના અભ્યાસક્રમ અને જ્ઞાનને એક મંચ પર લાવીશું.

રિલાયન્સ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ઈશા અંબાણીએ જણાવ્યું હતું કે, "ભારતમાં ગ્રામીણ મહિલાઓ પહેલાં કરતાં વધુ ઝડપથી ઓનલાઈન આવી રહી છે. રિલાયન્સ ફાઉન્ડેશન માત્ર મહિલાઓના ડિજિટલ સમાવેશને વેગ આપવા માટે જ નહીં, પરંતુ તેઓ સુરક્ષિત રહે તે માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. અમને ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને સી-ડેક સાથે ભાગીદારી કરીને 'ઈ-સેફહર' દ્વારા સાયબર સુરક્ષા જાગૃતિ તાલીમ પૂરી પાડતા આનંદ થાય છે. રિલાયન્સ ફાઉન્ડેશન ભારતભરની મહિલાઓને તેમની ક્ષમતા મુજબ સિદ્ધિઓ હાંસલ કરવા અને પરિવર્તનકારી બદલાવ લાવવા માટે સશક્ત બનાવવા પ્રતિબદ્ધ છે, જેમાં નેતૃત્વ ક્ષમતા નિર્માણ, મહિલા સાહસિકતાને મજબૂત કરવી, ડિજિટલ સાક્ષરતા, રોજગાર અને કૌશલ્ય વિકાસ, મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો તેમજ શિક્ષણ, રમતગમત અને કળાના ક્ષેત્રમાં મહિલાઓ માટે તકો વધારવા જેવી વિવિધલક્ષી મહિલા સશક્તીકરણની પહેલોનો સમાવેશ થાય છે.

# યુવાનોમાં વધતા હૃદયરોગ અંગે ચિંતા, 'હૃદયરોગ અટકાવો' મહાઅભિયાન શરૂ

**દોશી પરિવારનો શાંતિનિકેતન ફાઉન્ડેશન અને વી.આર.ટી.આઈ. દ્વારા આરોગ્ય તપાસ સાથે જાગૃતિ અભિયાન : ડો. રમેશભાઈ કાપડિયાના માર્ગદર્શન હેઠળ 'હૃદયરોગ અટકાવો' મહાઅભિયાન**

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકડાયેલી સંસ્થા શાંતિનિકેતન અને વીઆરટીઆઈ દ્વારા આરોગ્ય માટે આગળ આવી આવી છે. માંડવી ખાતે આજના સમયમાં યુવાનોમાં હૃદયરોગના વધતાં કેસોને ધ્યાનમાં રાખીને શાંતિનિકેતન ફાઉન્ડેશન તથા વી.આર.ટી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે કાર્ડિયોલોજિસ્ટ ડો. રમેશભાઈ કાપડિયાના માર્ગદર્શન હેઠળ 'હૃદયરોગ અટકાવો' મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો હેતુ યુવાનોમાં હૃદયરોગ અંગે જાગૃતિ ફેલાવવો અને સમયસર આરોગ્ય તપાસની આદત વિકસાવવાનો છે.

આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા કેમ્પમાં સંસ્થાના પરિવાર સભ્યોના ૧૦ વિવિધ પ્રકારના આરોગ્ય પરીક્ષણો કરવામાં આવ્યા હતા, જેમાં કુલ ૬૫ લોકોએ ભાગ લીધો હતો. નિષ્ણાતોના જણાવ્યા મુજબ યુવાનોમાં હાર્ટ એટેકના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે, જેના કારણે નિયમિત આરોગ્ય ચકાસણી અત્યંત જરૂરી બની છે .વી.આર.ટી.આઈ.ના પ્રોજેક્ટ સંયોજક રમેશ નંદાએ જણાવ્યું હતું કે યુવાનોમાં હૃદયરોગ એક ગંભીર પડકાર બની રહ્યો છે અને તેને અટકાવવા માટે જીવનશૈલીમાં સુધારો તેમજ સમયસર તપાસ અનિવાર્ય છે.

શાંતિનિકેતન ફાઉન્ડેશનના નિલાબેન દોશી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ડો. હિમાની પટેલ, અંશ પારેખ, ભાવેશ ચાવડા, કલ્પના મકવાણા, ધવલ ચાવડા તથા ભગત લેબની ટીમે સહયોગ આપ્યો હતો. વી.આર.ટી.આઈ. તરફથી રમેશ ગોર, ગોરધન પટેલ, તેજાભાઈ ચૌધરી, કપિલ ગોર અને મયૂર રૂપેરા સહિતના સભ્યોએ આયોજનમાં જહેમત ઉઠાવી હતી. ડો. આદિત્ય ચંદારાણા અને ડો. હિમાની પટેલ દ્વારા હૃદયરોગ અંગે વિશેષ જાગૃતિ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ડો. ધવલભાઈ દોશી દ્વારા પ્રિવેન્ટિવ કાર્ડિયોલોજી વિષયક માર્ગદર્શન પણ આપવામાં આવશે.સંસ્થાના સીઈઓ કમલેન્દુ ભક્તના નેતૃત્વ હેઠળ આ અભિયાન માંડવી ઉપરાંત નલિયા અને ખાવડા સુધી વિસ્તર્યું છે, જેમાં મોટી સંખ્યામાં પરિવારો જોડાઈ રહ્યા છે.

# લેવા પટેલ હોસ્પિટલમાં નવી ડાયાલિસીસ મશીન સુવિધા

**રૂ. ૧૧ લાખના અનુદાનથી દર્દી સેવામાં વધારો, હોસ્પિટલમાં આધુનિક સારવારની સુવિધા વધુ મજબૂત**

ભુજ - કચ્છ ઉદય : ભુજ સ્થિત કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયાલિસીસ વિભાગમાં આધુનિક મશીનનો ઉમેરો કરવામાં આવ્યો છે. મિરજાપરના દાતા પરિવાર દ્વારા આપવામાં આવેલા રૂ. ૧૧,૦૦,૦૦૦ના અનુદાનથી આ નવી સુવિધા ઉપલબ્ધ બની છે.

મિરજાપર નિવાસી કલ્યાણભાઈ રવજીભાઈ હિરાણી અને શાંતાબેન કલ્યાણભાઈ હિરાણી પરિવારે પોતાના પિતા સ્વ. રવજીભાઈ હરજીભાઈ હિરાણી તથા માતા સ્વ. સુંદરબેન રવજીભાઈ હિરાણીના સ્મરણાર્થે આ અનુદાન આપી માનવસેવાનો ઉમદા દાખલો રજૂ કર્યો છે.

આ સહયોગથી ડાયાલિસીસ વિભાગમાં લેટેસ્ટ ટેક્નોલોજીથી સજ્જ મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે, જે દર્દીઓની સારવારમાં વધુ ચોકસાઈ, સુરક્ષા અને ગુણવત્તા સુનિશ્ચિત કરશે. હોસ્પિટલ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ, કચ્છ જિલ્લામાં સૌપ્રથમ ડાયાલિસીસ કેન્દ્ર શરૂ કરનાર આ હોસ્પિટલ સતત દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપવા પ્રતિબદ્ધ છે.

ડાયાલિસીસ વિભાગના ઈન્ચાર્જ ડો. જયંતીભાઈ પીન્ડોરીયાએ દાતા પરિવારને વિભાગની કામગીરી તથા નવા મશીનની ટેક્નિકલ વિશેષતાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. હોસ્પિટલમાં ડાયાલિસીસની સારવાર આયુષ્યમાન ભારત યોજના હેઠળ નિ:શુલ્ક આપવામાં આવે છે, જે અનેક દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે. આ પ્રસંગે કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પીન્ડોરીયા, નાનજીભાઈ પીન્ડોરીયા, મંત્રી મનજીભાઈ પીન્ડોરીયા, લક્ષ્મણભાઈ રાઘવાની, વિનોદભાઈ પીન્ડોરીયા, પ્રેમજીભાઈ હાલાઈ તથા વિજયભાઈ ગોરસિયા સહિત ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા અને દાતા પરિવારના આ સેવાભાવને દિલથી બિરદાવ્યો હતો.

અર્પણ વિધિ દરમિયાન દાતા પરિવારના શિવજીભાઈ હિરાણી, પ્રદીપભાઈ, મનીષાબેન, દિશા તથા વંશ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં માનવસેવા અને દાનની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.

# રાપર લેઉવા પાટીદાર સમાજવાડી ખાતે ૨૫માં સમૂહલગ્નમાં ૩૦ યુગલો લગ્ન જીવનની ગાંઠે બંધાયા

રાપર - કચ્છઉદય : અખાત્રીજ એટલે વણજોયુ મૂહૂર્ત આ દિવસે વાગડ વિસ્તારમાં તથા મુંબઈ મહારાષ્ટ્ર દક્ષિણ ગુજરાત બેંગ્લોર સહિતના વિવિધ વિસ્તારોમાં વસવાટ કરતા લેઉવા પટેલ સમાજ દ્વારા રાપર ખાતે સમૂહલગ્ન યોજાય છે. વાગડ વિસ્તારના પિપરાલાથી દુધઈ સુધી વસવાટ કરતા લેઉવા પટેલ સમાજ દ્વારા રાપર લેઉવા પાટીદાર સમાજવાડી ખાતે ૨૫માં સમૂહલગ્નનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦ નવદંપતિ લગ્ન જીવનની અતુટ ગાંઠે બંધાયા હતા.

લેઉવા પાટીદાર સમાજ રાપર તથા શ્રી લેઉવા પાટીદાર યુવક મિત્ર મંડળ રાપર તેમજ મુંબઈ આયોજીત સમારોહના પ્રમુખ પદે દેવજીભાઈ રામજીભાઈ બેરા, રાપર અતિથી વિશેષપદે પૂર્વ ધારાસભ્ય સંતોકબેન ભચુભાઈ આરેઠીયા, અંબાવીભાઈ ધરમશીભાઈ વાવીયા (ખોડલધામ ટ્રસ્ટ કાગવડ) (રાપર - મુંબઈ), ભચુભાઈ ધરમશીભાઈ આરેઠીયા (ખોડલધામ ટ્રસ્ટ કાગવડ) (રાપર - મુંબઈ), મેઘજીભાઈ માવજીભાઈ ચૌધરી (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી લે.પા. ક.કે. મંડળ - રાપર), પ્રેમજીભાઈ નારણભાઈ ફટક (પ્રમુખ લે.પા.ક.કે. મંડળ - રાપર), રાજુભાઈ માદેવાભાઈ ચૌધરી (પ્રમુખ લે.પા. ક.કે. મંડળ - રાપર), માદેવાભાઈ ગણેશાભાઈ વાવિયા (મેનેજીંગ ટ્રસ્ટી અખિલ ભારતીય લે.પટેલ સમાજ - મુંબઈ), કાનજીભાઈ મુરજીભાઈ ગામી (પ્રમુખ અખિલ ભારતીય લે.પટેલ સમાજ - મુંબઈ), જીવરાજભાઈ ધનજીભાઈ ચૌધરી (મેનેજીંગ ટ્રસ્ટી લેઉવા પા. સમાજવાડી, આયરોલી-મુંબઈ), માદેવાભાઈ કેશાભાઈ બારવડીયા (પ્રમુખ લેઉવા પા. સમાજવાડી, આયોરોલી - મુંબઈ), ભરતભાઈ ખીમજીભાઈ કારોત્રા (મે. ટ્રસ્ટી લે.પા. બોડીંગ - ભચાઉ), કરમણભાઈ લીરાભાઈ વેરાત (પ્રમુખ લે.પા. બોડીંગ - ભચાઉ), સમુહલગ્નના સંપૂર્ણ ભોજન ખર્ચના દાતા સ્વ. અમરતબેન અણદાભાઈ ગણેશાભાઈ વાવીયા પરિવાર પુત્રો વાવીયા દેવજીભાઈ અણદાભાઈ, વાવીયા લાલજીભાઈ અણદાભાઈ, વાવીયા મુરજીભાઈ અણદાભાઈ સહ પરિવાર-રાપર, આઈસ્ક્રીમ, સાઉન્ડ સીસ્ટમ તથા વિડીયો શુટીંગ લગ્નગીતના દાતા રાણીબેન રામજીભાઈ પેથાભાઈ બેરા પરિવાર, હીરીબેન દેવજીભાઈ રામજીભાઈ બેરા, લીરીબેન મહેશભાઈ રામજીભાઈ બેરા, જમનાબેન કાનજીભાઈ રામજીભાઈ બેરા, રીટાબેન રમેશભાઈ દેવજીભાઈ બેરા, શેરડી રસના દાતા ગં.સ્વ. અવલબેન ભારાભાઈ વાવીયા, હ. અંબાવીભાઈ ભારાભાઈ વાવીયા, રમેશભાઈ ભારાભાઈ વાવીયા, નવાપરા, રાપર મિનરલ વોટરના દાતા સ્વ. દિનેશભાઈ ભગવાનજીભાઈ હરીભાઈ રાવરીયા રાપર, દરેક કન્યાને ફ્રિજના દાતા સમૂહલગ્ન સમિતી, રાપર તેમજ મુંબઈ, મા - માટલું અને ખોળાના ડબાના ઉદારદિલના દાતા સ્વ. માદેવાભાઈ જેરામભાઈ ચૌધરી (પટેલ) પરિવાર રાપર હ. નારણભાઈ માદેવાભાઈ ચૌધરી, કંસારની થાળીના તથા વાટકીના દાતા વાલજીભાઈ પુંજાભાઈ રાવરીયા, રવવાળા હાલે રાપર-મુંબઈ, ઈલેકટ્રીક આર્યનના દાતા ગં.સ્વ. રાણીબેન નરસંગભાઈ ચૌધરી, રાપર હ. માવજીભાઈ, મુરજીભાઈ, થાળી- વાટકો- ગ્લાસના દાતા લાધીબેન વીરાભાઈ હરખાભાઈ ગામી, ઉમૈયા, મલ્ટી કળાઈના દાતા અમરબેન માદેવાભાઈ ચૌધરી, હ.સામજીભાઈ માદેવાભાઈ ચૌધરી, પંચ આરતીના દાતા સતીબેન જગાભાઈ અંબાવીભાઈ વાવીયા, હ. ભરતભાઈ, પાલનપર, મેકઅપ કીટના દાતા ડૉ. રસલ - મુંબઈ, હ.પ્રવિણભાઈ બેરા, દેવજીભાઈ હાથીયાણી, છાસના દાતા જશુબેન લખમણભાઈ નાનજીભાઈ વાવીયા પરિવાર રાપર, થ્રીલેયર ટ્રોલી કીટ બેગના દાતા રાજીબેન નારણભાઈ વાવીયા ટીંડલવા, હ.આરાધના પ્રિન્ટસ સોલ્યુશન પ્રા.લી. વડોદરા, રોટલીના ડબ્બાના દાતા રમેશભાઈ જેસાભાઈ રાવરીયા રાપર, બેડશીટના દાતા વેલજીભાઈ દેવજીભાઈ બાંભણીયા રાપર, ભગવદ્ ગીતાના દાતા, સ્ટીલના ત્રાંસના દાતા ગોકરભાઈ રાધુભાઈ વાવીયા રાપર, સ્વ. વિરાંબેન પરબતભાઈ મણોદરા રાપર, વાઢીના દાતા સવિતાબેન મુરજીભાઈ હરીભાઈ વાવીયા રાપર, ખુરશીના દાતા મનજીભાઈ રણછોડભાઈ દુબરીયા બાદરગઢ, તપેલાં સેટ-૬, તથા થાળી - વાટકો- ગ્લાસ સેટ-૬ના દાતા અણદીબેન માદેવાભાઈ અવચરભાઈ ચૌધરી ઉમૈયા, સિંગલ બેડની ચાદરના દાતા ગંગાબેન અંબાવીભાઈ (બાઉ) સવાભાઈ વાવીયા રાપર, ટ્રોલીબેગના દાતા જીવતીબેન ભવનભાઈ અણદાભાઈ ખેર રાપર, બધીબેન ગણેશાભાઈ રણછોડભાઈ બેરા હ.ધનજીભાઈ તથા વસંતભાઈ રાપર, પ્રેશરકુકરના દાતા, ચા-ની કિટલીના દાતા સવિતાબેન ગોવિંદભાઈ ખેતાભાઈ દેવડા રાપર, દેવીબેન મનજીભાઈ ગોવિંદભાઈ દેવડા રાપર, મીક્ષચરના દાતા, રામાયણ ગ્રંથના દાતા ખીમજીભાઈ મનજીભાઈ દેવડા ફતેહગઢ, અંબાવીભાઈ ભુરાભાઈ વાવીયા રાપર, થાળી- વાટકો- ગ્લાસ સેટના દાતા વીરાંબેન નરસંગભાઈ પ્રેમજીભાઈ ચૌધરી રાપર, લેડીઝ હેન્ડ બેગના દાતા ભચુભાઈ હીરજીભાઈ બારસણીયા નંદાસર, થાળી - વાટકો - ગ્લાસ સેટના દાતા રિત્વીક સ્વ. હિતેશ મેઘાભાઈ ભ્રાસડીયા રાપર, કન્યાને લગ્નવિધી પૂજાપા કિટના દાતા કાન્તાબેન હીરાભાઈ નરસંગભાઈ બાંભણીયા હ. હરી ૐ સુપર માર્કેટ રાપર, કન્યાને તલવારના દાતા ગં.સ્વ. મેઘીબેન સ્વ. નરસંગભાઈ બાંભણીયા હ.પૌત્ર ભરતભાઈ, હરી ૐ, રાપર,





## વિવિધ દાતાઓ દ્વારા દાનની સરવાણી વહી : પ્રમુખની ટીમ દ્વારા સમૂહલગ્ન માટે જહેમત ઉઠાવી : સમૂહલગ્નમાં મુંબઈ સહિતના વિસ્તારમાંથી જ્ઞાતિજનો ઉમટ્યા

સમૂહલગ્નના દાતાશ્રીઓની નામાંવલી રૂા. ૧,૧૧,૧૧૧ હરબાઈબેન લખમણભાઈ કરમશીભાઈ ભુષણ હ. નવલબેન અરવિંદ લખમણ ભુષણ સહપરિવાર રાપર, રૂા. ૫૧,૦૦૦ હરજીભાઈ માદેવાભાઈ ચાંબરીયા નવાપરા, રૂા. ૫૧,૦૦૦ જીવતીબેન ભવનભાઈ અણદાભાઈ ખેર રાપર, રૂા. ૫૧,૦૦૦ ગંગાબેન અંબાવીભાઈ (બાઉ) સવાભાઈ વાવીયા રાપર, રૂા. ૫૧,૦૦૦ ગંગાબેન મલાભાઈ સવાભાઈ વાવીયા રાપર, રૂા. ૫૧,૦૦૦ ફુલીબેન ભગાભાઈ ધરમશીભાઈ રાવરીયા રાપર હ. મેઘજીભાઈ તથા રમેશભાઈ, રૂા. ૨૫,૦૦૦ નાનજીભાઈ ભાણાભાઈ ચૌધરી સેલારી, રૂા. ૧૧,૧૧૧ સ્વ. નાનુબેન ખેતાભાઈ કરશનભાઈ ગોઠી હ. બેચરાભાઈ ગોઠી રાપર, રૂા. ૧૧,૧૧૧ હરીભાઈ વાઘાભાઈ રાવરીયા, હ. કાનજીભાઈ રાવરીયા રાપર, રૂા. ૧૧,૦૦૦ રૂા. ૧૧,૦૦૦ સ્વ. બાઉબેન પરબતભાઈ બારવડીયા હ. કાનજીભાઈ, સેલારી, સ્વ. નાનજીભાઈ રામજીભાઈ વાવીયા, હ.કાનજીભાઈ વાવીયા ફતેહગઢ, રૂા. ૧૦,૧૦૦ માદેવાભાઈ ખેતાભાઈ કારોત્રા પરિવાર રાપર, રૂા. ૧૦,૦૦૦ ખીમજીભાઈ બેચરાભાઈ બેરા રાપર, રૂા. ૧૦,૦૦૦ ભવનભાઈ (બાઉ) હરીભાઈ વાવીયા રાપર, રૂા. ૫,૧૦૦ સ્વ.મેઘીબેન ગોકરભાઈ કારાભાઈ ચૌધરી હ.મનજીભાઈ, રાપર રહ્યા હતા

સમગ્ર આયોજનને સફળ બનાવવા પ્રમુખ દેવજીભાઈ રામજી ભાઈ બેરા, પ્રકાશભાઈ હરી ભ્રાંસડીયા, હરજી હરી પોલાર, લાલજી હરી વાવીયા, હરજી નારણ ચૌધરી, ગણેશ નરસગ ચોધરી, નારણ માદેવા ચૌધરી, પવિણ આંબા વાવીયા, બબા ભવન વાવીયા, લખમણ મેઘા ચોધરી, નાનજી ગોવિંદ વાવીયા, રાજેશ દેવડા, કાનજી ધરમશી આરેઠીયા, ધનશયામ માવજી ચોધરી જહેમત ઉઠાવી હતી.

૨૧ એપ્રિલનાં ૨૦૩મા પાટોત્સવની ઉજવણી અંતર્ગત શ્રીહરિસ્મૃતિ કથાનું શ્રવણ કરતાં ભક્તો

# ભુજ સ્વામિ. મંદિરમાં ઘનશ્યામ જન્મોત્સવની ધૂમધામથી ઉજવણી





## રાત્રે મહારાસોત્સવની રમઝટ બોલી

ભુજ - કચ્છઉદય : ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે બિરાજમાન નરનારાયણદેવનાં આગામી તા.૨૧ એપ્રિલનાં ૨૦૩મા પાટોત્સવની ઉજવણી અંતર્ગત હાલે શ્રીહરિ સ્મૃતિ પંચાહ્નપારાયણ જ્ઞાન યજ્ઞનું હરિભક્તો શ્રધ્ધાભેર શ્રવણ કરી રહ્યા છે ત્યારે કથા દરમ્યાન ઘનશ્યામ જન્મ પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ભગવાનને સોનાના પારણામાં ઝુલાવવામાં આવ્યા હતાં. ફુલ વર્ષા સાથે ઘનશ્યામ જન્મોત્સવનાં વધામણા કરવામાં આવ્યા હતાં. જ્યારે રાત્રિનાં સમયે નિશાદભાઈ સોની એન્ડ ગ્રૂપ દ્વારા મહારાસોત્સવની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં મોટીસંખ્યામાં હરિભક્તો જોડાયા હતાં અને રાસની મોજ માણી હતી.

આ તકે મંદિરનાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે, મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવજીવનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગવતની આજ્ઞાથી આગામી તા. ૨૧ એપ્રિલનાં નિજ મંદિરમાં બિરાજમાન નરનારાયણ દેવનો ૨૦૩મો પાટોત્સવ ઉજવણી અંતર્ગત ચાલી રહેલી પાંચ દિવસીય શ્રીહરિ સ્મૃતિ કથા દરમ્યાન ઘનશ્યામ જન્મોત્સવની ધુમધામથી ઉજવણી કરવામાં આવી હતી. ઘનશ્યામનાં બાલ સ્વરૂપને પારણામાં ઝુલાવવામાં આવ્યા હતાં ત્યારે સંતો, કથાનાં યજમાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તો ભક્તો પણ ઘનશ્યામ જન્મોત્સવનાં રંગે રંગાઈ ગયા હતાં. ઘનશ્યામ જન્મોત્સવને લઈને રાત્રિનાં સમયે મહારાસોત્સવ યોજાયો હતો, જેમાં પણ મોટીસંખ્યામાં હરિભક્તો ઉત્સાહભેર જોડાયા હતાં અને રાસની રમઝટ બોલાવી હતી. કથાનાં વક્તા તરીકે શા. સ્વામી આનંદવલ્લભદાસજી, શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી સવારે ૮.૩૦થી ૧૧ અને બપોરે ૩.૩૦થી ૬.૩૦ સુધી કથાનું રસપાન કરાવી રહ્યા છે. જેમાં સ્વામી વાસુદેવપ્રિયદાસજી અને સ્વામી નીલકંઠમુનિદાસજી સંગીતમાં સાથ આપ રહ્યા છે, જ્યારે સભા સંચાલન શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને કૃષ્ણવિહારીદાસજી કરી રહ્યા છે. તા. ૨૧ એપ્રિલનાં સવારે ૬:૩૦ કલાકે ઠાકોરજીનો અભિષેક અને બાદમાં અન્નકૂટ ઉત્સવ આરતી કરાશે. ઠાકોરજીની શોભાયાત્રા પણ યોજાશે.

# ગાયત્રી મંદિર રોડ પર ઊંચી દિવાલ અંગે ઉઠ્યો પ્રશ્ન : સલામતી મુદ્દે ચિંતા વ્યક્ત

## ગૌરવપથના સુશોભન કામ વચ્ચે રહેવાસીઓએ યોગ્ય ઊંચાઈ રાખવાની કરી અપીલ





ભુજ-કચ્છ ઉદય : ભુજ શહેરના ગાયત્રી મંદિર પાસે આવેલા ગૌરવપથ રોડને વધુ સુશોભિત બનાવવા માટે હાલમાં વિકાસ કામો ચાલી રહ્યા છે. જુની લાઈટો દૂર કરીને નવી લાઈટો સ્થાપિત કરવામાં આવી રહી છે તેમજ રોડની વચ્ચે ગ્રીલ લગાડવાનું કામ પણ પ્રગતિ પર છે. સમગ્ર વિસ્તારને વધુ સુંદર અને સુવિધાસભર બનાવવા પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ આ કામ દરમિયાન ખેંગારપાર્ક તરફથી ગાયત્રી મંદિર તરફ આવતા વળાંક પાસે બંને માર્ગોની વચ્ચે ઊંચી દિવાલ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જેને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ દિવાલની ઊંચાઈ વધારે રાખવામાં આવશે તો બંને માર્ગો વચ્ચેનું સીધું દ્રશ્ય બંધ થઈ જશે, જેના કારણે સામસામે આવતા વાહનો દેખાશે નહીં અને અકસ્માતની શક્યતા વધી શકે છે.

સ્થાનિક લોકોનું માનવું છે કે વચ્ચે દિવાલ બનાવવી જરૂરી હોય તો પણ તેની ઊંચાઈ યોગ્ય રાખવી જોઈએ જેથી માર્ગ પર દ્રશ્યતા જળવાઈ રહે. અગાઉ પણ વોક-વેના કામ દરમિયાન બગીચામાં ઊંચી દિવાલ બનાવવામાં આવી હતી, ત્યારે સ્થાનિકોના અવાજ બાદ તે સુધારી લેવામાં આવી હતી. આ બાબતે મિતેશભાઈ એચ. શાહ દ્વારા મુખ્ય અધિકારીને લેખિતમાં રજૂઆત કરી ધ્યાન દોરવામાં આવ્યું છે. સાથે જ તંત્રને વિનંતી કરવામાં આવી છે કે જાહેર સુરક્ષા ધ્યાનમાં રાખીને જરૂરી મુજબ જ કામ કરવામાં આવે. આસપાસના રહેવાસીઓએ પણ આ મુદ્દે જાગૃત બની યોગ્ય નિર્ણય માટે અવાજ ઉઠાવવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.

# રાપર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા





ગાંધીધામ - કચ્છઉદય : ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને બ્રહ્મ સમાજના ઈષ્ટ દેવ ભગવાન પરશુરામના પ્રાગટય દિવસ અખાત્રીજ નિમિત્તે રાપરમા રાપર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સૌ પ્રથમ જાગેશ્વર મંદિરે આરતી દ્વારા શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામા આવ્યું હતું. જે રાપર ચિત્રોડ રોડ, દેના બેંક ચોક, એસટી રોડ, માલી ચોક, ભુતિયા કોઠા રોડ, સલારી નાકા, ખોડીયાર મંદિર રોડ, પ્રાગપર ચોકડી થઈ રાયમલ બાપાની મઢી ખાતે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આરતી, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન પરશુરામની વેશભૂષા રોહિત રાજગોરે કરી હતી.

કાર્યક્રમમાં ધારાસભ્યના પીએ વિનુભાઈ થાનકી, રાપર તાલુકા ભાજપના મહામંત્રી મહાદેવભાઈ ભૂષણ, શહેર ભાજપના મહામંત્રી મદુભા વાઘેલા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ભરતભાઈ મસુરીયા, શંકરભાઈ ખાંડેકા, નરોત્તમ રાજગોર, પરશોતમભાઈ ચાવડા, વિનુભાઈ થાનકી, શિવરામ ભટૈયા, ખેગારભાઈ દાદલ, ભરત મઢવી, ગૌતમભાઈ જોશી, નવિનભાઈ જોશી, મેહુલ જોશી, કેશુભા વાઘેલા, લાલજી કારોત્રા, જગુભા જાડેજા, મનુભાઈ રાજગોર, દશરથ મારાજ, રાપર તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ભરતભાઈ એ. મસુરીયા, દર્શનભાઈ એલ. જોષી, કિશોરભાઈ જી. રાજગોર, મેહુલભાઈ વી. જોષી, રામદેવભાઈ ડી. રાજગોર, જયદેવ આર. બાસપીયા, ગૌરીશંકર આર. મઢવી, ગૌતમભાઈ બી. જોષી, ભરતભાઈ આર. મઢવી, રમેશભાઈ ડી. વરણવા, હસમુખભાઈ એ. ખાંડેકા, પિયુષભાઈ ત્રિવેદી, સાગર ડી. પંડયા, ગૌતમભાઈ પંડયા, ભાવેશભાઈ ભટેયા, બળદેવ ગામોટ, સંજય ત્રિવેદી, વિકાસ રાજગોર, રવિ મસુરીયા, ઋતુરાજ જોશી, ભાવિન પંડયા, મયુર રાજગોર, ભરત મસુરીયા, ભાવેશ મસુરીયા, હિરેન મસુરીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. રાસ ગરબા તથા બાઈક રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું.

# કચ્છી બોલીના લહેકા સાથે મતદાતા જાગૃતિ : સંગીત અને એઆઈના અનોખા સંગમથી ગુંજશે "૨૬ એપ્રિલે તું વૉટ કર જે"

## ૨૬ એપ્રિલે તું વૉટ કર જે : કચ્છી બોલીની આત્મીયતા અને એઆઈ ટેકનોલોજીના નવતર પ્રયોગથી યુવા મતદારોને મતદાન માટે અપીલ





ભુજ-કચ્છઉદય : આગામી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાન અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે કચ્છ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. માન. રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્યના મતદાતા જાગૃતિ કાર્યક્રમ (એસવીએપી) અંતર્ગત, આનંદ પટેલ, કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી-કચ્છ, ભુજ તેમજ વિવેક બારહટ, નાયબ કલેક્ટર, સ્થાનિક સ્વરાજ ચૂંટણી, કચ્છના માર્ગદર્શન અને પ્રેરણાથી "૨૬ એપ્રિલે તું વૉટ કર જે" નામનું એક મતદાતા જાગૃતિ ગીત (જીંગલ) તૈયાર કરવામાં આવ્યું છે.

આ ગીતના શબ્દો, કમ્પોઝીશન, મ્યુઝિક અરેન્જમેન્ટ, વાદ્યવાદન, ઑડિયો રેકોર્ડિંગ અને વીડિયો મિક્સિંગ હિરેન આર. ગોસ્વામી, નાયબ મામલતદાર, મતદારયાદી, કલેક્ટર કચેરી-કચ્છ, ભુજ દ્વારા કરવામાં આવ્યા છે. આ ગીતમાં લીડ વોકાલિસ્ટ તરીકે નિરાલી કે. ગોસ્વામી અને પારસ કે. ગોસ્વામીએ પોતાનો સુમધુર સ્વર આપ્યો છે. આ ગીતમાં ટેક્નિકલ સહકાર વિપુલ આર. ગોસ્વામી, આચાર્ય, કે.કે. એમ.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, અંજાર અને નિશીથ મોદી દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે.

ખાસ કરીને યુવા મતદારોને આકર્ષવા માટે એક નવીન અભિગમ અપનાવીને, આ ગીતના વીડિયો જનરેશનમાં એ.આઈ. (એઆઈ - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટેક્નોલોજીનો અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આ ગીતનું સંગીત નિર્દેશન લોકસંગીત, શાસ્ત્રીય સંગીત અને પાશ્ચાત્ય સંગીતના અદભુત મિશ્રણ સાથે કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ મતદાતાઓને તા. ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં ઉત્સાહપૂર્વક જોડાઈને મહત્તમ મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. મતદાતાઓ ૨૬ એપ્રિલના રોજ સવારે ૭.૦૦ કલાકથી સાંજના ૬.૦૦ કલાક સુધી મતદાન કરી શકશે.

# સોનેરી સવાર અને પ્રકૃતિનું સાનિધ્ય





કચ્છનો વાગડ વિસ્તાર તેની પ્રાકૃતિક સુંદરતા અને શાંતિ માટે જાણીતો છે. રવિવારની વહેલી સવારે રાપર તાલુકાના ખેંગારપર ગામે કુદરતનું એક અનોખું રૂપ જોવા મળ્યું હતું. સૂર્યોદય પૂર્વે આકાશમાં છવાયેલા વાદળો પર સૂરજના કિરણો પડતા સમગ્ર નભ મનમોહક કેસરી અને ગુલાબી આભાથી છલકાઈ ઉઠ્યું હતું. આ અદ્ભુત નજારાએ ગ્રામજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સવારના સોનેરી તડકાની સાથે જ પ્રકૃતિના અણમોલ ઘરેણા સમાન રાષ્ટ્રીય પક્ષી મોરનો મધુર ગહેકાટ વાતાવરણમાં ગુંજી ઉઠ્યો હતો. ખેંગારપર ગામના પાદરે આવેલા લીમડાના ઊંચા ઝાડ પર બિરાજમાન મોરે જ્યારે આભલા જેવા આકાશ નીચે પોતાની છટા વિખેરી, ત્યારે એ દ્રશ્ય કોઈ ચિત્રકારની સુંદર કૃતિ જેવું ભાસતું હતું. વાગડની આ પાવન ધરા પર પ્રકૃતિ અને પશુ-પક્ષીઓનો આવો સમન્વય ગ્રામીણ સંસ્કૃતિની જીવંતતાના દર્શન કરાવે છે. વહેલી સવારના આ મનોહર દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા, જે કુદરત પ્રત્યેના લગાવને વધુ ગાઢ બનાવે છે.

# મુંબઈ આજે અમદાવાદમાં જીતવા દ્રઢ, ગુજરાતનો વિશ્વાસ બુલંદ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ અહીં શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈ ઈન્ડિયન્સ (એમઆઈ) અને ગુજરાત ટાઈટન્સ (જીટી) વચ્ચે જે મુકાબલો છે એમાં જો મુંબઈ જીતશે તો ટીમમાં નવા પ્રાણ પુરાશે, જ્યારે ગુજરાત જીતશે તો એનો આત્મવિશ્વાસ વધુ બુલંદ થઈ જશે, કારણકે ખાસ કરીને એના સુકાની શુભમન ગિલ અને વિકેટકીપર જૉસ બટલરની જોડીએ ગુજરાતની ટીમને એક પછી એક વિજય અપાવીને ટૉપ-ઑર્ડરની નજીક લાવી દીધી છે. બીજી તરફ, મુંબઈના સાઉથ આફ્રિકન વિકેટકીપર બૅટ્સમૅન ક્વિન્ટન ડિકોકને આ વખતે (૧૬મી એપ્રિલે) પહેલી જ વખત રમવાનો મોકો મળ્યો અને તેણે પંજાબ સામે સેન્ચુરી (અણનમ ૧૧૨) ફટકારીને જોરદાર એન્ટ્રી મારી છે. મુંબઈ અને ગુજરાત વચ્ચે અત્યાર સુધીમાં કુલ આઠ મૅચ રમાઈ છે જેમાંથી પાંચ ગુજરાતે અને ત્રણ મુંબઈએ જીતી છે.




નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે ૭.૩૦ વાગ્યાથી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ગુજરાત ટાઇટન્સ (જીટી) વચ્ચે મુકાબલો

મુંબઈની ટીમ ફક્ત પાંચમાંથી એક મૅચ જીતી છે અને સતત ચાર હારી છે. માત્ર બે પૉઈન્ટ સાથે આ ટીમ સાવ તળિયે છે. ગુજરાતની ટીમ પાંચમાંથી ત્રણ મુકાબલા જીતીને છ પૉઈન્ટ સાથે પાંચમા નંબરે છે. ગુજરાતની ટીમે અત્યાર સુધીમાં પાંચ મૅચમાં ૨૫માંથી ફક્ત ૧૩ ખેલાડીઓને રમાડ્યા છે, જ્યારે મુંબઈના ૧૭ ખેલાડી આ વખતે રમી ચૂક્યા છે.

ગુજરાતે આ વખતે તમામ મૅચોમાં એકસમાન ફાસ્ટ બોલર (મોહમ્મદ સિરાજ, કેગિસો રબાડા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અશોક શર્મા)નો ઉપયોગ કર્યો છે. બીજી તરફ, મુંબઈના ત્રણ ફાસ્ટ બોલર ટ્રેન્ટ બૉલ્ટ, દીપક ચાહર અને હાર્દિક પંડયાના પર્ફોર્મન્સ તમામ ટીમોમાં સૌથી નબળા રહ્યા છે.

મુંબઈની ટીમ રોહિતની સાથળની ઈજાને કારણે ચિંતામાં છે ત્યાં સૂર્યકુમાર તેમ જ તિલક વર્મા અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહના નબળા ફૉર્મને લીધે મુસીબતમાં છે. બુમરાહ પાંચ મૅચમાં કુલ ૧૯ ઓવરમાં એક પણ વિકેટ નથી લઈ શક્યો. જોકે આજે બુમરાહ હોમ-ગ્રાઉન્ડ અમદાવાદમાં રમવાનો ફરી મોકો મળશે તો ચમકી જશે એવી આશા છે.

# ફાઇનલમાં ન રમવા દીધું એટલે ગુસ્સામાં પિચ પર ટ્રેક્ટર ફેરવી નાખ્યું!

(એજન્સી દ્વારા)

જલગાંવઃ ક્રિકેટ મૅચની ફાઈનલ રમાવાની હોય એટલે મામલો ચરમસીમાએ હોય અને જેમાં રમવાની બન્ને ટીમના દરેક ખેલાડીની ઈચ્છા હોય, પરંતુ જો કોઈ પ્લેયર એ નિર્ણાયક મુકાબલાથી વંચિત રહી જાય તો તેને ખૂબ અફસોસ જરૂર થાય. જોકે જલગાંવમાં એક ટ્રેક્ટર ડ્રાઈવર તો એટલો બધો ક્રોધમાં આવી ગયો કે તેણે પિચ પર ટ્રેક્ટર જ ફેરવી નાખ્યું.



જલગાંવમાં એક ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ શરૂ થઈ રહી હતી. તમામ ખેલાડીઓ અને પ્રેક્ષકોની ઈન્તેજારીનો અંત આવી રહ્યો હતો ત્યાં તો ઈવેન્ટનો ભવ્ય અને રોમાંચક અંત આવવાનો હતો એને બદલે વિનાશ થયો. ફાઈનલ શરૂ જ થઈ રહી હતી ત્યાં એક સ્થાનિક માણસ ટ્રેક્ટર સાથે મેદાન પર ધસી આવ્યો અને પિચનો તેણે ટ્રેક્ટરથી સત્યાનાશ કરી દીધો હતો.

ડ્રાઈવર કોઈને પણ ચેતવ્યા વગર સીધો ટ્રેક્ટર સાથે પિચ ધસી આવ્યો હતો. બુલડોઝર ફેરવી દીધું હતું. સર્વત્ર હાહાકાર મચી ગયો હતો. ટ્રેક્ટરના પૈડાં એટલા બધા વજનદાર હતા કે એનાથી ઘાસ છૂંદાઈ ગયું હતું, પિચમાં તિરાડો પડી ગઈ હતી અને પિચ જરાય રમવાલાયક નહોતી રહી. પ્રેક્ષકોના તો માનવામાં જ નહોતું આવતું. આવું તેમણે તો અગાઉ ક્યારેય નહોતું જોયું, ક્યારેય ક્રિકેટના કોઈ મેદાન પર આવું બન્યું પણ નહીં હોય.

આવું કરવા પાછળનું કારણ એ હતું કે ટ્રેક્ટરના ડ્રાઈવરને તેના સમાજની ટીમે ફાઈનલમાં રમવાનું આમંત્રણ નહોતું આપ્યું. પોતે લાંબા સમયથી સમાજનો મેમ્બર હોવા છતાં તેને ફાઈનલમાં રમવા ન બોલાવતાં તેનાથી અપમાન સહન નહોતું થયું અને તેણે આ કૃત્ય કર્યું હતું. ટ્રેક્ટરના ડ્રાઈવરે સમાજની ટીમ સામે બદલો લેવા આવું પગલું ભર્યું હતું. તેણે પિચ પર પહોંચ્યા બાદ એક છેડાના ત્રણેય સ્ટમ્પ્સ ટ્રેક્ટરના પૈડાં નીચે ચગદી નાખ્યા હતા અને પછી પિચ પર ટ્રેક્ટર ફેરવીને ત્યાંથી નાસી ગયો હતો. મેદાન પર લોકો ધસી આવ્યા હતા.

# પંજાબના ૨૫૪ રનના વિક્રમજનક સ્કોરના બોજ નીચે લખનઊ દબાઈ ગયું

(એજન્સી દ્વારા)

ન્યૂ ચંડીગઢઃ પંજાબ કિંગ્સે (૨૦ ઓવરમાં ૭/૨૫૪) અહીં રવિવારે લખનઊ સુપર જાયન્ટ્સ (૨૦ ઓવરમાં ૫/૨૦૦)ને ૫૪ રનથી હરાવીને ૧૧ પૉઈન્ટ સાથે મોખરે સ્થાન વધુ મજબૂત કર્યું હતું. હજી પણ શ્રેયસ ઐયરની ટીમ એકમાત્ર એવી ટીમ છે જે અપરાજિત છે. લખનઊની ટીમ સતત ત્રીજી મૅચ હારતાં આઠમા સ્થાને જતી રહી છે. બેંગ્લૂરુ અને રાજસ્થાન આઠ-આઠ પોઈન્ટ સાથે બીજા-ત્રીજા સ્થાને છે.

પંજાબનો ઓપનર અને મૅન ઑફ ધ મૅચ પ્રિયાંશ આર્ય (૯૩ રન, ૩૭ બૉલ, નવ સિક્સર, ચાર ફોર) અને ઑસ્ટ્રેલિયન ખેલાડી કૂપર કૉનોલી (૮૭ રન, ૪૬ બૉલ, સાત સિક્સર, આઠ ફોર) પંજાબની રેકૉર્ડ-બ્રેક ઈનિંગ્સના બે મુખ્ય સ્ટાર હતા. તેમની વચ્ચે બીજી વિકેટ માટે ફક્ત ૮૦ બૉલમાં ૧૮૨ રનની વિક્રમી ભાગીદારી થઈ હતી. કોનોની ફક્ત ચાર રન પર હતો ત્યારે તેને બે જીવતદાન મળ્યા હતા જે છેવટે લખનઊને ભારે પડ્યા. મોહસિન ખાનના એક બૉલમાં કોનોલી એલબીડબલ્યૂમાં આઉટ હતો, પરંતુ લખનઊની ટીમે ડીઆરએસમાં રિવ્યૂ ન લેવાની ભૂલ કરી હતી. ત્યાર બાદ ખુદ મોહસિન ખાને પોતાના જ બૉલમાં કૉનોલીનો કૅચ છોડ્યો હતો. પંજાબે આ વખતના વિક્રમજનક ૨૫૪ રનના સ્કોર સાથે લખનઊને ૨૫૫ રનનો જ તોતિંગ લક્ષ્યાંક આપ્યો એના બોજ તળે રિષભ પંતની ટીમ દબાઈ ગઈ હતી. ૬૧મા રને પ્રથમ વિકેટ અને ૧૦૯ રનના સ્કોર પર બીજી વિકેટ પડ્યા બાદ આ ટીમે બે-ત્રણ ઓવરના અંતરમાં પછીની વિકેટો ગુમાવી હતી. મુકુલ ચૌધરી (૨૧ અણનમ, ૧૭ બૉલ, એક સિક્સર, એક ફોર) અણનમ રહ્યો હતો. પંજાબના માર્કો યેનસેને બે વિકેટ તેમ જ અર્શદીપ સિંહ, વિજયકુમાર વૈશાક તથા યુઝવેન્દ્ર ચહેલે એક-એક વિકેટ મેળવી હતી. ખુદ પંત ૪૩ રનથી આગળ નહોતો વધી શક્યો અને અર્શદીપ સિંહના બૉલમાં વિકેટકીપર પ્રભસિમરન સિંહનો શિકાર થયો હતો.



## પંજાબ કિંગ્સના ઈતિહાસની ત્રીજી મોટી ભાગીદારીઃ

૧. ૨૦૬ રન - ગિલક્રિસ્ટ અને શોન માર્શ (૨૦૧૧)
૨. ૧૮૩ રન - કેએલ રાહુલ અને મયંક અગ્રવાલ (૨૦૨૦)
૩. ૧૮૨ રન - પ્રિયાંશ આર્યા અને કૂપર કોનોલી (૨૦૨૬)

## પ્રિયાંશે વૈભવની બરાબરી કરી ઇશાન, યશસ્વી, રાહુલ, રજતનો રેકોર્ડ તોડ્યો

પ્રિયાંશ આર્યાએ આ મેચમાં ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી અને તે આઈપીએલમાં ૨૦થી ઓછા બોલમાં સૌથી વધુ વખત અડધી સદી ફટકારનારા ભારતીય બેટ્સમેનોની યાદીમાં વૈભવ સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે આવી ગયો છે. પ્રિયાંશે આ લીગમાં ત્રીજી વખત ૨૦થી ઓછા બોલમાં અડધી સદી ફટકારવાનું પરાક્રમ કર્યું છે, જ્યારે વૈભવ પણ ત્રણ વખત આવું કરી ચૂક્યો છે. આ સાથે જ પ્રિયાંશે રજત પાટીદાર, યશસ્વી જયસ્વાલ, ઈશાન કિશન અને કેએલ રાહુલને એકસાથે પાછળ છોડી દીધા છે. આ ચારેય બેટ્સમેનોએ આઈપીએલમાં ૨-૨ વખત ૨૦થી ઓછા બોલમાં અડધી સદી ફટકારવાની સિદ્ધિ મેળવી છે.

અભિષેક શર્માઃ ૬ વખત
પ્રિયાંશ આર્યાઃ ૩ વખત
વૈભવ સૂર્યવંશીઃ ૩ વખત
રજત પાટીદારઃ ૨ વખત
યશસ્વી જયસ્વાલઃ ૨ વખત
ઈશાન કિશનઃ ૨ વખત
કેએલ રાહુલઃ ૨ વખત

## પ્રિયાંશ અને કોનોલીની જોડીએ રચ્યો ઈતિહાસ



પંજાબના બેટર પ્રિયાંશ આર્ય અને કૂપર કોનોલીએ મેદાનની ચારેબાજુ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવીને આઈપીએલના ઈતિહાસની સૌથી વિસ્ફોટક પાર્ટનરશીપમાંથી એક નોંધાવી હતી. ઓપનર પ્રભસિમરન સિંઘ ખાતું ખોલાવ્યા વગર આઉટ થયા બાદ પ્રિયાંશ આર્ય અને કૂપર કોનોલીએ બીજી વિકેટ માટે માત્ર ૮૦ બોલમાં ૧૮૨ રનની તોફાની ભાગીદારી કરી હતી. ૨૪ વર્ષીય બેટર પ્રિયાંશ આર્યએ માત્ર ૩૭ બોલમાં ૯૩ રન ફટકાર્યા હતા, જેમાં ૪ ચોગ્ગા અને ૯ ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયન યુવા સ્ટાર કૂપર કોનોલીએ ૪૬ બોલમાં ૮૭ રનની ઈનિંગ રમી હતી, જેમાં ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. આ જોડીએ મળીને કુલ ૧૬ છગ્ગા અને ૧૨ ચોગ્ગા ફટકાર્યા હતા. પંજાબ કિંગ્સે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવી ૨૫૪ રન બનાવ્યા હતા, જે આઈપીએલ ૨૦૨૬નો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર છે.

## ૧૧ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પંજાબ


શ્રેયસ અય્યરની કેપ્ટનશીપ હેઠળની પંજાબની ટીમ વિજય રથ પર સવાર છે. પંજાબ હજુ સુધી એક પણ મેચ હારી નથી. છ મેચમાં ૧૧ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. પંજાબની એક મેચ વરસાદમાં ધોવાઈ ગઈ હતી. બીજી તરફ, એલએસજી ૬ મેચમાં બે જીત સાથે ચાર પોઈન્ટ ધરાવે છે અને ટેબલમાં આઠમા સ્થાને છે. પંત બ્રિગેડે હારની હેટ્રિક લગાવી છે.

# કોલકાતા પહેલી વાર જીત્યું, રિંકુ-રોયની જોડી રાજસ્થાનને નમાવવામાં સફળ


(એજન્સી દ્વારા)

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં અજિંક્ય રહાણેની કૅપ્ટન્સીમાં કોલકાતા નાઈટ રાઈડર્સે રવિવારે અહીં આ વખતની ટૂર્નામેન્ટમાં પાંચ પરાજય જોયા બાદ પહેલી વખત વિજય મેળવ્યો હતો. રાજસ્થાન રૉયલ્સ સામેની આ મૅચમાં કોલકાતાએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી આ જીત હાંસલ કરી હતી. કોલકાતાએ ૧૫૬ રનનો લક્ષ્યાંક બે બૉલ અને ચાર વિકેટ બાકી રાખીને મેળવી લીધો હતો. વાઈસ-કૅપ્ટન રિંકુ સિંહ આઠ રન પર હતો ત્યારે તેનો આસાન કૅચ નૅન્ડ્રે બર્ગરે છોડ્યો હતો અને છેવટે રિંકુ અણનમ હાફ સેન્ચુરી સાથે મૅચ-ફિનિશર બન્યો હતો. વરુણ ચક્રવર્તી (૪-૦-૧૪-૩)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

કોલકાતા વતી બોલિંગમાં પેસ બોલર કાર્તિક ત્યાગી (બાવીસ રનમાં ત્રણ વિકેટ) તેમ જ બે સ્પિનર વરુણ ચક્રવર્તી (૧૪ રનમાં ત્રણ વિકેટ) અને સુનીલ નારાયણે (૨૬ રનમાં બે વિકેટ) એ તરખાટ મચાવ્યો હતો અને રાજસ્થાનની ટીમને ૯/૧૫૫ના સ્કોર સુધી સીમિત રાખી હતી. ત્યાર બાદ કોલકાતાને લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન રિંકુ સિંહ (૫૩ અણનમ, ૩૪ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) તથા મૂળ ઝારખંડના લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અનુકૂલ રૉય (૨૯ અણનમ, ૧૬ બૉલ, બે સિક્સર, એક ફોર)ની જોડીએ ૭૬ રનની અતૂટ ભાગીદારીથી કોલકાતાને વિજયપથ પર લાવી દીધું હતું.



## જોફ્રા આર્ચરે રચ્યો અનોખો વર્લ્ડ રેકોર્ડ!




(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ૧૯ એપ્રિલના રોજ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે રમાયેલી મેચમાં આર્ચરે તેની પહેલી જ બોલ પર આ રેકોર્ડ બનાવ્યો છે. સ્ટાર ઈંગ્લેન્ડના બોલરે કોલકાતા સામેની ઈનિંગના પહેલા જ બોલ પર ઓપનર ટિમ સાઈફર્ટને ક્લીન-બોલ્ડ કર્યો હતો. આનાથી રાજસ્થાન માટે શાનદાર શરૂઆત જ નહીં પરંતુ આર્ચરના નામે એક ખાસ ઉપલબ્ધિ નોંધાઈ છે. ટિમ સાઈફર્ટ પહેલો બેટ્સમેન નથી જેને આર્ચરે પહેલા જ બોલ પર આઉટ કર્યો હોય. આ સતત ત્રીજી મેચ હતી જેમાં આ પ્રકારે બોલરે ઈનિંગની શરૂઆતના બોલ પર વિકેટ લીધી હતી. આ પહેલા આર્ચરે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ફિલ સોલ્ટને અને ત્યારબાદ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે અભિષેક શર્માને પણ પહેલા જ બોલ પર આઉટ કર્યા હતા. આમ, આર્ચર આઈપીએલના ઈતિહાસમાં સતત ત્રણ મેચમાં ઈનિંગના પહેલા જ બોલ પર વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો છે.

# દીપિકા પાદુકોણે વ્યક્ત કરી હતી ત્રણ બાળકોની મમ્મી બનવાની ઈચ્છા

(એજન્સી દ્વારા)

મુંબઈ : દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ ફરી પાછાં પેરન્ટ્સ બનવાનાં છે. ગઈ કાલે દીપિકાએ સોશ્યલ મીડિયા પર એક તસવીર પોસ્ટ કરીને સત્તાવાર રીતે આ સારા સમાચાર શૅર કર્યા છે. દીપિકાએ સોશ્યલ મીડિયામાં દીકરી દુઆની એક તસવીર પોસ્ટ કરી છે જેમાં દુઆ સફેદ બૉડીસૂટ પહેરીને પપ્પા રણવીર સિંહના ખોળામાં બેઠી છે. જોકે આ તસવીરમાં દુઆનો ચહેરો સ્પષ્ટ દેખાતો નથી. તસવીરમાં દુઆના હાથમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ છે, જેમાં ટેસ્ટ રિઝલ્ટ પૉઝિટિવ આવ્યું છે. આ પોસ્ટ દ્વારા રણવીર અને દીપિકાએ કન્ફર્મ કર્યું હતું કે તેમની દીકરી દુઆને હવે ભાઈ અથવા બહેન મળવાનાં છે. દીપિકાએ પોસ્ટ સાથે નજરનું ઈમોજી પણ શૅર કર્યું છે.

# સલમાન ખાનની નવી ફિલ્મનું શૂટિંગ શરૂ

(એજન્સી દ્વારા)



મુંબઈઃ સલમાન ખાનની 'માતૃભૂમિ' ફિલ્મ સંરક્ષણ મંત્રાલયની મંજૂરીમાં અટવાઈ છે તે વચ્ચે તેની નવી ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ગયું છે. સાઉથના પ્રોડ્યૂસર દિલ રાજુ આ ફિલ્મ બનાવી રહ્યા છે અને સાઉથના નેશનલ એવોર્ડ વિજેતા દિગ્દર્શક વામસી પેઈડીપલ્લી તેનું દિગ્દર્શન કરી રહ્યા છે. સલમાન સાથે નયનતારા આ ફિલ્મમાં લીડ હિરોઈન તરીકે છે. ફિલ્મનો મુહૂર્ત શોટ તાજેતરમાં મુંબઈ ખાતે લેવમાં આવ્યો હતો. પ્રોડ્યૂસર, ડિરેક્ટર તથા હિરોઈન પણ સાઉથનાં હોવા છતાં સલમાને ટ્રાવેલિંગ ન કરવું પડે તે માટે પૂજા મુંબઈમાં રખાઈ હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે સલમાનના ઘરે ગોળીબાર બાદ પોલીસે તેને બહાર અવરજવર ઓછી કરવા કહ્યું છે. આ ફિલ્મનું ટાઈટલ હજુ ફાઈનલ થયું નથી. મોટાભાગે આવતાં વર્ષે ફિલ્મ રીલિઝ કરી દેવાનું પ્લાનિંગ છે.

# 'લાહોર ૧૯૪૭' નું નવું ટાઈટલ બટવારા ૧૯૪૭ હોવાની ચર્ચા

(એજન્સી દ્વારા)

મુંબઈઃ આમિર ખાનનાં પ્રોડક્શન હેઠળની સની દેઓલની ફિલ્મનું ટાઈટલ બદલીને 'બટવારા ૧૯૪૭' કરવામાં આવ્યું હોવાની ચર્ચા ફરી શરુ થઈ છે. મૂળ આ ફિલ્મનું ટાઈટલ 'લાહોર ૧૯૪૭' છે. થોડા સમય અગાઉ પણ એવી ચર્ચા ચાલી હતી કે પાકિસ્તાની ટાઈટલને લીધે વિવાદ થાય તેવી સંભાવના હોવાથી આ ફિલ્મનું ટાઈટલ બદલાઈ શકે છે. જોકે, આમિર ખાતે તે વખતે આવા અહેવાલોને ફગાવ્યા હતા. આ ફિલ્મ મૂળ નાટક 'જિસને લાહોર નહિ દેખા વો જન્મ્યા હી નહીં' પરથી આધારિત હોવાથી ટાઈટલમાં લાહોર નામ રહેશે તેવું ત્યારે જણાવાયું હતું. પરંતુ, હવે ફરી ચર્ચા શરુ થઈ છે કે આમિર ટાઈટલ બદલવા માટે સંમત થયો છે. આ ફિલ્મ દ્વારા સની દેઓલ અને રાજુકુમાર સંતોષી ફરી કોલબરેશન કરી રહ્યા છે. પ્રીતિ ઝિન્ટાનું લાંબા સમય બાદ મોટા પડદે પુનરાગમન થઈ રહ્યું છે. ફિલ્મ આગામી ઓગસ્ટમાં રીલિઝ થવાની છે.




# આપણી ફિલ્મો વેસ્ટર્ન ઓડિયન્સને પણ જોવી ગમે એવી બનાવવી પડશે : યશ




(એજન્સી દ્વારા) મુંબઈ : રણબીર કપૂર અને યશની રામાયણના ગ્રાફિક્સ અને વીએફએક્સની ઘણી ચર્ચા છે. ઘણા લોકો આ ફિલ્મના વિષય સાથે વધુ પડતા વીએફએક્સને કારણે તેની ટીકા કરી રહ્યા છે, તો હોલિવૂડના ટેક્નિશીયન્સ દ્વારા થતા વર્લ્ડક્લાસ ગ્રાફિક બાબતે કેટલાક લોકો તેની અવતાર સાથે પણ સરખામણી કરી રહ્યા છે. આ ફિલ્મની પહેલી ઝલક લોંચ કરવામાં આવી છે, તેમાં રણબીરની ઝલક જોવા મળી છે, પણ હજુ યશના રાવણ સ્વરૂપની ખાસ ઝોલક મળી નથી. ત્યારે હવે યશ રામાયણના આંતરરાષ્ટ્રિય સ્તરના કેનવાસના વખાણ કર્યા છે. યશે કહ્યું, "અમારે પશ્ચિમી દર્શકો માટે પણ ઓળખાણભર્યું બનાવવું પડશે"

નિતેશ તિવારીની ભવ્ય ફિલ્મ 'રામાયણ' માટે પ્રમોશનની શરૂઆત સાથે, નિર્માતા નમિત મલ્હોત્રા અને અભિનેતા યશ લાસ વેગાસ ખાતે યોજાયેલા સિનેમાકોનમાં ફિલ્મ રજૂ કરવા ગયા હતા. આ આંતરરાષ્ટ્રીય મંચ પર તેમણે 'રામાયણ પાર્ટ ૧'નું પ્રેઝન્ટેશન કર્યું અને ફિલ્મની દ્રષ્ટિ અને વ્યાપ વિશે વિગતે ચર્ચા કરી. 'રામાયણ' વાલ્મીકિ દ્વારા રચાયેલ પ્રાચીન મહાકાવ્ય પર આધારિત છે, જેમાં ભગવાન રામ (રણબીર કપૂર) અને રાવણ (યશ) વચ્ચેનું યુદ્ધ દર્શાવવામાં આવ્યું છે. રાવણે સીતાજી (સાઈ પલ્લવી)નું અપહરણ કર્યા બાદ આ સંઘર્ષ શરૂ થાય છે. રાવણનું પાત્ર પહેલાં પણ પડદા ૨૫ ઘણી વખત ભજવાઈ ચૂક્યું છે અને તેમાંથી કેટલાંક પાત્રો દર્શકોના મનમાં વસી ગયા હોય ત્યારે આ પ્રકારના પાત્ર માટે વધુ મહેનત કરવી પડતી હોય છે. ત્યારે યશે રાવણના પાત્ર વિશે વાત કરતા કહ્યું, "મેં રાવણના સ્વભાવ અને ભાવનાઓને અંદર સુધી સમજવાનો પ્રયાસ કર્યો છે અને કેટલીક ક્ષણોમાં તેને માનવીય બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

# ભારતીય ફિલ્મોએ પાકિસ્તાનીઓને ઘેલા કર્યા : ટોપ ટેનમાં ૬ ભારતીય ફિલ્મ સામેલ

(એજન્સી દ્વારા)

મુંબઈઃ પાકિસ્તાનીઓ ભારતનો ભલે વિરોધ કરતા હોય, પરંતુ ભારતીય ફિલ્મોને ખૂબ જ પસંદ કરે છે. આવું એક અહેવાલ દ્વારા પ્રમાણિત થયું છે. એવી ઘણી ફિલ્મો છે જેણે પાકિસ્તાનીઓને ઘેલા કરી દીધા છે. આ વીકએન્ડ પર ઓટીટી પર કઈ ફિલ્મ ટોપ પર રહી તેનો એક અહેવાલ પ્રકાશમાં આવ્યો છે, જે ફિલ્મોએ સિનેમાઘરોમાં કઈ ખાસ કમાલ નથી કર્યો તેવી ફિલ્મો ઓટીટી પર ધૂમ મચાવી રહી છે. જો કે, ખાસ વાત એ છે કે, આ ફિલ્મોએ પાકિસ્તાનમાં પણ ધૂમ મચાવી છે. પાકિસ્તાનમાં નેટફ્લિક્સ પર ટોપ ૧૦ ફિલ્મો રહી તેમાં ૬ ફિલ્મો તો ભારતીય છે. ચાલો વિગતે જોઈએ કે, પાકિસ્તાનીઓને કઈ ભારતીય ફિલ્મો વધારે પસંદ આવી રહી છે....



નેટફ્લિક્સ પર ટોપ કરી રહેલી ફિલ્મોની વાત કરવામાં આવે તો, પાકિસ્તાનમાં સંજય મિશ્રા અને નીતા ગુપ્તા સ્ટારર ફિલ્મ સસ્પેન્સ ક્રાઈમ થ્રિલર ફિલ્મ 'વધ ૨' બીજા સ્થાને છે. 'વધ ૨' સિનેમાઘરોમાં કઈ ખાસ કમાલ કરી શકી નથી, પરંતુ ઓટીટી પર ધૂમ મચાવી રહી છે. આ સાથે શનાયા કપૂર સ્ટારર થ્રિલર ફિલ્મ 'તુ યા મૈ' પણ પાકિસ્તાનીઓને ખૂબ જ પસંદ આવી છે. બોક્સઓફિસ પર ફ્લોપ રહેલી ફિલ્મ નેટફ્લિક્સ પર લોકોને ખૂબ જ પસંદ આવી છે. પાકિસ્તાન નેટફ્લિક્સમાં પણ આ ફિલ્મ ટોપ ૧૦માં ત્રીજા ક્રમે રહી છે.

રાણી મુખર્જીની ફિલ્મ 'મર્દાની ૩'એ બોક્સ પર ધૂમ મચાવી અને બંપર કમાણી કરી હતી. હવે આ ફિલ્મ ઓટીટી પણ પોતાની જાદૂ દેખાડી રહી છે. માત્ર ભારત જ નહીં, પરંતુ પાકિસ્તાનમાં પણ આ ફિલ્મે કમાલ કરી દીધી છે. પાકિસ્તાનમાં ટોપ ૧૦માં આ ફિલ્મ પાંચમા ક્રમે રહી છે. આ સાથે ભારતમાં પણ સારી એવી કમાણી કરી લીધી છે. મહિલા સ્ટારર આ ફિલ્મ સારા એવા રૂપિયા છાપી લીધા છે. ત્યાર બાદ વાત કરવામાં આવે તો સાઉથની સસ્પેન્સ થ્રિલર ફિલ્મ 'મૃત્યુંજય' થિયેટરો તો ના ચાલી પરંતુ ઓટીટી પર લોકોની પસંદ બની ગઈ છે. આ ફિલ્મ ૧૧ દેશોમાં ટોપ ૧૦ માં યથાવત છે. જ્યારે પાકિસ્તાનમાં ટ્રેન્ડિંગ યાદીમાં છઠ્ઠા સ્થાને છે. હજી પણ લોકો આ ફિલ્મને જોઈ રહ્યાં છે.

ધૂરંધર ફિલ્મે તો ભારતીય સિનેમાઘરો જ નહીં પરંતુ વિદેશની સિનેમાઘરોમાં પણ ધૂમ મચાવી દીધી હતી. તેની સામે આવેલી કોઈ ફિલ્મને થિયેટરમાં સ્થાન લેવા દીધું નથી. હવે ઓટીટી પર પણ પોતાનું વર્ચસ્વ દેખાઈ રહી છે. ભારતમાં તો આ ફિલ્મ ટોપ પર છે જ પરંતુ સાથે સાથે દુશ્મન દેશ પાકિસ્તાનના લોકો પણ તેને ખૂબ જ પસંદ કરી રહ્યાં છે. આ ફિલ્મ પાકિસ્તાનમાં ટોપમાં સાતમા સ્થાને રહી છે. ત્યાર બાદ વાત કરવામાં આવે તો, સંજય મિશ્રાની ફિલ્મ 'વધ' પણ ધૂમ મચાવી રહી છે.

# તમે સેટ પર બેભાન થઈ જાઓ તોય બોલિવૂડમાં કોઈને ફરક પડતો નથી : એલી



(એજન્સી દ્વારા)

મુંબઈ : એક્ટ્રેસ એલી અવરામે દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને બોલિવૂડ વચ્ચેના કામના વાતાવરણના તફાવત વિશે ખુલીને વાત કરી છે અને તેની નજરે દક્ષિણના સેટ્સ વધુ શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત લાગે છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં એલીએ કહ્યું કે બંને ઈન્ડસ્ટ્રીઝમાં તેને સારા અનુભવ મળ્યા છે, પરંતુ કામ કરવાની રીતમાં મોટો ફરક છે. એલી અવરામે કહ્યું, "સાઉથના સેટ્સ પર બધું વધુ શાંતિથી અને ગોઠવણપૂર્વક થાય છે. તેઓ વોકી-ટોકીનો ઉપયોગ કરે છે, બૂમાબૂમ કરતા નથી. જ્યારે બોલિવૂડમાં ઘણી વાર ઉતાવળ હોય છે. તમે ખાઈ રહ્યા હો તો પણ કહેવામાં આવે કે 'શોટ તૈયાર છે'. એવું લાગે કે તમે ખાધું કે બેહોશ થઈ જાવ, એનાથી કોઈને કોઈ ફરક પડતો નથી, શોટ મહત્વનો છે." આ વાત થોડી કડવી લાગે, પણ એ ઈન્ડસ્ટ્રીના પ્રેશર અને ઉતાવળને પણ દર્શાવે છે. એલીએ સાથે સાથે એમ પણ સ્પષ્ટ કહ્યું કે બધું જ એકસરખું નથી. તાજેતરમાં તેણે એક ઓટીટી પ્રોજેક્ટ પર કામ કર્યું, જ્યાં આખી ટીમ ખૂબ જ કાળજી રાખતી હતી. એકદમ આરામદાયક અને "સુંદર અનુભવ" તરીકે તેણે વર્ણવ્યું હતુ. એલીએ સાઉથના સિનેમાની એક મોટી ખાસિયત પણ બતાવી, તેણે કહ્યું, "મને લાગે છે કે સાઉથમાં મહિલા કલાકારો માટે કન્ટેન્ટ-ડ્રિવન ફિલ્મોમાં વધુ તક મળે છે. બોલિવૂડમાં હજી પણ ટાઈપકાસ્ટિંગ વધારે છે." તેણે ઉમેર્યું કે મલંગ જેવી ફિલ્મમાં અલગ પ્રકારની ભૂમિકા મળતાં ઘણા ફિલ્મમેકર્સને સમજાયું કે તે સીરિયસ એક્ટિંગ પણ કરી શકે છે. એલીએ બોલિવૂડમાં માઈકી વાયરસથી ડેબ્યુ કર્યું હતું.

# વિકાસના કામો ભાજપના નેતાઓની મહેનતનું પરિણામ, આદરી વાવડીની સભામાં ભાજપ પ્રદેશ પ્રમુખના કોંગ્રેસ પર પ્રહાર

ગાંધીનગર - કચ્છઉદય : ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અત્યારે ગીર સોમનાથ જિલ્લાના પ્રવાસે છે. વેરાવળ તાલુકાના આદરી વાવડી ગામે આયોજિત એક વિશાળ ચૂંટણી સભામાં તેમણે સ્થાનિક ધારાસભ્યની નિષ્ક્રિયતા પર આકરા પ્રહારો કર્યા હતા અને વિસ્તારના વિકાસ કાર્યોનો શ્રેય ભાજપના નેતાઓને આપ્યો હતો.

જનસભાને સંબોધતા જગદીશ વિશ્વકર્માએ સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, "સોમનાથના ધારાસભ્ય વિધાનસભાના સત્ર દરમિયાન માત્ર ચુપકીદી સેવીને બેસી રહે છે.

તેમણે ક્યારેય આ વિસ્તારના જ્વલંત પ્રશ્નો કે વિકાસની જરૂરિયાતો માટે વિધાનસભાના ગૃહમાં કોઈ રજૂઆત કરી નથી." તેમણે ઉમેર્યું કે જનતાએ જેમને વિશ્વાસ સાથે મત આપ્યા છે, તે ધારાસભ્ય લોકોનો અવાજ ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા છે.

પ્રદેશ પ્રમુખે વિકાસના કામો અંગે વાત કરતા સ્પષ્ટ કર્યું હતું કે, "આ વિસ્તારમાં જે પણ નવા રોડ-રસ્તા કે અન્ય વિકાસના કામો થઈ રહ્યા છે, તે ભાજપના જિલ્લા પ્રમુખ અને સંસદસભ્યની સતત રજૂઆતોનું પરિણામ છે. સરકાર પાસે કામો મંજૂર કરાવીને તેને ધરાતલ પર લાવવાનું કામ ભાજપના સંગઠને કર્યું છે.

# ખનિજ સપ્લાય ચેઈન માટે દક્ષિણ કોરિયા - ભારતનો નવો માસ્ટર પ્લાન, હોર્મુઝ પર હાઈએલર્ટ!

નવી દિલ્હી- કચ્છઉદય : દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જે-મ્યુન્ગે ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો છે. એક ખાનગી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્ત્વના દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બંને દેશોએ સાથે મળીને કામ કરવું અત્યંત જરૂરી છે. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે અમેરિકા અને ઈરાન વચ્ચેના લાંબા સમયના વિવાદને કારણે જો આ શિપિંગ રૂટ બંધ થાય, તો વિશ્વભરમાં તેલની કિંમતો વધી શકે છે અને વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે. પ્રમુખ લીએ સ્પષ્ટ કર્યું હતું કે દક્ષિણ કોરિયા અને ભારત બંને પોતાની ઊર્જા જરૂરિયાતો, ખાસ કરીને ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ માટે મધ્ય પૂર્વના દેશો પર નિર્ભર છે. આથી, પોતાના નાગરિકોની સુરક્ષા અને દેશના અસ્તિત્વ માટે આ દરિયાઈ માર્ગો સુરક્ષિત રહે તે અનિવાર્ય છે. ઊર્જા સપ્લાય ચેઈનમાં વિવિધતા લાવવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનિશ્ચિતતાઓ દૂર કરવા માટે દક્ષિણ કોરિયા ભારત સાથે સતત સંપર્કમાં રહેશે.

આ ઉપરાંત, દક્ષિણ કોરિયાના પ્રમુખે ક્રૂડ ઓઈલ અને ખનિજ સંસાધનોના ક્ષેત્રમાં પણ ભારત સાથે નવું મોડેલ વિકસાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે સૂચવ્યું હતું કે દક્ષિણ કોરિયાની અત્યાધુનિક ટૅક્નોલૉજી અને ભારતના માઈનિંગ(ખાણકામ) તેમજ રિફાઈનિંગ ઉદ્યોગના સમન્વયથી એક સ્થિર સપ્લાય ચેઈન ઊભી કરી શકાય છે. આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સંરક્ષણ, શિપ બિલ્ડિંગ, ઇલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં પણ સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો.

# બાબા સાહેબની જન્મ જયંતિ નિમિત્તે પશ્ચિમ કચ્છ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વંદના કાર્યક્રમ યોજાયો

ભુજ - કચ્છ ઉદય : ભારતરત્ન ડો. ભીમરાવ આંબેડકર સાહેબની જન્મ જયંતિ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ પશ્ચિમ કચ્છ દ્વારા વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા મંત્રી નાજાભાઇ ભરવાડે જણાવ્યું હતું કે, આંબેડકર સાહેબ ભારતને એક મહાન સંવિધાન આપી વિશ્વમાં ભારતનો ડંકો બજાવ્યો હતો એ આજુગના મહામાનવ છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આજે ૨૦ ઉપરાંત સ્થાનો પર વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિવિધ જગ્યા પર બજરંગ દળ માતૃશક્તિ દુર્ગાવાહિની તથા વિવિધ આયામો દ્વારા વંદના કરવામાં આવી હતી જેમાં જિલ્લા અધ્યક્ષ કૃષ્ણકાંત પંડ્યા નાનજીભાઈ દવે કરણસિંહ જાડેજા દીપેશભાઈ જોશી જયેશભાઈ કોઠારી પ્રવીણભાઈ આહીર દિનેશભાઈ ગજ્જર જીગરભાઈ બાપટ સાથે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા એમ જિલ્લાના પ્રચાર પ્રસાર સંયોજક કુલદીપભાઈ શેઠે જણાવ્યું હતુ.

# નખત્રાણા નગરપાલિકાના વોર્ડ નંબર સાતના ભાજપના ઉમેદવારનો ઝંઝાવતી પ્રચાર

**શિક્ષિત અને સેવાભાવી મહિલા ઉમેદવાર ઝીલબેન રબારીએ વડીલોના આશીર્વાદ અને ડોર-ટૂ-ડોર જનસંપર્ક સાથે ચૂંટણી મેદાન ગજવ્યું : સ્થાનિક મતદારો દ્વારા મળતો પ્રચંડ પ્રતિસાદ**





નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા નગરપાલિકાની આગામી ચૂંટણીને પગલે વોર્ડ નંબર સાતમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપના શિક્ષિત અને સેવાભાવી ઉમેદવાર ઝીલબેન મહેશભાઈ રબારીએ પોતાના વિસ્તારમાં ઝંઝાવતી પ્રચાર શરૂ કર્યો છે, જેને સ્થાનિક રહેવાસીઓ તરફથી અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. માસ્ટર ઓફ આર્ટસ (એમ.એ.) સુધીનો ઉચ્ચ અભ્યાસ ધરાવતા ઝીલબેન રબારી પ્રજાના પ્રશ્નો અને વિસ્તારના વિકાસ માટે સંપૂર્ણ કટિબદ્ધતા સાથે મેદાનમાં ઉતર્યા છે. તેમણે નખત્રાણાના વોર્ડ નંબર સાતમાં રૂબરૂ જઈ ડોર-ટૂ-ડોર સંપર્ક સાધતા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પોતાના પ્રચાર અભિયાનના પ્રારંભે ઝીલબેન રબારીએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને અનુસરીને ગામના વડીલો તેમજ પૂજ્ય ભુવાજીઓ સાથે વિવિધ મંદિરોમાં દેવ દર્શન કરી વિજયના આશીર્વાદ મેળવ્યા હતા. એક સેવાભાવી અને મહેનતુ વ્યક્તિત્વ તરીકે જાણીતા ઝીલબેનનો મુખ્ય ઉદ્દેશ્ય વોર્ડમાં સ્વચ્છતા, શિક્ષણ, પીવાનું પાણી અને રસ્તા જેવી પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો લાવવાનો છે. તેઓ દરેક વર્ગના લોકોને સાથે રાખીને વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કાર્યરત રહેવા અને જનતાની સુખાકારી જાળવવા માટે મક્કમ નિર્ધાર ધરાવે છે. આ પ્રચાર અભિયાનમાં પશ્ચિમ કચ્છ માલધારી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ વેલાભાઇ કમાભાઇ રબારી, નખત્રાણા યુવા ભાજપ પ્રમુખ ભીખાભાઈ રામાભાઈ રબારી, નખત્રાણા ગરબી મંડળના પ્રમુખ લાખાભાઈ જીવાભાઈ રબારી તેમજ પૂર્વ ટ્રસ્ટી વંકાભાઈ પાલાભાઈ રબારી સહિતના અગ્રણીઓ જોડાયા હતા. આ ઉપરાંત મેંજાભાઇ પેનાભાઇ રબારી, વિવિધ માતાજીના મંદિરોના ભુવાજીઓ સવશ્રી બુધાભાઇ, વંકાભાઈ વેલાભાઇ, રામાભાઈ સુરાભાઇ, સાજણ દેવાભાઇ, મેંજાભાઈ, વેલાભાઇ ખેંગાર ભાઈ, શંકરભાઇ તેમજ ભોપા વેરશીભાઈ અને સોમનાથ પૂજારી કિરણ ગોસ્વામી સહિતના સામાજિક અને ધાર્મિક અગ્રણીઓએ પણ ઉપસ્થિત રહીને ઝીલબેન રબારીને જંગી બહુમતીથી જીતાડવા જનતાને અપીલ કરી હતી. સંયોજક મહેશભાઈ રબારીએ જણાવ્યું હતું કે ઝીલબેનને મળી રહેલો જનસમર્થન વિકાસ તરફ એક મજબૂત ડગલું સાબિત થશે.

# નિલમભાઇ વોરાની પુણ્યતિથિએ ભુજમાં સેવા કાર્યો કરાયા

ભુજ - કચ્છ ઉદય : જજ સ્વ.નિલમભાઈ વોરાની પુણ્યતિથિ એ શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી હતી. નિલમભાઈ કૃષ્ણના કર્મના સિદ્ધાંતના સાચા કર્મનિષ્ઠ હતા. તેમણે કાયદાના જગતમાં નામના મેળવી હતી. તેમને કચ્છ ક્યારે ભૂલી શકશે નહીં તેવું વિવિધ વક્તાઓએ જણાવ્યું હતું.

વિવિધ વિસ્તારોમાં યોજાયેલા સેવા કાર્યોમા હરતા ફરતા છાશ કેન્દ્ર દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં છાશનું વિતરણ,સત્યમ સંસ્થા સંચાલિત પાણીના પરબમાં રાહદારીઓ માટે પાણીના પરબમાં પાણી પીપળાવવાની વ્યવસ્થા, જીવદયા પ્રવૃત્તિ,બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. નિલમભાઈ વોરાની કાયદાશ્રેત્રે કરેલી સેવાઓને નોંધ લઈને પૂર્વ નગરપતિ અને જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદે પણ શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

કાર્યક્રમમાં અંકિતાબેન ધોકાઈ, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, જટુભાઈ ડુડીયા, નરેન્દ્રભાઈ સ્વાદિયા વગેરે આ સેવા કાર્યોમાં જોડાયા હતા. નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર ધીરેનભાઈ લાલન તેમજ કોમર્શિયલ બેંકના ડાયરેક્ટર ધીરેનભાઈ ઠક્કરએ પણ શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# સુરતથી બંગાળી મજૂરો માટે 'વોટર સ્પેશિયલ' ટ્રેન રવાના, મફતમાં પ્રવાસ, ખર્ચ ભાજપ ભોગવશે

ગાંધીનગર - કચ્છઉદય : પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. જ્યાં ૨૩ અને ૨૯ એપ્રિલે બે તબક્કામાં મતદાન થશે. પશ્ચિમ બંગાળમાં આ વખતે ભાજપ અને ટીએમસી વચ્ચે સીધો મુકાબલો જોવા મળી રહ્યો છે.

ચૂંટણી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે અને બંને પાર્ટીઓ એકબીજા પર આરોપ- પ્રત્યારોપ લગાવી રહી છે. આ વચ્ચે સુરતથી બંગાળ તરફ વોટર્સ સ્પેશિયલ ટ્રેન રવાના કરવામાં આવી છે.

સુરતમાં અનેક બંગાળીઓ રહીને કામ કરે છે. આ લોકો બંગાળની ચૂંટણીમાં મત આવી શકે તે માટે ઉધના સ્ટેશન પરથી સ્પેશિયલ ટ્રેન રવાના કરવામાં આવી છે. ૧૩૦૦થી વધુ મુસાફરો તિરંગા સાથે ટ્રેનમાં સવાર થયા હતા. ઉધના સ્ટેશન પર વંદે માતરમ અને જય શ્રી રામના નારા લાગ્યા હતા.

સુરત ભાજપ અને બંગાળી સમાજ દ્વારા કુલ ૪ સ્પેશિયલ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ૫૦૦૦ જેટલા મતદારો પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં મત આપવા જશે. પ્રથમ ટ્રેન આજે રવાના થઈ છે, જ્યારે બીજી ટ્રેન ૨૪ એપ્રિલે ઉપડશે. આ ટ્રેન સીધી કોલકત્તા પહોંચશે. બંગાળની ચૂંટણીમાં ગુજરાતમાં રહેતા બંગાળી પરિવાર મત આપી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરતમાં રહેતા બંગાળી લોકો પશ્ચિમ બંગાળમાં શાસન બદલવાના સંકલ્પ સાથે રવાના થયા છે. શ્રમિક વર્ગ પોતાનો મત આપી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરી આપવામાં આવી છે. ટ્રેનમાં બંગાળ રવાના થયેલા શ્રમિકોએ કહ્યું કે, બંગાળમાં અમારે સિન્ડિકેટ રાજ ખતમ કરવું છે. સુરતમાં રહેતા બંગાળી મતદારો ભાજપના પક્ષમાં મતદાન કરે તે માટે ફ્રીમાં ટ્રેન સેવા ઉપલબ્ધ કરાવી આપવામાં આવી છે.

આ અંગે વાત કરતા બંગાળી સમાજના અગ્રણી વાસુદેવ અધિકારીએ જણાવ્યું કે બંગાળમાં આ વખતે પરિવર્તનની લહેર છે. સુરત ભાજપ અને બંગાળી સમાજ દ્વારા ફ્રીમાં ટ્રેન સેવા રાખવામાં આવી છે. જેથી અહીં કામ કરતા મજૂરો વતન પહોંચીને મત આપી શકે.

# અણુવ્રત સમિતિનો મતદાન જાગૃતિ અભિયાન, નાગરિકોને કર્યા સંકલ્પબદ્ધ

**"મતદાન માત્ર અધિકાર નહીં, પવિત્ર ફરજ"- શુદ્ધ અને જાગૃત ચૂંટણી માટે અપીલ**

ભુજ - કચ્છ ઉદય : ભુજ ખાતે અણુવ્રત સમિતિ દ્વારા લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવા તથા મતદારોમાં જાગૃતિ લાવવા માટે 'ચૂંટણી શુદ્ધિ અભિયાન' અંતર્ગત વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોમાં જાગૃત મતદાનની ભાવના વિકસાવવાનો અને નિષ્પક્ષ, સ્વચ્છ તેમજ જવાબદાર ચૂંટણી પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સમિતિના પ્રતિનિધિઓએ "હું મત જરૂર આપીશ, પરંતુ મારા વિવેકથી" એવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સાથે જ મતદારોને સમજાવવામાં આવ્યું કે મતદાન માત્ર અધિકાર નથી, પરંતુ દેશ પ્રત્યેની એક પવિત્ર ફરજ પણ છે.

આ અવસરે રાજપરિવારની મહારાણી પ્રીતિદેવીબાએ પણ નાગરિકોને શુદ્ધ અને નિષ્પક્ષ મતદાન કરવા માટે અપીલ કરી હતી. ઉપસ્થિત નાગરિકોએ "સાચી પસંદગી આપણું કર્તવ્ય, આપણો દેશ – આપણું ભવિષ્ય" જેવા સંદેશોને આત્મસાત કરીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ કર્યો હતો.

અણુવ્રત સમિતિ ભુજના અધ્યક્ષ તેમજ રાષ્ટ્રીય કાર્યકારિણી સદસ્ય મહેશ પ્રભુલાલ મહેતાના જણાવ્યા મુજબ આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ, યુવાનો અને બહોળી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વેસ્ટર્ન રેલવે એન્જિનીયર્સ એસોસિએશનની બેઠકમાં પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા

**ગાંધીધામ શાખાની રચના, વેતન-ભથ્થાં અને ગ્રુપ-બી માગોને લઈ રજૂઆતનો ભાર**

ગાંધીધામ - કચ્છ ઉદય : વેસ્ટર્ન રેલવે એન્જિનીયર્સ એસોસિએશન દ્વારા તાજેતરમાં ગાંધીધામ ખાતે અમદાવાદ મંડળના રેલવે ઈજનેરો માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ઈજનેરોના વિવિધ પડતર પ્રશ્નો, તકનીકી વિકાસ તથા સેવા સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત ગાંધીધામ અને ભુજ વિસ્તારના રેલવે ઈજનેરોની સામાન્ય બેઠક પણ યોજાઈ હતી, જેમાં સૌએ પોતાના અનુભવો અને સૂચનો રજૂ કર્યા હતા. સંગઠન દ્વારા ઈજનેરોના હિતોને વધુ અસરકારક રીતે રજૂ કરવા માટે સંગઠનાત્મક મજબૂતી પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ અવસરે વેસ્ટર્ન રેલવે એન્જિનીયર્સ એસોસિએશનની ગાંધીધામ શાખાની નવી રચના કરવામાં આવી હતી. સર્વસંમતિથી પુરનસિંઘને શાખા અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. શાખા સચિવ તરીકે ભારતભાઈ વાઘેલા અને શાખા સહ સચિવ તરીકે અનિલકુમારની વરણી કરવામાં આવી છે. સાથે અન્ય પદાધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં સંગઠનના મંડળ અધ્યક્ષ તેમજ ઝોનલ નાણાં સચિવ ગોપાલજી અને ઝોનના મહાસચિવ શશિકાંતસિંહ ઉપસ્થિત રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ વેતન આયોગ સમક્ષ વેતન-ભથ્થાં, ગ્રુપ-બી પ્રમોશન સહિતની માગો અસરકારક રીતે રજૂ કરવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

મહાસચિવે આશ્વાસન આપ્યું હતું કે ઈજનેરોના તમામ પડતર પ્રશ્નોને સંગઠન દ્વારા મજબૂત રીતે સંબંધિત સ્તરે રજૂ કરવામાં આવશે અને યોગ્ય નિરાકરણ માટે સતત પ્રયાસો કરવામાં આવશે.

# વલસરા ધામ ગુંદિયાળીમાં ભક્તિનો મહાસંગ્રહ : ભોજરાજ મતિયા દેવનો વાર્ષિક મેળો ભવ્ય રીતે ઉજવાયો

માંડવી-કચ્છ ઉદય : તાલુકાના ગુંદિયાળી વાયા મસ્કા સ્થિત આસ્થાના કેન્દ્ર સમાન વલસરા ધામ ખાતે ભોજરાજ મતિયા દેવનો વાર્ષિક મેળો પરંપરાગત શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. બે દિવસીય આ ધાર્મિક મહોત્સવમાં કચ્છ, હાલાર સહિત સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. મેળાના પ્રથમ દિવસે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લઈને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ રાત્રિના સમયે સંતવાણી કાર્યક્રમનું આયોજન થયું હતું, જેમાં ભજનિક પરસોત્તમપુરી તથા મંજુલાબેન ગોસ્વામી દ્વારા ભજનોની સુમધુર રજૂઆત કરવામાં આવી હતી. આ સાથે હાસ્ય કલાકાર વસંત મારાજ (પનુડો)એ પોતાની વિશિષ્ટ શૈલીમાં ઉપસ્થિત જનમેદનીને મનોરંજન પૂરું પાડ્યું હતું. મેળાના બીજા દિવસે ધ્વજારોહણ તથા ચાદરપોશીવિધિ પરંપરાગત વિધિ અનુસાર સંપન્ન કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વલસરા ધામ ખાતે ભક્તિ, સેવા અને વ્યવસ્થાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો, જેને કારણે શ્રદ્ધાળુઓમાં વિશેષ ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું.

આ મેળાના સફળ આયોજનમાં ભોજરાજ મતિયા દેવ ચોખરા મેળા સમિતિના પ્રમુખ દામજીભાઈ ભર્યા તથા સમગ્ર સમિતિ અને સ્વયંસેવકોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સાથે જ સામાજિક, રાજકીય આગેવાનો તેમજ પોલીસ સ્ટાફનો પણ પ્રશંસનીય સહયોગ મળ્યો હતો. અંતે ભોજરાજ મતિયા દેવ ચોખરા મેળા સમિતિ દ્વારા સમગ્ર સહયોગી વર્ગ અને શ્રદ્ધાળુઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# નખત્રાણામાં પીકઅપ સ્ટેન્ડ બેકાળજીનો ભોગ : સમારકામની તાત્કાલિક માંગ

**રોટરી ક્લબ દ્વારા બનાવેલાં ચાર સ્ટેન્ડ જર્જરિત હાલતમાં, મુસાફરોને મુશ્કેલી**

નખત્રાણા - કચ્છ ઉદય : નખત્રાણા વિસ્તારમાં અવર-જવર કરતા મુસાફરોને તડકા અને વરસાદથી રાહત મળે તે હેતુથી રોટરી ક્લબ ઓફ નખત્રાણા દ્વારા દાતાઓના સહયોગથી બનાવવામાં આવેલા પીકઅપ સ્ટેન્ડ હાલ જર્જરિત હાલતમાં પહોંચી ગયા હોવાથી સ્થાનિકોમાં અસંતોષની લાગણી વ્યાપી રહી છે. એક સમયના ઉપયોગી અને સુવિધાજનક બનેલા આ સ્ટેન્ડ હવે બેકાળજીના કારણે ઉપયોગલાયક સ્થિતિમાં રહ્યા નથી, જેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે પૂર્વ પ્રોફેસર તથા સામાજિક કાર્યકર અનિલ જોબનપુત્રાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩ દરમિયાન દાતાઓ નવીનભાઈ આઈયા, ગોવિંદભાઈ પલણ, ઓધવજીભાઈ પલણ અને પંકજભાઈ દૈયાના સહયોગથી કુલ ચાર સ્થળોએ પીકઅપ સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં આરામગૃહ નજીક બે સ્ટેન્ડ તથા કલેક્ટર ઓફિસ અને ઓસીપી માર્કેટ પાસે એક-એક સ્ટેન્ડનો સમાવેશ થાય છે.

પરંતુ સમયસર જાળવણીના અભાવે આ સ્ટેન્ડ આજે જર્જરિત બની ગયા છે અને કેટલાક સ્થળોએ તો તૂટફૂટને કારણે જોખમજનક સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક ગામલોકો અને મુસાફરો દ્વારા નગરપાલિકા તંત્રને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય પગલાં લેવાયા નથી તેવી પણ ફરિયાદ ઉઠી રહી છે.

લોકોની માંગ છે કે તંત્ર તાત્કાલિક ધ્યાન આપી આ પીકઅપ સ્ટેન્ડનું સમારકામ કરી જરૂરી સુવિધાઓ પુનઃસ્થાપિત કરે, જેથી મુસાફરોને ફરીથી સુરક્ષિત અને આરામદાયક આશ્રય મળી શકે.

# પશ્ચિમ કચ્છ આહીર સમાજના મોવડી વિશાભાઈ લખમણભાઈ 'શેઠ'ના અવસાનથી શોકની લાગણી

**સામાજિક સુધારણા અને સમાજસેવામાં લાંબા સમય સુધી આપેલ યોગદાનને યાદ કરવામાં આવ્યું**

ભુજ - કચ્છ ઉદય : પશ્ચિમ કચ્છ પ્રાથળિયા આહીર સમાજના અગ્રણી અને મોવડી વિશાભાઈ લખમણભાઈ આહીર 'શેઠ'નું ટૂંકી બીમારી બાદ અવસાન થતાં સમગ્ર આહીર સમાજમાં ગાઢ શોકની લાગણી ફેલાઈ છે. ૮૬ વર્ષની વયે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

વિશાભાઈ આહીરે પશ્ચિમ કચ્છ પ્રાથળિયા આહીર સમાજના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવા આપી સમાજના વિકાસ અને સંગઠનમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. તેમણે સમાજમાંથી કુરિવાજો દૂર કરવા અને શિક્ષણના સ્તરને ઉંચો લાવવા માટે સતત પ્રયત્નો કર્યા હતા. રાજાશાહી સમયથી જ આ પંથક બન્ની વિસ્તારના દેશી ઘી સહિતના મોટા કારોબાર સાથે જોડાયેલો રહ્યો છે, અને એ સમયથી લઈને આજ સુધી વિશાભાઈ આહીરે વેપાર ક્ષેત્રે પણ પ્રતિષ્ઠિત સ્થાન મેળવ્યું હતું. તેઓ અનેક નબળા અને જરૂરિયાતમંદ ખેડૂતો તથા ગરીબ પરિવારો માટે સહાયરૂપ બનતા હોવાથી લોકોમાં તેઓ 'શેઠ' તરીકે જાણીતા બન્યા હતા.

તેમના અવસાનથી ગામ તથા આસપાસના વિસ્તારોમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું હતું. તેમની અંતિમયાત્રામાં ગામ તેમજ આસપાસના અનેક ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. કચ્છના વિવિધ સામાજિક, રાજકીય આગેવાનો તથા સાધુ-સંતોએ પણ હાજરી આપી વિશાભાઈ આહીરની સામાજિક સેવા અને સમર્પણભાવને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# હિન્દુ યુવા સંગઠન દ્વારા સમાજસેવાના ભાવ સાથે ત્રણ સ્થળે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયા

**કુળ ગુરુકુલ, ગાયત્રી મંદિર અને વિશ્વનાથ મંદિરે યોજાયેલા કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ આરોગ્ય તપાસનો લાભ લીધો**

અંજાર - કચ્છ ઉદય : અંજાર ખાતે હિન્દુ યુવા સંગઠન દ્વારા સમાજસેવા અને આરોગ્ય જાગૃતિના ઉદ્દેશ સાથે ત્રણ અલગ અલગ સ્થળે નિઃશુલ્ક આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત કુળ ગુરુકુલ-૧, ગાયત્રી મંદિર અને વિશ્વનાથ મંદિર ખાતે યોજાયેલા મેડિકલ કેમ્પોમાં મોટી સંખ્યામાં નાગરિકોએ આરોગ્ય તપાસ કરાવી સેવા મેળવી હતી.

કેમ્પ દરમિયાન સામાન્ય આરોગ્ય તપાસ ઉપરાંત રક્તચાપ, ડાયાબિટીસ, સામાન્ય રોગોની ચકાસણી સહિત વિવિધ આરોગ્ય પરીક્ષણો કરવામાં આવ્યા હતા. સાથે જ ઉપસ્થિત લોકોને આરોગ્ય જાળવણી, સમયસર સારવાર અને સ્વસ્થ જીવનશૈલી અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ પૂર્વ કચ્છ અધ્યક્ષ રાણાભાઈ આહીરની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. તેમણે આવા આરોગ્યલક્ષી સેવા કાર્યક્રમોને સમાજ માટે અત્યંત ઉપયોગી ગણાવી આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ કેમ્પોમાં ડો. અનિલભાઈ પ્રજાપતિ અને ડો. આરતીબેન પ્રજાપતિ દ્વારા દર્દીઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. તેમણે દર્દીઓને જરૂરી દવાઓ, સારવાર અંગે માર્ગદર્શન તેમજ ભવિષ્યમાં ધ્યાન રાખવા જેવી બાબતો અંગે ઉપયોગી માહિતી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પૂર્વ કચ્છ મંત્રી ચેતન ઝાલા, અંજાર શહેર પ્રમુખ જીતુભાઈ પટેલ, કુણાલભાઈ જોશી, સાગરભાઈ ખાંડેકા, ભાવેશભાઈ ઠક્કર, ગોપાલભાઈ આહીર, ભરતભાઈ આહીર, કૃણાલભાઈ પીઠડિયા, ભરતભાઈ પ્રજાપતિ સહિતના અગ્રણીઓએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક લોકોમાં આરોગ્ય જાગૃતિ અંગે સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

# ભુજમાં રાહદારીઓ માટે છાશ કેન્દ્રનું લોકાર્પણ કરાયું




ભુજ - કચ્છ ઉદય : શહેરની નવચેતન ભગવાન મહાવીર માવન કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે દાતાઓના સહયોથી ભુજના લાલટેકરી પોઈન્ટ પર રાહદારીઓ માટે સતત છઠ્ઠા વર્ષે કાળઝાળ ગરમીમાં નિઃશુલ્ક છાશ કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું.

પૂ. મહાસતીજી કોમલબાઈ સ્વામીની પાવન નિશ્રામાં સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના અધ્યક્ષસ્થાને જૈન અગ્રણી મનીષભાઈ મોરબીયા મુખ્ય યજમાન પદે તેમજ સેવાભાવી તબીબ મુકેશભાઈ ચંદે, અજયભાઈ દાવડા, કૈલાષજી મહેતા, ભારતીબેન મહેતા, હંસાબેન મહેતાના અતિથિ વિશેષ પદે યોજાયેલ કાર્યક્રમમાં મનોજભાઈ વોરા, કલાબેન શેઠ, જ્યોતિબેન શાહ, ડો. રૂપાલીબેન મોરબીયા વગેરે મંચસ્થ રહ્યા હતા અને દિપપ્રાટ્ય કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. આ નિઃશુલ્ક છાશ કેન્દ્ર હજારો જરૂરતમંદો માટે આશીર્વાદરૂપ બનશે તેમ જણાવી સંસ્થાના સુચારૂ આયોજનને બિરદાવ્યું હતું અને અશોકભાઈ સંઘવીએ શુભેચ્છા પાઠવી સહયોગની ખાતરી આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશી, પ્રદીપભાઈ દોશી, શાંતિલાલ મોતા, કે.બી. પરમાર, ઓજશ શેઠ, ભાવનાબેન જોષી, અરવિંદ મહેતા, હર્ષદભાઈ નિર્મલ, ગિરીશભાઈ પારેખ, પૂર્વિબેન નિર્મલ વગેરેએ જહેમત ઉઠાવી હતી. રાજુભાઈ શાહ, શૈલેષ વોરા, હાર્દિક દોશી, હિંમતલાલ રાજગોર, હીનાબેન મહેતા, દક્ષા વોરા, શીતલ વોરા, હેમાંગી મહેતા, સોનલ મહેતા વગેરે સહયોગી રહ્યા હતા. સંચાલન શાંતિલાલ રાજગોર અને આભારવિધિ પ્રદીપભાઈ દોશીએ કરી હતી.



# કાસેઝના ઈન્ચાર્જ ડીસી શ્રી પાટીલના એકાએક 3 દિવસના પડાવથી હલચલ : ભ્રષ્ટ ટોળકીમાં ફફડાટ : વિકાસને વેગ

**કાસેઝના વિસ્તરણની દીશામાં ડીસી શ્રી પાટીલ હરકતમાં હોવાનો વર્તારો : રાજ્ય સરકાર પાસેથી વધુ જમીન મેળવી યુનિટ માટેની પડતર રહેલી અરજીઓનો નિકાલ કરી ટ્રેડને વેગ આપવા આદરી રહ્યા છે કવાયત**

**હાલમાં પણ ડીસીશ્રીની ચાર દિવસની મુલાકાતમાં યુએસીની બેઠક, આધાઈ સોપારી કાંડ પ્રકરણની તપાસ, વિજિલન્સ અધિકારીઓ સાથે બેઠકો, કાસેઝમાં બેથી વધુ યુનિટમાં થયેલી તસ્કરીની ગંભીર ઘટનાઓમાં તપાસની માહીતીઓ અંકે કરી હોવાથી કઈક ભ્રષ્ટાચારી નેટવર્ક ધરાવનારાઓમાં ગભરાટની સ્થિતિ**



**કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનના ઈન્ચાર્જ ડીસી ટ્રેડના વિસ્તાર-વિકાસ તથા સરકારના હિતમા ધરાવી રહ્યા છે અનેરી દિર્ધદ્રષ્ટી : અગાઉ પણ તેમની ટુંકી મુલાકાતમાં કચ્છ કલેકટરશ્રી ડો. આનંદ પટેલ, રેન્જ આઈજીશ્રી કોરડીયા, પૂર્વ કચ્છ એસપીશ્રી સાગર બાગમાર, ડીપીએ કંડલા ચેરમેન સહીતનાઓ સાથે યોજી હતી મેરેથોન બેઠકો**

ગાંધીધામ : કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (કાસેઝ) એ માત્ર કચ્છ કે ગુજરાતનું જ નહીં, પણ દેશના વ્યાપારિક માળખાનું એક મહત્વનું કેન્દ્ર છે. છેલ્લા કેટલાક સમયથી વહીવટી શિથિલતા અને અમુક નકારાત્મક ચર્ચાઓને કારણે કાસેઝના વિકાસ પર ગ્રહણ લાગ્યું હોય તેવું જણાતું હતું. પરંતુ, ઈન્ચાર્જ ડીસી શ્રી પાટીલના તાજેતરના ત્રણ દિવસના આકસ્મિક ' પડાવ' અને તેમની સક્રિયતાએ કાસેઝના વહીવટી તંત્રમાં નવો પ્રાણ ફૂંક્યો છે. શ્રી પાટીલની કાર્યશૈલીમાં સૌથી નોંધપાત્ર બાબત તેમની 'રિઝલ્ટ ઓરિએન્ટેડ' નીતિ છે. અગાઉ તેમણે કચ્છ કલેક્ટર, રેન્જ આઈજી અને એસપી જેવા ઉચ્ચ પદાધિકારીઓ સાથે મેરેથોન બેઠકો યોજીને એ સ્પષ્ટ કરી દીધું હતું કે કાસેઝનો વિકાસ એ માત્ર વ્યાપારિક મુદ્દો નથી, પણ તે સુરક્ષા અને સુશાસન સાથે જોડાયેલો વિષય છે. અત્યારે જ્યારે તેઓ ચાર દિવસની મુલાકાતે હતા, ત્યારે આધાઈ સોપારી કાંડ જેવા સંવેદનશીલ પ્રકરણોની તપાસ અને વિજિલન્સ સાથેની બેઠકો સૂચવે છે કે ભ્રષ્ટાચારને હવે જરાય સાંખી લેવામાં આવશે નહીં. કાસેઝના યુનિટોમાં થયેલી તસ્કરીની ઘટનાઓ વહીવટી સતર્કતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન ખડા કરતી હતી, પરંતુ ડીસીએ જે રીતે આ મામલે કડક વલણ અપનાવ્યું છે તેનાથી 'ભ્રષ્ટ ટોળકી'માં ફફડાટ ફેલાવો સ્વાભાવિક છે. બીજી તરફ, વ્યાપારી હિતોને પ્રાધાન્ય આપતા તેમણે કાસેઝના વિસ્તરણ માટે રાજ્ય સરકાર પાસેથી વધુ જમીન મેળવવાની અને નવા યુનિટોની પેન્ડિંગ અરજીઓનો ત્વરિત નિકાલ કરવાની દિશામાં જે કવાયત હાથ ધરી છે, તે પ્રશંસનીય છે. જ્યારે વહીવટમાં પારદર્શિતા આવે છે ત્યારે રોકાણકારોનો વિશ્વાસ વધે છે. શ્રી પાટીલના આ 'એક્શન મોડ'થી એવી આશા જન્મી છે કે કાસેઝ ફરી એકવાર ગેરકાયદે પ્રવૃત્તિઓના અડ્ડાને બદલે શુદ્ધ વ્યાપારિક પ્રવૃત્તિઓનું મોડેલ બનશે. વહીવટી તંત્રના આ કડક વલણથી માત્ર ગુનાખોરી ડામવામાં જ મદદ નહીં મળે, પરંતુ અંતે તો તે રાષ્ટ્રીય તિજોરી અને પ્રાદેશિક વિકાસ માટે પણ ફાયદાકારક સાબિત થશે. હવે જોવાનું એ રહેશે કે આ તપાસ અને વિકાસની ગતિ કેટલી સાતત્યપૂર્ણ રહે છે.શ્રી પાટીલ રાજ્ય સરકાર પાસેથી વધુ જમીન મેળવીને નવા યુનિટો માટે પેન્ડિંગ રહેલી અરજીઓનો ઝડપથી નિકાલ કરી ટ્રેડને નવી ઊંચાઈએ લઈ જવા માટે સક્રિય બન્યા છે. તેમની આ આક્રમક કાર્યશૈલીને કારણે કાસેઝમાં વર્ષોથી પગપેસારો કરી ગયેલી ભ્રષ્ટ ટોળકીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલની ચાર દિવસીય મુલાકાત દરમિયાન પણ તેમણે યુએસીની મહત્વની બેઠક યોજવા ઉપરાંત ચર્ચાસ્પદ આધાઈ સોપારી કાંડ પ્રકરણની ઝીણવટભરી તપાસ, વિજિલન્સ અધિકારીઓ સાથે બેઠકો અને કાસેઝના બેથી વધુ યુનિટોમાં થયેલી તસ્કરીની ગંભીર ઘટનાઓની વિગતો એકત્ર કરી હોવાથી ગેરકાયદે નેટવર્ક ધરાવનારાઓમાં ગભરાટની સ્થિતિ સર્જાઈ છે. વહીવટી પારદર્શિતા અને વિકાસલક્ષી અભિગમ સાથે શ્રી પાટીલની આ મુલાકાત કાસેઝના ભવિષ્ય માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે તેવું દેખાઈ રહ્યું છે.

# કચ્છમાં ચૂંટણીના નામે સરકારી કચેરીઓમાં ગુલ્લીબાજો સક્રીય

**સાહેબ 'ચૂંટણી'માં છે કહીને અરજદારોને ઉંધા ચશ્મા પહેરાવાનો નવો ટ્રેન્ડ, ખરેખર ફરજ પર કોણ ? કલેક્ટરે જાહેરનામું બહાર પાડવું જોઇએ**

**એવા કર્મચારીઓ પણ છે જેને જમવાનો સમય નથી મળતો બીજા કેટલાક અધિકારી-કર્મચારીઓ તો ચૂંટણીના નામે 'મજા' લઈ રહ્યા છે ! : લોકોની હાલાકીનો ભોગ સત્તા પક્ષને ભોગવવો પડે છે**




### ચૂંટણીની આડમાં વચેટિયાઓ સક્રિય, ભ્રષ્ટાચારને મોકળું મેદાન ?

ઘણી જગ્યાએ એવું પણ જોવા મળી રહ્યું છે કે સાહેબ ચુંટણીમાં વ્યસ્ત છે કહીને વચેટિયાઓ સક્રિય થઈ ગયા છે. લોકોના તાત્કાલિક કામો કરાવવા માટે ચૂંટણીના નામે વધારાના નાણાં ખંખેરવામાં આવતા હોવાની પણ ચર્ચાઓ છે. જો આ જ રીતે ચાલતું રહ્યું તો સામાન્ય માણસનો સરકારી તંત્ર પરથી વિશ્વાસ ઉઠી જશે.

ભુજ - કચ્છ ઉદય : જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે સરકારી કચેરીઓમાં ચૂંટણી ફરજના નામે ગુલ્લીબાજો સક્રિય બન્યા છે. દૂર-દૂરના ગામડાઓમાંથી ભાડું ખર્ચીને આવતા ગરીબ અરજદારો જ્યારે કચેરીએ પહોંચે છે ત્યારે તેમને એક જ તૈયાર જવાબ મળે છે, સાહેબ ચૂંટણીમાં વ્યસ્ત છે, ચૂંટણી પછી આવજો. આ બહાના હેઠળ અનેક મહત્વના કામો હાલ અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યા છે.

ચૂંટણી પ્રક્રિયામાં પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ અને ચૂંટણી શાખાના કર્મચારીઓ સહિત અમુક સરકારી તંત્ર ખરેખર દિવસ-રાત એક કરી રહ્યા છે. અનેક શિક્ષકો અને સરકારી કર્મચારીઓ એવા છે જેમને જમવાનો કે ઘરે જવાનો પણ સમય નથી મળતો. પરંતુ, આ વહેતી ગંગામાં એવો વર્ગ પણ છે જેઓ ચૂંટણી ફરજમાં નથી, છતાં ચૂંટણીનું નામ આપીને પોતાની સીટ પરથી ગાયબ રહે છે અથવા કામ કરવાનું ટાળે છે.

અરજદારોનો આક્ષેપ છે કે આરટીઓ, ખાણ-ખનીજ, આરોગ્ય અને શિક્ષણ, બહુમાળી ભવન, ફોરેસ્ટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ ખાતુ, પાણી પુરવઠા બોર્ડ સહિતના વિભાગોમાં જ્યારે કોઈ કામ માટે જવાય છે ત્યારે નીચેનો સ્ટાફ સાહેબો હાજર ન હોવાનું જણાવી અરજદારોને રવાના કરી દે છે. હાલ ચુંટણી દરમ્યાન તેઓના અધિકારીઓને થોડી કાંઈ જવાબદારી હશે પરંતુ તે બધી મતદાન અને મત ગણત્રી દરમ્યાન વધુ હશે, પરંતુ હાલ અમુક સરકારી કચેરીઓમાં ચુંટણીના નામના બ્યુગલ વગાડી દેવામાં આવે છે. જેના કારણે અરજણદારોને હાલાકી બેગવી પડે છે.

કચ્છના અંતરિયાળ વિસ્તારો જેવા કે લખપત, રાપર કે ખાવડાથી આવતા લોકો જ્યારે માંડ-માંડ કચેરીએ પહોંચે અને તેમને ધક્કો પડે છે ખરેખર તેમની વેદના કોણ સાંભળશે ? તે સવાલ ઉઠી રહ્યો છે. હાલની પરિસ્થિતિ જોતા જાગૃત નાગરિકોની માંગ છે કે કલેક્ટરે એવું જાહેરનામું બહાર પાડવું જોઈએ જેમાં સ્પષ્ટ હોય કે કયા અધિકારી કે કર્મચારીની કયા પ્રકારની ચૂંટણી ડ્યુટી છે. જે વિભાગના માણસો ચૂંટણીમાં નથી, તેઓએ ફરજિયાત હાજર

અનુસંધાન પાના નં.૫ પર

# ભુજની એચડીએફસી બેંકમાં સાયબર ઠગાઈના ૬.૪૦ લાખ જમા થયા

**સાયબર ઠગાઈની ફરિયાદોના આધારે ચાર જણા સામે ભુજ એ-ડિવિઝન પોલીસમાં નોંધાયો ગુનો : ફરી એક વખત દેશભરમાં થતી ઠગાઈમાં ભુજના બેંક ખાતાનો વપરાશ થયાનું સામે આવ્યું**

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં આવેલી એચડીએફસી બેંકમાં સાયબર ઠગાઈના ૬.૪૦ લાખ જમા થયા હતા. આ બાબતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એ-ડિવિઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ આરોપી જુની રાવલવાડીમાં રહેતા નિખિલભાઈ નાનજીભાઈ મહેશ્વરી, બિબ્બરના રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજા સામજીભાઈ ગરવા, ભુજના દીપકભાઈ ભાનુશાલીએ બેંકમાં ખાતા ખોલાવી, ઈન્ટરનેટ બેંકિંગ શરૂ કરાવી, બેંક એકાઉન્ટની કિટ ગાંધીધામના વિરાંગ ઉર્ફે વીરૂભાઈ અખાણીને આપી હતી. તેણે પોતે અથવા અન્ય વ્યક્તિઓને માહિતી આપી ભારતના અલગ અલગ રાજ્યોમાં થયેલી સાયબર ઠગાઈમાં રૂપીયા આ ખાતામાં જમા કરાવ્યા હતા. અલગ અલગ રાજ્યમાં થયેલી સાયબર ક્રાઈમની ફરિયાદોમાં આ મામલો સામે આવ્યો હતો. કુલ ૬,૪૦,૩૧૫ જેટલી રકમ જમા થઈ હતી. જેથી સાયબર સેલના હેડ કોન્સ્ટેબલે સરકાર તરફે ચાર જણા સામે ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભુજ આરટીઓમાં અંધેર નગરીને ગંડુ રાજા: 'કચ્છ ઉદય'ના અહેવાલ બાદ જાગેલું તંત્ર ચૂંટણીના નામે ફરી ઊંઘ્યું

**સ્લોટ વધાર્યાની ખુશી ક્ષણિક નીવડી : ભુજ આરટીઓની અણઘડ કાર્યપદ્ધતિએ અરજદારોને ફરી 'એકડો ઘૂંટવા' મજબૂર કર્યા. : ટેકનોલોજીના બણગાં ફૂંકતું તંત્ર એક મેસેજ કરવાની તસ્દી ન લઈ શક્યું : સેંકડો અરજદારોના ભાડા-ખર્ચ માથે પડ્યા : ટુ વ્હીલરના સ્લોટમાં રાહત પરંતુ ફોર વ્હીલર માટે લોઢાના ચણા ચાવવા જેવી સ્થિતિ**

ભુજ - કચ્છઉદય : કચ્છના વડામથક ભુજમાં આવેલી પ્રાદેશિક પરિવહન કચેરી જાણે વિવાદોનું કેન્દ્ર બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા લાંબા સમયથી ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે અરજદારો જે રીતે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તે જોતા એમ કહી શકાય કે કચ્છની જનતા માટે લાયસન્સ મેળવવું એ હવે કોઈ સરકારી પ્રક્રિયા નહીં પણ લોઢાના ચણા ચાવવા જેવું અત્યંત કપરૂં કાર્ય સાબિત થઈ રહ્યું છે. તાજેતરમાં જ 'કચ્છ ઉદય' દ્વારા ભુજ આરટીઓ કચેરીમાં ચાલતી ગેરરીતિઓ, એપોઈન્ટમેન્ટના લાંબા વેઈટિંગ અને તંત્રની નિષ્ક્રિયતા અંગે એક વિસ્તૃત અને ધારદાર અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ અહેવાલની સીધી અને હકારાત્મક અસર જોવા મળી હતી અને નિદ્રાધીન તંત્ર સફાળું જાગ્યું હતું. અહેવાલના પડઘા એટલા તીવ્ર હતા કે આરટીઓ તંત્રએ તુરંત જ ટુ-વ્હીલરના સ્લોટમાં ધરખમ વધારો કરવાની જાહેરાત કરી હતી. મહિનાઓ સુધી લટકતી એપોઈન્ટમેન્ટ અચાનક વહેલી મળવા લાગતા અરજદારોમાં ખુશીની લહેર જોવા મળી હતી અને લોકોએ એવું માની લીધું હતું કે હવે તેમની મુસીબતોનો અંત આવ્યો છે, પરંતુ અફસોસની વાત એ છે કે આ સુધારો માત્ર 'ઉપરછલ્લો' સાબિત થયો છે. તંત્રની જૂની આદતો ફરી એકવાર સામે આવી છે અને હવે ચૂંટણીના બહાને સામાન્ય જનતાને રઝળતી મૂકી દેવામાં આવી છે.

વર્તમાન પરિસ્થિતિની જો વાત કરવામાં આવે તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માથે છે ત્યારે વહીવટી તંત્રના વિવિધ વિભાગો ચૂંટણીની કામગીરીમાં જોડાય તે સ્વાભાવિક છે, પરંતુ ભુજ આરટીઓ કચેરીએ તો આ ચૂંટણીને જાણે પ્રજાના કામો પર કાયમી 'બ્રેક' મારવાનું સાધન બનાવી લીધું છે. શુક્રવારે બપોર બાદ ભુજ આરટીઓ ખાતે જે દ્રશ્યો સર્જાયા તે ખરેખર દુઃખદ હતા. દૂર-દૂરના ગામડાઓમાંથી ભાડા ખર્ચીને, પોતાની નોકરી-ધંધામાંથી રજા પાડીને અને કાળઝાળ ગરમીમાં પણ નિયત સમયે ટેસ્ટ આપવા પહોંચેલા અરજદારોને આજે ટેસ્ટ નહિ લેવાય તેવું કહીને પાછા કાઢી મૂકવામાં આવ્યા હતા. અધિકારીઓ અને સ્ટાફ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે, "ઈન્સ્પેક્ટરો અત્યારે ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા છે, એટલે આજે કોઈ પણ પ્રકારના ડ્રાઈવિંગ ટેસ્ટ લેવામાં આવશે નહીં. તમે ઘરે જાવ અને ફરીથી નવી તારીખની એપોઈન્ટમેન્ટ લઈ લેજો." આ જવાબ સાંભળીને અરજદારોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

અહીં સૌથી મોટો અને ગંભીર પ્રશ્ન એ ઉભો થાય છે કે, જો આરટીઓ તંત્ર પાસે ટેસ્ટ લેવા માટે ઈન્સ્પેક્ટરો ઉપલબ્ધ નહોતા અથવા તો તેમને ચૂંટણીની કામગીરીમાં સોંપવામાં આવ્યા હતા તો પછી ઓનલાઈન પોર્ટલ પર તે સમયના સ્લોટ શા માટે ખુલ્લા રાખવામાં આવ્યા ? ડિજિટલ ઈન્ડિયાના યુગમાં જ્યારે બધું જ સિસ્ટમ આધારિત છે, ત્યારે તંત્રને એટલું જ્ઞાન નથી કે જો સ્ટાફ હાજર ન રહેવાનો હોય તો તે દિવસની એપોઈન્ટમેન્ટ અગાઉથી જ બંધ કરી દેવી જોઈએ અથવા તો અરજદારોને મેસેજ દ્વારા જાણ કરવી જોઈએ. સામાન્ય જનતાના સમય, શક્તિ અને નાણાંની શું આ સરકારી બાબુઓની નજરમાં કોઈ જ કિંમત નથી ? એક તરફ સરકાર ટ્રાફિકના કડક નિયમો લાગુ કરે છે અને લાયસન્સ વગર વાહન ચલાવનારાઓ પાસેથી મસમોટો દંડ વસૂલે છે, ત્યારે બીજી તરફ લાયસન્સ કઢાવવા માંગતા પ્રમાણિક નાગરિકોને તંત્રના અણઘડ વહીવટને કારણે ધક્કા ખાવા પડી રહ્યા છે.

રાજ્ય સરકાર કે ચૂંટણી પંચ દ્વારા ક્યારેય એવો કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવતો નથી કે ચૂંટણીની પ્રક્રિયા માટે જનતાના પાયાના કામો સંપૂર્ણપણે અટકાવી દેવા. વહીવટી તંત્રની પ્રાથમિક ફરજ પ્રજાની સેવા કરવાની છે. જો ભુજ આરટીઓ કચેરીમાં પૂરતો સ્ટાફ નથી અથવા તો જે સ્ટાફ છે તે ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત છે, તો તેની સજા નિર્દોષ અરજદારોને શા માટે આપવામાં આવે છે? શુક્રવારે જે અરજદારોને એપોઈન્ટમેન્ટ હોવા છતાં ટેસ્ટ આપ્યા વગર પાછા કાઢવામાં આવ્યા, તેમની શું ભૂલ હતી? હવે આ અરજદારોએ ફરીથી ઓનલાઈન પોર્ટલ પર જઈને નવી એપોઈન્ટમેન્ટ લેવી પડશે, જે કદાચ ફરીથી મહિનાઓ પછીની મળશે. આનો અર્થ એ થયો કે 'કચ્છ ઉદય'ના અહેવાલ બાદ જે સ્લોટ વધારવામાં આવ્યા હતા અને જે સુધારાની આશા જાગી હતી, તેના પર તંત્રએ પોતે જ પાણી ફેરવી દીધું છે. અરજદારોને ફરીથી એ જ જૂની 'વેઈટિંગ ગેમ'માં ધકેલી દેવામાં આવ્યા છે.

ભુજ આરટીઓની આ કાર્યપદ્ધતિ અત્યંત શરમજનક છે. એક બાજુ વડાપ્રધાન ગતિશીલ ગુજરાત અને ડિજિટલ ગવર્નન્સની વાતો કરે છે અને બીજી બાજુ ભુજ જેવા મહત્વના મથકે એક લાયસન્સ મેળવવા માટે લોકોને 'એકડો ઘૂંટવા' મજબૂર કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા મજૂર વર્ગના કે મધ્યમ વર્ગના માણસો માટે એક દિવસનો ધક્કો એટલે આખા દિવસની રોજી ગુમાવવા બરાબર છે. ઉપરાંત ટેસ્ટ ટ્રેક સુધી આવવા-જવા માટે થતો ખર્ચ અલગ. તંત્રની આ 'રામાયણ' હવે અસહ્ય બની રહી છે. જો ઈન્સ્પેક્ટરો ચૂંટણીમાં વ્યસ્ત હોય તો વૈકલ્પિક વ્યવસ્થા કેમ ઉભી કરવામાં ન આવી ? શું આખા જિલ્લામાં લાયસન્સ ટેસ્ટ લઈ શકે તેવા અન્ય અધિકારીઓની અછત છે? કે પછી આ માત્ર આળસ અને જવાબદારીમાંથી છટકવા માટેનું ચૂંટણીનું બહાનું છે?

કચ્છની ભૌગોલિક સ્થિતિ જોતા ભુજ આરટીઓ પર કાર્યભાર વધુ રહે તે સ્વાભાવિક છે, પરંતુ આ કાર્યભારને પહોંચી વળવા માટે વ્યવસ્થિત પ્લાનિંગનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. જ્યારે સ્લોટ વધારવામાં આવ્યા ત્યારે જ તંત્રએ એ જોવાની જરૂર હતી કે આગામી સમયમાં ચૂંટણીઓ આવી રહી છે, તો સ્ટાફનું મેનેજમેન્ટ કેવી રીતે કરવું. 'કચ્છ ઉદય' દ્વારા આ ગંભીર બેદરકારીને ખુલ્લી પાડવામાં આવી છે ત્યારે હવે જવાબદાર ઉચ્ચ અધિકારીઓએ આ મામલે તુરંત હસ્તક્ષેપ કરવાની જરૂર છે. માત્ર સ્લોટ વધારી દેવાથી પ્રશ્ન હલ થતો નથી, પણ તે સ્લોટ મુજબ લોકોને સેવા પૂરી પાડવી એ તંત્રની નૈતિક જવાબદારી છે.

અનુસંધાન પાના નં.૫ પર



## "માં"ને હૃદયભિની શ્રધ્ધાંજલિ

## સ્વ. પુરીબેન ખીમજીભાઈ ચંદે

(ઉ.વ.૯૭) સ્વ. તા. ૧૫/૦૪/૨૦૨૬
મુળ ગામઃ પલાંસવા, હાલે ભુજ.

ધરતી પર માં સૌથી અમુલ્ય શબ્દ છે,
તેમના જવાથી ઉભા થયેલા ખાલીપા ને કોઇ ભરી શકતું નથી.
તેમનું સત્સંગમય જીવન અને તેમના આશિર્વાદ અને
પ્રેરણા અમારા જીવનની પ્રગતિને પ્રેરણા સ્ત્રોત બની રહેશે.
ભગવાનશ્રી સ્વામિનારાયણ તથા કુળદેવી શ્રી માં ચામુંડા
તેમને મોક્ષ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

સ્વ. ભચીબેન ચત્રભુજભાઈ નરસંગભાઈ ચંદે (સાસુ-સસરા) | પ્રવિણભાઈ ખીમજીભાઈ ચંદે (પુત્ર)
સ્વ. ખીમજીભાઈ ચત્રભુજભાઈ ચંદે (પતિ) | સ્વ. વિનોદભાઈ ખીમજીભાઈ ચંદે (પુત્ર)
ધીરજલાલ ખીમજીભાઈ ચંદે (પુત્ર ) | સુરેશભાઈ ખીમજીભાઈ ચંદે (પુત્ર)

કાન્તાબેન, કૈલાશબેન, મંજુલાબેન, પુષ્પાબેન (પુત્રવધુ )
પ્રફુલ્લાબેન સુરેશભાઈ રામાણી (દીકરી-જમાઈ)

સ્વ. અશોકભાઈ, બિપિનભાઈ, અલ્પેશભાઈ, જીગરભાઈ,
હર્ષલભાઈ, મિતુલભાઈ, વિવેકભાઈ, ચિરાગભાઈ- પૌત્ર
અલ્કાબેન, હેતલબેન, ભારતીબેન, દર્શનાબેન, ભુમિબેન, કવિતાબેન, વિણાબેન- પૌત્રવધુ
નયના, દર્શા, શિતલ, અંજના, કોમલ, અંકિતા, ભાગ્યશ્રી, બિના - પૌત્રી
જયદેવ, ક્રિષ્ના, માધવ, જાનકી, વેદાંત, ધ્રુવીલ, ધ્રુવ, કાવ્યા, વિવાન,
વિહાન, અથર્વિ, દિતી, નિત્ય - પરપૌત્ર-પરપૌત્રી

સ્વ. શિવલાલભાઈ, સ્વ. હરિલાલભાઈ, સ્વ. ચંદુલાલભાઈ (દિયર)
નરભેરામભાઈ, શંકરભાઈ, સ્વ. નવિનભાઈ, સ્વ. કિર્તીભાઈ, કનૈયાલાલભાઈ,
રસીકભાઈ, યોગેશભાઈ, હસમુખભાઈ, પ્રકાશભાઈ, હિતેશભાઈ (ભત્રીજા)
સ્વ. શાન્તાબેન, સ્વ. વાલુબેન, સ્વ. ગોદાવરીબેન (નણંદ)

:: પિયરપક્ષ ::
નાનજીભાઈ લાધાભાઈ ભિંડે (કીડીયા નગર) - પિતા
સ્વ. ગણેશભાઈ, સ્વ. વિરજીભાઈ (ભાઈ)
સ્વ. શાન્તાબેન, મણીબેન, દિવાળીબેન, અંબાબેન (બહેન)
ઉમેદભાઈ, વિશનભાઈ, સ્વ. મનોજભાઈ, સ્વ. દિલીપભાઈ, ચંદ્રકાન્તભાઈ, મનોજભાઈ (ભત્રીજા)

પ્રાર્થનાસભા પરિવાર તથા પિયરપક્ષ(બંને પક્ષની)
તા.૨૧/૦૪/૨૬, મંગળવાર,
સમય : સવારે ૧૦ : ૦૦ થી ૧૧:૦૦
બાદ જ્ઞાતિ રિવાજ મુજબ દશો રાખેલ છે.
સ્થળ : લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજવાડી, મિરઝાપર હાઈવે, ભુજ

પ્રથમ વર્ષ પુર્ણ કરી બીજા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન....

સંઘવી
મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ




NOVA TECH
MINERALS INDUSTRY
નોવાટેક મિનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ
સર્વે નં.૮, ગામ : પધ્ધર, તા.ભુજ-કચ્છ.

# અજાપરમાં પવનચક્કીનો પાર્ટ પડતા ગંભીર ઈજાઓથી યુવાનનું મોત

અંજાર - કચ્છ ઉદય :તાલુકાના અજાપર ગામે આવેલી ડી-ફેબ્રીક કંપનીમાં પવનચક્કીમાં કામ કરતી વખતે પવનચક્કીનો પાર્ટ ખંભા પર પડતા ગંભીર ઈજાઓ થવાના કારણે યુવાનનું મોત થયું હતું. અંજાર પોલીસ મથકેથી મળેલી વિગતો મુજબ આ બનાવમાં અજાપરમાં રહેતા ૨૪ વર્ષિય સંજયકુમાર દિલીપભાઈ પ્રજાપતિનું મોત થયું હતું. હતભાગી ડી-ફેબ્રીક કંપનીમાં કામ કરતા હતા અને ગઈકાલે બપોરે આ બનાવ બન્યો હતો. જેનાથી પરિવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. જિલ્લામાં અવાર-નવાર પવનચક્કીમાં આ પ્રમાણે દુર્ઘટના સામે આવે છે જે ચિંતાજનક બાબત છે.